


આકાશમાં ઊડતો ઘોડો





આકાશમાં ઉડતો

ચમત્કારી ઘોડો.

લેખકઃ—

પટેલ ડાહ્યાભાઇ ઉમેદભાઇની પાસેથી

સર્વ હક્ક ખરીદ કરી

છપાવનાર અને વેચનાર

કુંચનલાલ શાન્તિલાલ બ્રધર્સ.

ઠે. સ્વામીનારાયણના મંદીર પાસે—નડીઆદ.

પ્રત ૧૫૦૦. આવૃત્તિ ૪ થી. સં. ૧૯૮૭.

કીંમત આઠ આના.

અનુક્રમણિકા.

આ ચોપડી પાનકોરના નાકે "વાસુદેવ" પ્રીન્ટીંગ પ્રેસમાં
ઈશ્વરલાલ મોતીલાલે છાપી—અમદાવાદ.

સંપુર્ણ સુબોધક વાર્તા

આકાશમાં ઉડતો

ચમત્કારી ઘોડો

પ્રકરણ ૧ લું.

મહારાણીની ચીંતા.

તપ આદર્યું શ્રી શીવજીનું સંકટ ટળ્યું રાજન તણું
આનંદ ઉરમાં ઉપજ્યો, દીપાવ્યું શીવે આંગણું

વિંધ્યાચળ પર્વતની નજીકમાં રાણુકપુર નામે એક નાનું રાજ્ય આવેલું હતું ત્યાંના રાજા રાણુકદેવ અને તેમનાં ધર્મપત્નિ રાણુકદેવી હતાં. બન્ને જણાં ઈશ્વરભક્તિ તેમજ ગરીબો પ્રત્યે સારો ભાવ ધરાવતાં હતાં. સુખસંપતિનાં અનેક સાધનો હોવા છતાં કોઈ કોઇ દિવસ રાણી ચિંતાતુર બની જતાં તેમનો ઉદાસીન ચહેરો કોઇ વખત રાજાના જોવામાં આવતો નહિ. આથી રાજા તદન અજાણ હતા, એક દિવસ

રાજા કોઈ કારણસર અચાનક રાણીના એકાન્ત ભૂવનમાં આવી ચઢયા આ વખતે રાણી ઉદાસીન બેઠાં હતાં. તે રાજાના જોવામાં આવવાથી રાજાએ પૂછયું હે પ્રિય ? આજે આપના મુખપર ઉદાસીનતા છવાઈ છે તેનું શું કારણ ? રાણીએ કહ્યું. સ્વામીનાથ ! કંઈ નહિ આપના દર્શનના વિચારોએ હતી. ત્યાં આપ આવી ચઢયા; એટલે હવે ઉદાસીનતા રહીજ નહિ એમ બોલી કૃતિમ હાસ્ય મુખપર લાવી રાણી બીજી વાત પર રાજાનું ધ્યાન ખેંચવા લાગ્યાં ચતુર રાજા સમજી ગયો કે જરૂર આજે રાણી કાંઈ ઉંડા વિચારમાં છે. મુખપર હાસ્ય લાવે છે પણ અંતઃકરણ રડે છે.

હોહરો.

આગ અંતરમાં બળે ને, હાસ્ય મુખ પર લાવવું;
સત્વર જણાવો હોય જે, કારણ બન્યું શું જાણવું.
ઉદાસ આજ શાને છો, શા શોકમાં ડુબી ગયા,
આજ્ઞા ઉથાપી કોઈએ, તેથી શું ઉદાસી થયાં.

હે પ્રાણ પ્રીયે ? સત્વર જણાવો. શું કોઈએ તમારી આજ્ઞા ઉથાપી જો તેમ કર્યું હોય તો જણાવો કે તે પાપીને તેના પાપ કર્મની સજા કરૂં. આથી રાણી બોલ્યાં સ્વામીન્ ! આપની છાયા નીચે હું નિશ્ચિંત છું પ........ણ....
રાજા....રાણી પણ કહી કેમ અચકાઓ છો. શું કહેવાય તેવું નથી. જે હોય તે સત્વર કહો,

દોહરો.

જે હોય તે સત્વર કહો, ના શોક દીલમાં આણતાં
ગુન્હો હશે જેનો કદી, ના વાર લાગે મારતાં.
છાયા શીતળ મારી છતાં મમ મહેલમાં આ દુઃખ શું
સાચું જણાવો હોય જે તમ મુખ આજે આમ શું.

હે સતી સાધ્વી નારી ! તમે મુખ પર ગમે તેટલું હાસ્ય લાવો છતા અંતઃકરણ તો રડી રહ્યું છે. આથી નિરૂપાયે રાજાનો અતિ આગ્રહ જોઈ રાણીએ જણાવ્યું સ્વામિ ! આપને અખુટ લક્ષ્મિ હોવા છતાં તેનો વારસ થનાર આપના કર્મભાગ્યમાં ન હોવાથીજ આજે ઉદાસ છું.

દોહરો.

કરોડો માલ મિલ્કતને, હજારો મહેલને માળા;
નથી જ્યાં પુત્ર રત્ન ત્યાં, બધા એ આગ સમ લાળા.
નથી જે ઘર સંતાનો, સદા રહે વાંઝીયા મેણું;
પ્રભા ઉઠતાં કોઈ ન જુવે મુખ પણ તેવું.

આથી રાજા શોકાતુર બની ગયા. રાણી તેમાં આપણો નિરૂપાય છે. આપણાં કિસ્મતમાં તેમ હશે તો પછી આપણે શું કરીએ. હવે પુત્રની આશા નકામી છે.

દોહરો.

માનવી મનથી આદરે; કીરતાર ત્યાં ન્યારૂં કરે;
કર્મે લખેલું હોય તે, કોથી ના ટાળ્યું તે ટળે.

ભુંડું અગર કરવું ભલું, તે સૌ કીરતારને હાથ છે;
દુઃખ દરિયાથી ઉગારવું, તે તો પ્રભુને હાથ છે.

આમ વાર્તાલાપ કરી શોક સાગરમાં ડુબતાં રાજા રાણી વિખુટાં પડયા. પણ રાણીને વિચાર પુત્રનાજ આવ્યા કરતા હતા. આમ વિચારોમાં રાણી રાત્રે નિંદ્રાધિન થયાં, મધ્ય નિશાને સમયે રાણીને સ્વપ્ન આવ્યું. પોતાના ખોળામાં એક બાળક રમે છે. તે બાળકનું રૂપ જોઇ સર્વ કોઈ આનંદ પામતા. પુત્રના દર્શન કરવા આવતાં હતાં રાણીએ ઉંઘમાં પુત્ર પર વ્હાલ આવવાથી ઉભા થઈ હાથ લાંબા કરી લેવા માટે દોડયાં તો બત્તી હાથમાં આવતાં આંખ ઉઘડી ગઇ ને પોતે નિરાશ થઈ મુર્છાગત થયાં. આ બિના બીજે દીવસે સવારે રાજાના કર્ણ પર ગઈ. રાજાના મનમાં પણ થયું કે ખરેખર ? કહ્યું છે કેઃ—

છપ્પો

જે ઘર હોયના છોકરૂં તે ઘર હોય અંધારૂં,
જે ઘર હોય ન સુત, તે ઘર કહેવાય કપુત.
જે ઘર હોય ન તન તે ઘર કહેવાય ના જન,
જે ઘર હોય ન પુત્ર, તેનું નવ ચાલે સુત્ર.
પુત્ર વિનાના નર બધા વાંઝીયા લેખાય છે,
મુએ મોંઢું ના જુએ, વ્યંઢળ મહી લેખાય છે.

માટે લાવ જંગલમાં જઇ શિવજીની આરાધના કરૂં તો મારા ભાગ્યમાં લખાયેલું મ્હેણું ટળે. આમ વિચાર કરી રાજા રાણી પાસે રજા લઇ પુત્ર પ્રાપ્તિ માટે શીવજીની આરાધના કરવા જંગલમાં ગયા. શીવજીની ખરા અંતઃકરણથી આરાધના કરવાથી શીવજી પ્રસન્ન થયા ને બોલ્યા હે રાજન ? તારી ભક્તિ જોઈ હું તારા પર પ્રસન્ન થયો છું. " **માગ તારી શી ઇચ્છા છે.** "

શંભુ ? આપ સર્વ વ્યાપી છે, આપનાથી કંઇ અજાણ્યું નથી. આપ કૃપા કરી મારી ઈચ્છા પુર્ણ કરો. મહાદેવે કહ્યું જા તારી સ્રીને પુરા દસ માસે પુત્ર પ્રસવશે. તે મહા રૂપાળો ગુણવાળો અને સોળે કળા પુર્ણ પામી જગતમાં નામના અમર કરશે. તેના કાર્યોથી દેવતાઓ પણ તેને પોતાના ખોળામાં રમાડશે. આટલું બોલી શીવજી અંતરધાન થયા. ત્યારબાદ રાજા રાજ્યમાં પાછા આવ્યા. આ સુખ સમાચાર રાણીને જણાવ્યા, રાણી પણ ખુશ થયા ને આનંદમાં દિવસ નિર્ગમન કરવા લાગ્યાં. આમ કરતાં રાણીને દશમે માસે પુત્ર પ્રસવ્યો. શીવજીના કહેવા પ્રમાણે પુત્ર રૂપાળો પણ હતો. શીવજીએ આપેલો હોવાથી તેનું નામ **શિવદત્ત** પાડયું. આખા શહેરમાં આજે આનંદ પ્રસરી રહ્યો હતો. રાજાએ ઘેર ઘેર સાકરના પડીઆ મોકલાવ્યા ગરીબોને ભોજન આપી સંતુષ્ટ કર્યા. હવે શીવદત્ત દિન પ્રતિદિન

મોટો થવા લાગ્યો. તેની ઉમર સાત વર્ષની થઇ એટલે રાજાએ તેને નિશાળે મુકયો, નિશાળમાં માત્ર ધનાઢયના છોકરા છોકરીઓ સાથેજ ભણતાં. આ નિશાળમાં શહેરના નગરશેઠની પુત્રી નામે રૂપવતી પણ ભણવા આવતી હતી. બંને સાથેજ અભ્યાસ કરતાં હતાં, આમ કરતાં બન્નેની ઉમ્મર લગભગ પંદર વર્ષની થઈ હતી.

એક દિવસ બપોરના વખતે નિશાળમાં રજા પડી તે વખતે સર્વે ઘેર ગયા પણ શીવદત્ત અને રૂપવતી બહાર ન ગયાં. બંનેના વિચારો ધર્મને અનુસરતા હતા. આ બન્ને એકલાં હોવાથી રૂપવતીએ કુંવરની પરીક્ષા કરવા પુછયું, કુમારશ્રી શીવજીએ માથા ઉપર ગંગા રાખી છે તેથી ગૌરી ખેદ કરે છે છતાં શિવને કંઠે ગૌરી ચુંબન કરે છે તેનું કારણ શું? કુમારે જણાવ્યું. 'હે શેઠની પુત્રી, ગૌરી પોતાની શોકયના ભારથી ક્રોધે ભરાઈ શીવજીના કંઠમાં રહેલા નાગને ચુંબન કરી તેનું ઝેર ચુસી મરણ પામવા માટે ચુંબન કરે છે.' આવો સરસ પ્રત્યુત્તર મળતાં કુંવરી આનંદ પામી બોલી, હે કુમાર? આ સંસારમાં સદ્ગુણીને સદ્ગુણી મળે તોજ તેમનો સંસાર સુખમય બને. રાજકુમાર શેઠપુત્રીની વાત સમજી જવાથી તે બોલ્યો હે સેઠ પુત્રી કન્યા એ પરવશ છે. ને જો તેને પોતાના મન ગમતા સાથે તેનો સંબંધ જોડાય તોજ તે સુખી બને? નહિતર તેમનો સંસાર ઝેરમય બની જાય.

શેઠપુત્રી—તો કુમારશ્રી હું તો તમને વરી ચુકી છું. ને હવે તમેજ મારા શિરતાજ છો.

દોહરા.

સિરછત્ર સ્વામી આપ છો, માલીક મમ તનના તમે;
દાસી બની સેવી ચરણુ નીસદીન વર્તીશું અમે.
સુખ દુઃખમાં સાથે રહી, સંસારને શોભાવશું;
નિજ નામના અમર કરી નિજ કુળને દીપાવશું;

આમ બંન્નેની પ્રેમવાત ચાલે છે ત્યાં ટાઈમ પુરો થવાથી છોકરાઓ આવી પહોંચ્યા; એટલે હવે આ પ્રેમી જોડાંને વાર્તાલાપ કરવાનો વખત રહયો નહિ.

શેઠપુત્રી રૂપવતીએ પોતાની સખીઓને જણાવ્યું કે મેં આજે નિશાળમાં રાજકુમાર શિવદત્તને વરવા માટે વચન આપ્યું છે. તેથી આ વાત મારા માતા પિતાને સમયાનુસાર જણાવશો તેની સાહેલીઓએ આ ઉત્તમ હકીકત રૂપવતીના માતાપિતાને જાહેર કર્યું. તેથી તેના માતા પિતાએ હર્ષ સાથે માન્ય કરી એટલુંજ નહિ પણ પોતાની પુત્રીનું નાળીએર રાજાને ત્યાં મોકલાવ્યું. રાજાએ નાળીએર ઉમંગથી સ્વીકાર્યું ને ઘડીયાં લગ્ન લઇ પુત્રને પરણાવવા માટે લગ્નની તૈયારીઓ કરવા માંડી. શહેરમાં રોશનાઈ તથા અન્ય સારા દેખાવો કરવાના કંટ્રાકટો અપાયા. દેશદેશના રાજાઓને આમંત્રણુ મોકલાવ્યાં. વાંચક, ત્હને અહિં શંકા થશે કે રાજાએ એક રઈયતની પુત્રી સાથે લગ્ન કેમ કર્યું તો ધીરજ

ઘર તને હમણાંજ જણાશે. તે ધનાઢ્ય શેઠ તે કંઈ એજ નગરના વતની ન હતા. તે પર રાજ્યના હતા ને તેમની લક્ષ્મી રાજાના કરતાં પણ વીશેષ હતી. તેથી તેમને માટે કોઇ શંકા કરે તેવું ન હતું સાંજના ચાર વાગતાં વાજતે ગાજતે સ્વારી ચઢીને શેઠના ધામે આવી શેઠે પોતાની પુત્રીના ઉત્સવમાં મંડપ એવો તો શોભાવ્યો હતો કે જ્યાં ત્યાં સાચા હીરા માણેક મોતીથીજ શણગાર્યો હતો જોનાર માણસ બેઘડી ઇંદ્રભવનને પણ વીસરી જાય, ધામધુમથી લગ્ન થયાં કન્યાના બાંપ તરફથી કન્યાદાનમાં ૮૦ હજાર રૂપીઆનો મહેલને દર મહિને બે હજાર રૂપીઆ નોકર તથા ખર્ચ માટે બાંધી આપ્યા. કુંવર તરફથી રાજાએ પોતાના તાબાનાં પાંચ ગામ તથા દર મહીને ચાર હજાર રૂપીઆ ખર્ચ બાંધી આપ. હવે આ પ્રેમી યુગલનાં લગ્ન આનંદથી થયાં. સર્વેએ શુભ આશિર્વાદ આપ્યાં.

દોહો.

પ્રેમી યુગલ સુખે રહો, સંસારમાં સત ધર્મથી;
વિક્ષેપ ના પાડો કદી, અનીતિ તણાં કુકર્મથી.
શાન્તિ સદાસૌ સ્થાપજો, ઉરમાં અને બાહર વળી
આશીષ સર્વે સ્થાપીએ, રહેજો સદા સહુ હળીમળી

કહી સર્વેએ જયનાદ કર્યો પ્રેમી જોડાં તથા સર્વે લોક પોત પોતાને સ્થાને ગયા. તો વાંચક ચાલ હેવે શિવદત્તના પ્રસંગોને સંભાળી આપણી વાતો આગળ શરૂ કરીએ.

૨૫૮૭૫

પ્રકરણ ૨ જું.

સાધુ કે શેતાન.

જે જન મનથી આદરે, કરવા અન્યને હાણ;
ઓદે ખાડો તે પડે, નક્કી મનથી જાણ.

એક દિવસ પ્રભાતમાં શિવદત્ત તથા રૂપવતી બંને વાર્તાલાપ કરતાં આનંદમાં બેઠાં હતાં. ત્યાં એક દુષ્ટ વેશધારી સાધુ ત્યાં આવ્યો. તેણે કુમારને ઘણુાજ નીચા નમી પ્રણામ કરીને બોલ્યો. હે કુમારશ્રી ! મારી એક ઇચ્છા પુર્ણ કરવા માટે આપની પાસે આવ્યો છું. આપ વીર ધીર ને સત્યવાદી છો એટલે મારા મનની ખાત્રી છે કે મારી ઇચ્છા આપવિના પુર્ણ બીજાથી થઈ શકશે નહિ. આથી કુંવરે કહ્યું, યોગીરાજ આપની શી ઇચ્છા છે. જે હોય તે જણાવો, આપને મારાથી બનતી મદદ કરીશ. આથી પાપી પ્રપંચી ધુતારાએ જણાવ્યું કુમારશ્રી ! મારે આપની પાંસેથી ધન, ધામ કે જમીન કે જાગીર નથી જોઈતી. માત્ર આપની મદદની જરૂર છે. તે જો આપ આવી મદદ કરો તો મારૂં કામ નિર્વિઘ્ને પાર પડે.

શિવદત્ત–તે આપનું કાર્ય જાણ્યા પછીજ હું આપને કહી શકું.

યોગી–કુમારશ્રી, મેં વિશ્વ વશ કરવાનો મહા મંત્ર સાધવા માંડયો છે, તેમાં બત્રીસલક્ષણા પુરૂષની જરૂર છે, કારણ કે ભુત, ચુડેલ ડાકણ, સાકણ વિગેરે બત્રીસ લક્ષણા પુરૂષની ચોકીમાં પ્રવેશી શકતાં નથી. તો જો આપ આવી ત્યાં ચોકી કરો તો મારૂં કામ સિદ્ધ થાય તેમ છે. ને તે આ કાળી ચૌદસેજ સાધવાની છે માટે રાત્રે બાર વાગે જો શમશાન ભુમી પર આવો તો ઠીક.

દોહો.

નહી કામ એ કાયરતણું શુરવીર કેરૂં કામ છે,
બહાદુરને શુરવીરથકી,તમ નામ પણ વિખ્યાતછે.
મમ હૃદયની આ આશને, પુરી કરો તમ રાજવી,
આપી વચન મુજને તમે, શોભા વધારો તાજની.

કુમાર શ્રી–યોગીરાજ ? જાવ હું આપને મદદ કરીશ ? ને કાળીચૌદશને રોજ હું શમશાન ભુમીપર હાજર થઇશ.

દોહરો.

યોગી પળો ખુશી થઇ, બંધાયા કરવા કામને,
રક્ષા કરી પાળી વચન, ઉજવળ કરીશું નામને.
ચૌદસને દિન રાતના, શમશાનમાં મળશું અમે,
વિદ્યા સાધી તમ તણી, યશ માન મેળવજો તમે.

વચન લઈ યોગી ત્યાંથી વિદાય થયા:તેને ગયે થોડા વખત થયો હશે ત્યાં તેનો મિત્ર ચતુરસીંહ આવી પહોંચ્યો. એટલે કુમારે યોગીને આપેલું વચન કહી સંભળાવ્યું ચતુરસીંહે જણાવ્યું કુમારશ્રી તમે એ વચન આપવામાં મોટી ભુલ કરી એવા જોગટાઓને તો કદી આશ્રય આપીયેજ નહિ કારણ કે તેવાઓ તો ઉપરથી સાધુપણું બતાવે અને અંદરથી સેતાનીયતપણું ચલાવે છે. એવાઓ પ્રત્યે વિશ્વાસ કરવો તે કોઈને કોઇ વખત જાનની હાની કરવા જેવું છે.

દોહરો.

નીજ સ્વાર્થ પુરો પાડવા, સેતાન જુએ ના કદી;
કે અન્યનું બુરૂ થશે, તે ના વિચારે એ કદી.
સામા તણું ઉંધું વળે, તોયે જરા ડરતા નથી,
સેતાન! એવા સાધુઓ, કાં આજ તે મરતા નથી.

માટે એવા સેતાનોને ઉભાજ ન રહેવા દેવા જોઈએ. આથી કુમારને જણાવ્યું, પણ મિત્ર તેં તેને વચન આપ્યું તોયે શું; ને ન આપ્યું તોયે શું. આથી કુમારના મનમાં ગુસ્સો આવ્યો ને બોલ્યો? મિત્ર શું તું વચનની કીંમત એટલીજ સમજે છે. વચનને માટે જો પહેલાંના રાજાઓએ શું કર્યું.

વચન એકને કાજ, રામ જઈ વનમાં વસીયા,
વચન એકને કાજ, પાંડવો જુગાર રમીયા.

વચન એકને કાજ, હરિશ્ચંદ્ર નીચ ઘેર જઈ વસીયા
વચન એકને કાજ, તારામતીએ પાણી ભરીયાં.

શું તેમના વચનની કીમત હતી કે નહિ ! વચન એતો માણસ માત્રનું જીવન છે મનુષ્ય માત્રનું સુખનું સાધન છે, જેણે વચનને નથી પાળ્યાં તેની દશા જુઓ.

દોહરો

વચન પાળ્યું ના કૌરવોએ, રાજ્ય તણું નીકંદન કીધું,
વચન પાળ્યું ના અહલ્યા પુત્રે, દુઃખ શીરપર તો લીધું,
વચન પાળ્યું ના સુમતિ વિલાસે, નીચ વેશ્યા ધામે જઈ વસીયો
વચન પાળ્યું ના નળ રાજાએ, આચર સર્પ વનમાં ડસીયો.

બીજે દીવસે કાળી ચૌદશનો દિવસ હોવાથી કુમાર પોતાનાં હથીયાર સજી સમશાન ભૂમિપર ગયા. ત્યાં જોગીએ એક કુંડાળુ બનાવી પોતાને માટે બેસવાની જગ્યા બનાવી હતી, કુંવરને જોઇ યોગી બોલ્યા કુમારશ્રી આપને દેવ દાનવ હરકત ન કરે માટે આપની ચોટલી આ વડની મુળી સાથે બાંધવા દો. આથી કુમાર જવાબ આપ્યો યોગીરાજ ! તમો નિર્ભય રહો દેવકે દાનવ મારૂ નામ દેઈ શકનાર નથી, કારણ કે **સત્યથી દેવને દાનવો ડરે છે.** તમો તમારૂં કાર્ય કરે જાવ હું તલવાર લઇ આપની ચોકી કરૂં છું. આવો કુમારનો જવાબ સાંભળી યોગીએ વિચાર્યું કે કુમાર કાંઈ આમ ફસાય તેમ નથી માટે તેમને ગફલત ખવડાવીશ તોજ મારી શકાશે; એમ ધારી પોતાની સાધના

કરવા માંડી, અને મરેલા માણુસના મુખમાં હવન કરવો શરૂ કર્યો, તેની વિદ્યાના બળથી એક દુષ્ટ દેવી દાંત કકડાવતી ખાઉં ખાઉંના પોકાર કરતી હાથમાં ખડગ લઈ ત્યાં આવી પહોંચી. આવું દેવીનું ભયંકર રૂપ જોઈ રાજકુમારે પોતાની તલવારને ક્ષત્રીવટનું પાણી ચઢાવ્યું. ને પોતે ઘોર ગર્જના કરી બોલી ઉઠયો હે દુષ્ટ દેવી ? તું કોણ છે પ્રથમ મારી સાથે વાત કર ને પછી તારે જે કરવું હોય તે કર જો તું તે યોગીને મારવા ધારતી હોઉં તો તે આશા ત્યજી દે ને પ્રથમ મારી શમશેરની સરખામણી કર !

દોહો.

ક્ષત્રિ ઉભો છે રક્ષવા, તેને શું તું મારી જશે,
રક્ષણ કરૂં છું જેહનું તેનું શું ભક્ષણ તો થશે.
આશા ત્યજી તમ ઉરની, સીધાવા સત્વર ધામમાં;
નહી તો હણાશો આજ અહીં હેરાન થાશો રાનમાં.

આવી કુમારની બહાદુરી જોઈ દુષ્ટ દેવી પણ ડરી ગઈ ને ઘોર ગર્જના કરી યોગી પ્રત્યે બોલી “ **લાવ મારો ભોગ** ” આથી યોગી ક્રોધે ભરાઈ રાજપુત્રને કહેવા લાગ્યો મુર્ખ તું હજુ કેમ સમજતો નથી. હવે તું તારે હાથે તારૂં મસ્તક કાપી દેવીના ચરણમાં ધર કે જેથી દેવી સંતુષ્ટ થઇ તન સજીવન બનાવશે. ને તારા જગતના તમામ શત્રુઓ તને નમતા આવશે. ને તારૂં રૂપ સુરજના જેવું થશે. આવું સાંભળી ચાલાક કુંવર યોગીના મનની સઘળી વાત સમજી ગયો, ને લાલ નેત્ર કરી બોલ્યો. અરે દુષ્ટ જોગટા ? તું

એક ભીખારી ને હું રાજાનો કુંવર? તું દુષ્ટ છે માટે તને હણી આ દેવીને સંતોષી જગતનો ભાર દૂર કરૂં. જોગી આથી સમજી ગયો કે કુંવર હવે મને મારશે એટલે તેણે તલવાર કાઢી કુંવરના ઉપર ઘા કરવા ઉગામી, આથી કુંવર ગુસ્સે ભરાયો ને તે કુદકો મારી યોગીની ખાંધ પર ચઢી બેઠો. પણ જોગીએ વિદ્યાના બળથી તેને આકાશમાં ઉછાળી દીધો કે હવે તે જમીનપર પડી મર્ણ પાસશે પણ

દોહરો.

રાખણ વાળો રામ તો, થાય ન વાંકો વાળ;
જખ મારી ઝાંખા પડે, દુશ્મન હોય હજાર.

દુશ્મન હોય હજાર, આંચ નવ ઉન્ની આવે;
કળ બળ છળમાં તહે, ફરેબીમાં ન ફાવે.

તેની માફક "**જેને રામ રાખે તેને કોણ મારે**" ની માફક કુંવર આકાશમાં ચઢયો. આ વખતે આકાશમાં સૃષ્ટિ નીરિક્ષણ કરવા નીકળેલી ત્રીલોચના દેવીએ કોઈ મનુષ્યને જોઈ પોતાનો જાદુઇ ઘોડો તે તરફ દોડાવ્યો નજીક આવતાંજ ઘોડાને સુક્ષ્મ બનાવી કુંવરને પોતાની પાસે લઈ લીધો. પછી ત્રીલોચનાની નજર એકાએક પૃથ્વી પર પડી તો એક યોગીને હાથમાં ખડગ લઇ ઉભેલો જોયો તેથી દુષ્ટ જોગી ઉપર ત્રિલોચના ગુસ્સે ભરાઇ અને પોતાના બળ વિદ્યાના બળથી તેને બાળી ભસ્મીભુત કર્યો. બાદ કુંવરને લઈ પોતાના ધામ તરફ ચાલી તો વાંચક ચાલો હવે કુંવરને શું કરે છે.

પ્રકરણ ૩ જું.

મોહજાળ.

મોહ એવી ચીજ છે, જ્યાં ભલ ભલા ભુલા પડે;
પણ જ્ઞાનથી તરછોડતાં, તે ના કદી કો ને નડે.

શિવદત્તને લઇ દેવી પોતાના આવાસે આવી મૃત્યુ લોકનાં મનુષ્યને સ્વર્ગમાં દાખલ ન થવા દેવાનો હુકમ હોવાથી ત્રીલોચના દેવીએ પોતાની વિદ્યાના પ્રતાપે એક સોનેરી મહેલ બનાવ્યો. ને ત્યાં કુંવરને રહેવા માટે સ્થાન આપ્યું. એક દિવસ કુંવર પોતે બેઠો હતો ત્યાં ત્રીલોચના દેવી આવી ચઢયાં, તેમણે કુંવરને કહ્યું કે કુમાર ? હવે તમે અહી સુખેથી રહો. મારાં જે દાસ દાસીઓ છે તે આપનાજ સમજજો, તમારા રૂપ અને હોંશીયારી જોઈ હું તમારા ઉપર મોહ પામી છું. ને તેથી હું મારા ભાગ્યને ધન્ય માનું છું કે આજે હું ધણીયાતી થઇ, આ સાંભળી કુંવર બોલ્યા હે દેવી ! આપ તો માતા તુલ્ય છો. આપનામાં આવા શબ્દનો વાસ ન હોવો જોઇએ. તમે દેવ ગણત્રીમાં ગણાયા છતાં અમ જેવા મૃત્યુ લોકના મનુષ્ય ઉપર મોહ ધરાવે તો કેટલી

અજ્ઞાનતા તમોને જ્ઞાન રૂપી ત્રીજુ નેત્ર હોવા છતાં આમ ભુલ ભુલામણીમાં પડો તે આશ્ચર્યજ કહેવાય !

ત્રીલોચના કુંવરના આ શબ્દોથી ઉલટી વધારે મોહ પામીને બોલી કુમારશ્રી આપ ગમે તે કહો પણ હું આપને જોઈ કામબાણુથી હણાઇ છું, આપ મૃત્યુ લોકના મનુષ્ય નથી પણ દેવાંશી પુરૂષ છો, ઘણા માણસો આ સુખો પ્રાપ્ત કરવા માટે જપ, તપ, ધ્યાન ધરી ધરી પોતાના દેહને પાડે છે છતાં આ સુખો મેળવી શકતા નથી તો આપને વિના મહેનતે લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે કપાળ ધોવા જાવ છો તે તમે ભુલ કરો છો. હું આપની દાસી બની આપના ચરણ સેવી આપના તહેનાતમાં હાજર રહીશ.

દોહરો.

સ્વર્ગીય સુખને પામવા, વૃથા પ્રયત્નો આદરે,
જપ, તપ, અને ઉપવાસથી, નીજ દેહને રોજે દમે
છતાં ન દેખે સ્વર્ગને, તો તો સુખોની આશ શી,
આખર મરીને ખાખ થાતા, પામે મરણ નીરાશથી.

આવાં વાક્યો સાંભળી કુંવર બોલ્યો.

દોહરો.

દેવી સુણો મમ વાત આ નથી આશ સ્વર્ગીય સુખની
કુદરત તણો છે કાયદો; કે તડકા પછી હોય છાંયડી,

વિષય મહી અંધો બનું, એ નર નહીં હું વીર છું;
ધર્મે પણ સત ધર્મથી, એવો હું રણધીર છું.

દેવી તમે તમારૂં કર્તવ્ય ચુકો છો તમારે તો અમારા જેવાં પ્રાણીઓને ઉપદેશ આપી સંસારની મોહ જાળમાંથી છોડાવવાં જોઇએ તે તો ભુલી જઇ ઉલટાં તમોજ મોહજાળમાં ફસાઓ છો આ કેવું આશ્ચર્ય જનક? આવાં કુંવરનાં નીતિમય વચનો સાંભળી દેવી બોલ્યાં હે કુમાર? હું ભુલી આપના સદઉપદેશે મારા વિવ્હળ મનને શાન્ત કર્યું છે. આજથી તમો મારા ધર્મના ભાઈ છો ને હું તમારી બેન છું. આમ સંવાદ ચાલી રહ્યો હતો ત્યાં કોઇનો મીઠો ધ્વની કુમારના કર્ણપર અથડાયો. એટલે કુમારે પુછયું દેવી? આ મધુર સુર કયાંથી આવ્યો? દેવીએ કહ્યું-હે ધર્મવીર? અહીં એક ચંદ્રા નામની અદભુત ગુફા છે ત્યાં એક યોગી ચાર માસથી આવી વસેલા છે. તેઓ લોકોને શાસ્ત્રનો ધર્મ ઉપદેશ કરે છે. આથી કુંવર ત્યાં ગયો. ગુરૂનો ઉપદેશ સાંભળી કુંવર રાતવાસો ત્યાં રહ્યો ને પ્રભાતે ગુરૂને પ્રણામ કરી જંગલમાં ચાલતો થયો, પોતાના ધર્મવીરને જતો જોઈ દેવી ત્રિલોચનાએ તેને કહ્યું ભાઇ? આ મારી આપેલી ચીજ તારી પાસે રાખજે ને જ્યારે સંકટ પડે ત્યારે મને યાદ કરજે કે હું આવીને મદદ કરીશ. કુંવર ત્યાંથી નિકળી જંગલમાં ચાલવા લાગ્યો ચાલતાં ચાલતાં તે એક સરોવર નજીક આવ્યો ત્યાં

આગળ બે કન્યાઓ કુમારની નજરે પડી કુંવરે વિચાર કર્યો કે ખરેખર સ્વર્ગમાં એક એકથી ચઢે તેવા સૌંદર્યની પ્રતિમાઓ વસે છે. આ બન્ને કુમારીકાઓ આપસ આપસમાં લઢતી હતી. તેમને કુંવરે કહ્યું કે હે બાળીકાઓ તમો શા માટે વીખવાદ કરો છો? ત્યારે એકે કહ્યું કે જેનું નામ ગુણવતી હતું, હે યુવાન પુરૂષ ? હું જાતની લુહારની કન્યા છું મારૂં નામ ગુણવતી છે મારા પતિ ઘણા વિદ્વાન ને કારીગર છે જેથી તેમનું દરબારમાં પણ માન સારૂં છે આ સાંભળી કુંવરે જણાવ્યું તારો પતિ કઈ કારીગરીમાં પ્રવિણ છે તે જણાવીશ. એટલે ગુણવતી બોલી ? મારા પતિનું નામ વિદ્યાધર છે તે એક લોખંડી મનુષ્ય બનાવે છે કે તે મનુષ્ય ઉંચે આકાશમાં ઉડી શકે છે ને સમુદ્રમાંથી સાચાં સોતી વીણી તરતજ ઉપર આવે છે. આ સાંભળી કુંવરે બીજી કન્યાને પુછયું હે કુમારી ! હવે તારે શું કહેવું છે એટલે બીજી કન્યા કે જેનું નામ શાન્તા હતું.તે બોલી હે પુરૂષ? મારા પતિ જાતે સુથાર છે તે લાકડાનો એક ઘોડો બનાવે છે કે જે આકાશમાં ઉંચે ચઢી જ્યાં જવું હોય ત્યાં એકજ પળમાં જઇ પાછો આવે છે. તેમાં મુખ્ય કારીગરી એ છે કે તે ઘોડો એટલો મોટો બની શકે છે કે ત્રીશ ચાલીશ માણસ ખુશીથી તેમાં બેસી સફર કરી શકે ને એટલો સુક્ષ્મ બનાવી શકાય છે કે તેના ઉપર એક માણસ પણ બેસી સફર કરે. કહો હવે અમારા બન્નેમાં કોણ ચડે.

કુંવરે બન્નેને યોગ્ય ન્યાય આપવો ધારી કહ્યું હે બાળાઓ તમારા બન્નેના પતી કારીગરીમાં સરખા છે. ન્યાતમાં મોટા નાની હો તે જોવાનું નથી પણ મારી ઇચ્છા તમારા દેવોની કારીગરી જોવાની છે માટે જો હરકત ન હોય તો હું સાથે આવું. બન્ને બાળાઓએ કુમારને સાથે લીધો પ્રથમ માર્ગમાં લુહારનું ઘર આવ્યું એટલે સુથારની કન્યા વિખુટી પડી ને કુમાર લુહારની કન્યા સાથે લુહારના મકાનમાં ગયો આ વખતે લુહાર ઘરમાં હતો. પોતાને ત્યાં આવો દેવાંશી પુરૂષ આવ્યો જાણી તેમની આગતા સ્વાગતા કરીને પુછયું કે દેવાંશી પુરૂષ ! મુજ સરખા રંકને ત્યાં પધારી આભારી કર્યો તો જણાવશો મારા સરખું આપનું કામકાજ આથી કુંવરે જણાવ્યું. હે કારીગરોમાં શ્રેષ્ટ કારીગર આપની કારી ગરીની વાત આપની કન્યાના મુખથી સાંભળી આપની કારીગરી જોવા આવ્યો છું. લુહારે ખુશ થઇ એક લોખંડી મનુષ્ય બનાવ્યું કે જેની અંદર બે માણસથી વધુ બેસી ન શકે મનુષ્ય તૈયાર થયું એટલે કુમાર અને લુહાર બન્ને અંદર બેસી આકાશ માર્ગે ગમન કરવા લાગ્યા તે એક સમુદ્રના મધ્ય ભાગમાં આવી પહોંચ્યા એટલે લુહારે એક ચાંપ દાબી ચાંપ દાબતાંજ તે મનુષ્ય સમુદ્રને તળીએ ઉતરી પડયું ને બેજ મિનિટમાં પાછું ઉપર આવ્યું બીજી ચાંપ દાબતાંજ મનુષ્ય આકાશ માર્ગે ઉડી મકાન તરફ વળ્યું

મકાન પર આવ્યા બાદ તેનાં મુખમાંથી લુહારે સાચાં મોતી કાઢયાં તો લગભગ દશેર વજન જેટલાં મોતી નીકળ્યાં. આ કારીગરી જોઈ કુમાર આનંદ પામ્યો. પણ આ મનુષ્ય દરિઆઇ મુસાફરી સિવાય કામ લાગે નહિ. કુમારે લુહારને પુછયું તમે આ કારીગરી કયાંથી શીખ્યા એટલે લુહારે કહ્યું કે સિદ્ધ નામની દેવીની આરાધના કરી ત્યારે તેમણે મને આ વિદ્યા શીખવાડી છે. પણ રાજાના ડરથી હું કામ કરી શકતો નથી. આ સાંભળી કુમાર ત્યાંથી વિદાય થયો.

પ્રકરણ ૪ થું.

જળક્રીડા.

—:—

રમત ગમતને કારણે, જોગીણી આવી સરવરે;
નીરખી ચીર હરણ થયાં, જોગીણી સર્વે, ટળવળે.

ગત પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે કુમાર લુહારને ત્યાંથી નીકળ્યા. માર્ગમાં રાત્રી પડી ગઇ પણ કુંવર નિડર બની જંગલમાં ચાલ્યો જતો. માર્ગમાં એક વિશાળ વડ આવવાથી તે વિસામો કરવા માટે બેઠો. આવી અંધારી રાત્રી

હોવા છતાં કુંવર નીડરપણે વિશ્રામ લેવા બેઠો. કહેવત છે કેઃ—જાગે સો જુએ અને ઉંઘે સો ખુએ ની માફક કુંવર જાગતોજ ભવિષ્યના વિચારો કરતો બેશી રહ્યો. રાત્રી સમસમાટ ચાલતી હતી. તેવામાં બે પુરૂષો તેની નજીક આવી પગે પડયા. તેમને ઓળખી ન શકવાથી કુંવર બોલ્યોઃ—

કોણ છો બાળક તમે શા માટે વનમાં તમ વસો;
ઉજડ વેરાન જંગલે, શા દુઃખથી આવી વસો.
છે બાળ વય દીસે વળી, શુરવીર કેરા બાળ છો;
સાચું જણાવો સત્વરે, કે રાક્ષસી સરદાર છો.

આ સાંભળી બન્ને બોલ્યા.

દોહરો.

કુમાર અમ રાજન તમો, સરદાર તમ તો અમ છીએ;
શોધમાં થાકી ગયા, અમ દાસ સેવક તમ છીએ.

આ સાંભળી કુંવરે પોતાની પાસેનું જાદુઈ ફાનસ કાઢયું ફાનસમાં એવી કરામત હતી કે ચોર લુંટારો ઢોંગી તે ફાનસ વાળા પાસે આવી શકેજ નહિ કારણ કે આવતાં સાથેજ તે મુર્છા ખાઈ જમીન પર પટકાઇ પડતું. ફાનસનું અજવાળું આ બન્નેના ઉપર પડયું પણ તેઓને કંઈ થયું નહિ આથી કુમારે સાફ અજવાળું તેમના ઉપર ફેકયું. તો પોતાના શીપાઇઓને ઓળખ્યા. એટલે પુછયું, કેમ ભાઈ, અત્યારે તમો

અહીં કયાંથી આવી ચઢયા, સીપાઈઓએ જવાબ આપ્યો કુમારશ્રી આપના ગયા બાદ અમોને માતાજીએ આપની શોધ-ખોળ માટે મોકલ્યા હતા. કારણ કે તેઓ આપનાં દર્શન વિના અધીરાં બની ગયાં છે. અમો શોધી થાકી ગયાં.પણ આપનો પત્તો ન લાગવાથી અહીં આરામ માટે આવતા હતા. ત્યાં અમારી પાસેના ફાનસના અજવાળાથી અમો આપને ઓળખી શકયા.

આમ એકમેકનો વાર્તાલાપ ચાલી રહ્યો હતો ત્યાં તે ઝાડ પર દેવતાઈ નામનું જોડું વિશ્રામ કરવા આવ્યું દેવતાઈ પક્ષીની સ્ત્રીએ પુછયું સ્વામી ? આ ઝાડ નીચે સુતેલા ત્રણેના જીવ એક હશે ? દેવતાઈ પક્ષીએ પોતાની સ્ત્રીને કહ્યું હે સ્ત્રી ? આ વચ્ચે સુતેલો તે રાજાનો કુંવર છે ને આજુબાજુ તેના બે મિત્રો છે. તે બે મિત્રો હાલના જમાનાના છે તેને સંકટ સમયે રખડતો મુકી ચાલ્યા જાય તેવા છે, જો તારે તેમની કસોટીકરવી હોય તો હમણાંજ હુંઆ વાઘને તેમના તરફમોકલું છું. જો પછી ખરો મિત્ર કોણ છે. એટલામાં સુર્યોદય થયો. સર્વે ઉઠયા ને દંતધાવન કરવા જવા તૈયાર થયા. ત્યાં એક જીવલેણ વાઘને જોયો. વાઘને જોઈ જેમ કુતરૂં પુંછડી બે પગ વચ્ચે ઘાલી ભાગે તેમ આ બન્નેએ નાસવા માંડયું.માત્ર રાજ-કુમાર નિડરપણે પોતાના હથિયાર સંભાળી ઉભો થયો.

દોહરો

જે હોય કેશરી બાળ તે શીયાળથી ડરતો નથી
સંતાન સીંહનો હોય તે ડગ પાછું કરી ભરતો નથી
હું કેશરીનો બાળ છું તે શું શિયાળથી હારી જશે
ના ના સમજજો તો જરૂર પૃથ્વીતણો પ્રલય થશે.

આમ બોલતો એકજ બાણુના પ્રહારે વાઘને મારી નાખ્યો વાઘના મરણ પામ્યા બાદ તે પોતાના મિત્રોને આમતેમ શોધવા લાગ્યો પણ કાંઇ પત્તો લાગ્યો નહિ આથી વિશ્રાન્તિ લેવા તે પાસેના જક્ષના દેવળમાં ગયો ને જક્ષની સ્તુતિ કરી સુઈ ગયો સુતાં સુતાં વિચાર કરે છે કે વૃક્ષ ઉપરના દેવ પક્ષિનું અક્ષરશ સત્ય છે.

દોહરો

મિત્ર જગમાં લાખ છે, ખાનાર તે સૌ સ્વાર્થના
સંકટ સમયે સાથ ના દે તે મિત્ર શા છે કામના
ખાવા સઉ ટોળે મળે ખવડાવતાં મોઢું ચઢે
આવી પડે જયાં શીર પર ઉલટા તે સામા થઇ લઢે

તેની માફક આ મારા મિત્રો છે પણ હવે તે બીચારા ક્યાં ગયા હશે તેમની તપાસ તો મારે કરવી જોઈએ.

એટલામાં તે તળાવ ઉપર ચોસઠ જોગણી જળક્રીડા કરવા માટે આવી પહોંચી, દરવાજાનાં બારણાં બંધ હોવાથી

બહારથી નમન કરી પોતાનાં વસ્ત્ર તથા ઘરેણાં કાઢી જળમાં પડયાં આ સર્વેને જોઇ કુમાર આભોજ બની ગયો ને વિચારવા લાગ્યો કે આ કોઈ ઇંદ્રના દરબારમાંથી વિખુટી પડી ગયેલી અપ્સરાઓ હશે. લાવ જરા તેમની પરીક્ષા કરૂં એમ ધારી તેમનાં મુકેલાં વસ્ત્રો તથા ઘરેણાં લઈ મહાદેવના દેવળમાં અંદર પેસી ગયો. જળક્રીડા પુરી થતાં સર્વે જોગણીઓ બહાર આવી પોતાનાં વસ્ત્રો ન જોવાથી તે વિચારવા લાગી. તેમાંથી એક જોગણી બોલી.

દોહરો

છે કોણ દાનવ દૈત્ય કે, મરજાદા લુંટાવા આવીયો,
તાકાત નહીં એ મનુષ્યની છે કોણ એવો પાપીઓ
સત્વર જણાવો હોય જે, છે કોણ છુપો માનવી,
નહિ તો દઉં છું શ્રાપ હું, ખ્વારી થશે તુજ જાનની

પોતાની નગ્ન અવસ્થા હોવા જતાં દેવળની ચારે બાજુ પરકંમા કરી બોલ્યાં હે જક્ષ અમોને અમારાં મનવાંચ્છિત વર આપશો. ત્યાં બીજી બોલી અલી બ્હેન જુઓછો શું તેને બાંધી રૂંધી ઉંધે મસ્તક સમુદ્રમાં ફેંકી દોને ? વળી બીજીઓ બોલી કે એને સીંહના મુખ આગળ મુકો. તો કેટલીક કહે તેને બાળી મુકો એટલામાં એક વિધાધરની પુત્રી કે જેનું નામ ચંપકમાળા હતું તે બોલી બેનો તમે સર્વે નકામા તર્ક મુકી દો. હું વસ્ત્રોના ચોરને હમણાંજ પકડી કાઢું છું

આમ બોલી તેણે ઉચ્ચારવા માંડ્યું. હે સજ્જન પુરૂષ અમારાં વસ્ત્ર ઘરેણાં લઈ મંદિરમાં પેઠા છો તે જો અમોને નહિ આપો તો મરણને શરણ થશો, તમારા જેવા સજ્જન પુરૂષોને આમ કરવું અયોગ્યજ ગણાય કારણ કે—

સજ્જન જન કદી ના કરે, અણઘટતું કંઇ કામ;
દુરીજન દુર્ગુણ ના તજે, જગમાં થતાં બદનામ.

આ સાંભળી દેવળમાંથી કુંવર બોલ્યો હે વિદ્યાધર કન્યા તમો વિના જોયે કોઇને ગળે પડવાથી વસ્ત્રલંકાર નહિ મળે કોણ જાણે કોણ લઈ ગયું હશે ? આથી ચંપકમાળા બોલી, હે ઉત્તમ પુરૂષ સીંહસમા માણસજ અમારાં કપડાં લઈ શકે શીયાળ જેવાનું તો કામજ નહિ. અમે આપને વધુ શું કહીયે અમારે તો **રાત થોડી ને વેશ ઘણા** કરવાના છે. હમારે ઘણે દુર જવાનું છે. આથી કુંવરે હરેકનાં વસ્ત્ર આપી દીધાં ને કહ્યું તપાસી જોજો હવે હું જાઉં છું કુમારની બહાદુરીને તેની ચાલાકી જોઈ વિદ્યાધરની કન્યાએ તેને તલવાર તથા કંચવો આપ્યાં ને કહ્યું, આ તલવારથી તમો જ્યાં જશો ત્યાં વિજય પામશો ને આ કંચવો જે પહેરશે તે સોળ વર્ષની સુંદરી બની જશે. તે લઈ કુંવર આગળ ચાલ્યો તો એક શુમશામ નગર તેની નજરે પડ્યું કોઈ મનુષ્યનું નામ નહિ તેમજ હરેકનાં મકાનો દુકાનો સુનાં જણાયાં તે ચાલતો ચાલતો છેક રાજમહેલ નજીક આવ્યો તો ત્યાં કુતરાં

બીલાડાં, મરઘડાં, માંકડાં વગેરે અનેક ઘણાં પશુપક્ષીઓ પેરા ભરતાં હોય તેમ ભાસ થયો છતાં કુંવર અંદર પ્રવેશ્યો ન તે જોતો જોતો સાતમે માળ ગયો તો ત્યાં એક સુંદર પલંગ નજરે પડયો તે પલંગ ઉપર એક મંજાર (બીલાડી) બેસી રહી હતી કુંવરને વિચાર થયો કે આવડા મોટા મકાનમાં વળી સાતમે માળ એકલી પલંગમાં આમ બીલાડી બેસી રહે તે કંઇ ભેદભરેલું હોવું જોઇએ માટે લાવ વિદ્યા-ધરની પુત્રીએ આપેલા કંચવાનો ઉપયોગ કરી આ બીલાડીને પહેરાવું ને સત્ય હકીકત જાણી લઉ. એમ વિચાર કરી તે પલંગ નજીક ગયો. તો બીલાડી આનંદિત થતી જણાઈ એટલે કુંવરે કંચવો પહેરાવ્યો તો તરતજ સોળ વર્ષની સુંદરી દેવાઈ રૂપ જેવી બની ગઈ. તેને કુમારે પુછ્યું હે સુંદરી ! આ નગરમાં મનુષ્ય જણાતું નથી તેનું કારણ શું એટલે કુમારીએ સર્વ વાત જણાવી, ને કહ્યું કે આ નગરનું નામ કનકપુર છે અહીંનો રાજા કનકસીંહ રાજ કરે છે તેને સાત રાણીઓ હતી. તેને સંતાનમાં એક પુત્રી હતી કે જેનું નામ રત્નમાળા હતું ને તે હું પોતેજ છું આથી કુંવરે જણાવ્યું કે તમારી આમ દશા થવાનું કારણ શું એટલે કુંવરીએ જણાવ્યું તો વાંચક ચાલ તું પણ એક ચિત્તથી કુમારીકાની વાત સાંભળઃ—

પ્રકરણ ૫ મું.

માયાવી રાક્ષસ.

માયાવી બની ક્રૂર રાક્ષસ, વાચ્છના પુરી કરે,
આયુષ્ય દોરી ખુટતાં, વિણુ મોતથી હાથે મરે

હે કુમાર આ શહેરના જંગલમાં એક યોગી મહાત્મા આવી વસેલા હતા તેમણે તપ અને ઉપવાસ ઘણા દિવસ સુધી કર્યા નગરના લોકો તેમના દર્શનનો લાભ લેવા જતા આખા નગરમાં તેમની આબરૂ સારી વધી હતી, મારા પિતા અને હું પણ દર્શનાર્થે ત્યાં ગયા યોગીની વાત પરથી મારા પિતાને વિશ્વાસ બેઠો ને તેમને રાજમહેલમાં બોલાવ્યા તેમને કહ્યું હુરૂજી **આપકી જો ઇચ્છા હો સો માંગના** આથી એ યોગી વિચાર કર્યા વિણુ એકદમ બોલી ઉઠયા. દેખ રાજન જો તું હમકુ દેના મંગતા હો તો હમકો વચન દે. રાજાએ વચન આપ્યું એટલે દુષ્ટ વાંચ્છના તૃપ્ત કરવા તેણે કહ્યું હે રાજા તારી પુત્રીનું પાણીગ્રહણ મારી સાથે કરો ? આથી રાજા ગુસ્સે થયો ને બોલ્યો જોગટા ? દુષ્ટ ? તારા મુખમાં આ શબ્દો ખરેખર તું કોઈ મનુષ્ય નથી પણ રાક્ષસ છે.

દોહરા

સેતાન સાધુ રૂપમાં, ના હોય સાચો યોગી તું
શું કરૂં તું બ્રહ્મ છે, ના આજ અહીંથી છોડું હું.
જો આશ જીવવા હોય તો, હઠ છોડીને આજે જજો
નહિ તો પ્રભાતે મર્ણ થા છે, ફાંસીનો એ માંચડો

જાવ સિપાઇઓ આ દુષ્ટ જોગટાને અત્યારે કારાગ્રહમાં પુરો ને સખ્ત જાપતો રાખો કે દુષ્ટ નાસવા ન પામે આથી યોગી બોલ્યા.

દોહરા

હમણાં વચન આપ્યું મને, તે આપ શું વીસરી ગયા
રાજા થઈ અવગુ વદી, શાને પ્રપંચી તો થયા
હરિશ્ચંદ્ર વચન માટજો, રાણી સહીત વનમાં ગયા
એવા અનેક છે દાખલા, જુવો તે પૂર્વે, થઇ ગયા

માટે રાજન પ્રથમ વચન યાદ કરો ને આપ મને કહો આમ ઉલટી સ્વાર્થવૃત્તિ સાધવા રાજાને ક્રોધ રૂપી આગ વર્ષાવનારાં વચન કહયાં તેથી રાજા ગુસ્સે ભરાયા ને બોલ્યા.

દોહરા

હરિશ્ચંદ્ર સામે યાચનાર, તે તો મહા જ્ઞાની હતા,
નહિ કે હતા તે તુજ સમા, જોગટા ને ભામટા
સર્વે ત્યજી સાધુ બન્યો, તોયે ગયોના મોહ તુજ
તો આજ પુરો હું કરૂં. ઉતારૂં સર્વે મોહ તુજ.

સીપાઇઓ જાવ તે દુષ્ટને ફાંસીને માંચડે લટકાવો, સીપાઇઓએ તેને ફાંસી દીધી. ત્યાર બાદ તે મરણ પામેલો યોગી રાક્ષશ રૂપે અવતર્યો ને આ નગરમાં પોતાનું વેર વાળવા આવી રહ્યો પોતાની વિદ્યાથી નગરનાં તમામ માણસોને અન્ય યોનીમાં દાખલ કરી મને મંજાર બનાવી બહાર ચાલ્યો જાય છે. આજે તેની સાથે મારાં લગ્ન કરવાનો વાયદો છે માટે તે સામાન લેવા મને ચાર ઘડીનો વાયદો કરી ગયોછે. તે હમણાં આવશે, માટે હાલ તમો આ પુષ્પના ઢગલામાં સંતાઈ જાઓ, એટલામાં રાક્ષસ આવ્યો, અને પલંગની બાજુમાંથી સોનેરી દાબડી કાઢી તેમાંથી સફેદ અંજન કાઢી તે મંજારને આંજતાંજ સોળ વર્ષની રંભા બની ગઈ. પછી તેણે કહ્યું હે સુંદરી ! હવે મારૂં પાણીગ્રહણ કરી સંસાર સુખો ભોગવ, પણ એટલામાં એકદમ લાલ નેત્ર કરી બોલ્યો. હે રાજપુત્રી ? અહીં મનુષ્ય કેવું ! આથી કુંવરીએ જવાબ આપ્યો મુર્ખના સરદાર ! આંહી મનુષ્ય કેવું હું પોતેજ મનુષ્ય છું મારી સુગંધ તો ખમી શકતો નથી. તો મારી સાથે સુખ કેમ કરી ભોગવી શકીશ. આમ બોલી સ્ત્રી ચરીત્ર કરવા માંડયાં અરેરે ! પ્રભુ મારી શી દશા દુધ પાઇને સાપ ઉછેરૂં પણ આખરે ડસવાનો તો ખરો ! મારે તમારી પ્રીતી શા કામની ! જેમ વાઘને બકરીની પ્રીતિ હોય તેવી તમારી પ્રીત. વળી પરાણે પ્રીત થતી હશે કે—

દોહરા.

દીઠાં મરે જેનાં નહિ, માર્યા વળી મરનાર શું;
જે હોય તે સત્વર જણાવ, કે શા વિચારે આજ છું
કામી બની મદાંધ થઇ, અત્યાચાર આ શા આદર્યા
સમજી જરૂર તું આજજો, કે દીન આજે તુજફર્યા.

રાક્ષસ આથી ચિઢાયો ને બોલ્યો હે સુંદરી! તું આજે આ શું બોલે છે, ગાંડી તો નથી થઇને !

દોહરા.

ગાંડી બની ઘેલી બની કે, શું મદદ તુજને મળી,
કે આજ શબ્દો આ વદી, વીણુ મોતથી જાશે મરી.
છે કોઈ બળીઓ તો નહિ, કે મુજને મારી જશે,
જરૂર આજે મદદ છે, નહિ તો નહિં આવું વદે.

તો જો હવે મારી સામે વદવાનું પરિણામ એમ બોલતો તેને મારવા જતો હતો. ત્યાં ફુલની નીચેથી છલંગ મારી રાજકુમાર બોલી ઉઠયો. સબુર કર! ઓ પાપી! તારા પાપી હાથ ન લંબાવીશ!

દોહરા.

ના પાય આગળ તું ભરીશ, આજે મરણુ તારૂં થશે;
સંતાપમાં આ બાળાને, તું સ્વર્ગમાં ચાલ્યો જશે.
છોડું નહિં તુજને કદી, બદલો ખરો આપુ તને,
આ કૃત્ય તારૂં જોઇને, છે દાઝ દીલમાં તો મને,

એમ કહી તે રાક્ષક્ષને મારવા માટે તલવાર ઉગામી ત્યાં તાડનું સ્વરૂપ ધારણ કરી કુમારને મારવા દોડયો; કુમાર આ માયાવી રાક્ષસનું સ્વરૂપ જોઈ કુંવરે જાણ્યું કે રાક્ષસ દેવમાયા છે એટલે તેણે ત્રીલોચના દેવીનું સ્મરણ કર્યું. તરતજ દેવી હાજર થયાં દેવીને જોઇ રાક્ષસ નાસવા જતો હતો તેને અટકાવી દેવીએ કહ્યું:—

દોહરો.

કાળમુખા કાળ તેં આ, શા પ્રંપચો આદર્યા,
સંતાપવા ભોળી તનયા, શા માર્ગ તેં તો આદર્યા.
છોડું નહિ તુજને હવે, જગમાંથી ટાળું આજ હું
દઉં શ્રાપ હું તુજને વળી, થા ખાખ અહીંયાં આજ તું.

કહેતાં વારમાંજ રાક્ષસ બળી ભસ્મભુત થયો બાદ કુંવરે કહ્યું બેન! આપને તસ્દી આપી તે માટે ક્ષમા ચાહું છું દેવીએ કહ્યું ભાઈ! હવે તારા દુઃખે આ તારી બેન દુઃખી છે. માટે તું કંઈ શોક કર્યા વિના ખુશીથી મને સંભળાવજે એમ કહી અંતરધ્યાન થયાં તો વાંચક હવે આપણે આગપ તપાસીયે કે શેઠપુત્રી રૂપવતી ઘણા વખતથી સ્વામી યોગિની રહી છે તેનું શું થાય છે.

પ્રકરણ ૬ ઠું.

કામાંધનું કાવત્રું.

કામી જન જગમાં ફરે, બની કામમાં અધ્ધ
સાર જડે ના કંઈ તેમાં; પણ કરે નીચના ધંધા

ચંદ્રાવતીનો રાજા ચંદ્રશેન પોતાના એકાન્ત ભુવનમાં બેઠો હતો. ત્યાં એકાએક રૂપવતીના ફોટા તરફ નજર જવાથી તેના ઉપર મોહાન્ધ થયો તેણે કોઇ રસ્તેથી રૂપવતીને પોતાના કબજે લેવાનો વિચાર કર્યો. પોતાથી તે કાંઇ બનવું અસંભવિત હતું એટલે તેણે પોતાના દેવની આરાધના કરી. દેવ હાજર થયા એટલે તેણે કહ્યું હે દેવ! આજે તમારે મહાન કાર્ય કરવાનું છે. તે એ કે રાણકપુરના રાજમહેલમાંથી રૂપવતિને ઉપાડી લાવી મારી સમક્ષ હાજર કરો ! આથી દેવતા નારાજથયા ને રાજાને જણાવ્યું-હે ! મુર્ખ રાજન ? જરા વિચાર કર કે મણિધર સાપની મણિ લેવા કોણ સમર્થ છે કદાચ ધણી કોઈ લઈ શકે પણ સતિ સ્રીને લેવા કોઈ સમર્થ છેજ નહિ. દેવતાઓ પણ સતીઓના દાસ થઇને રહે છે. આ પાપરૂપી પગલું ભરી તું કદી સુખી થઇશ

નહિ. આથી રાજાએ કહ્યું, ભલે ગમે તેમ થાય પણ તમો એક વખત તે સ્ત્રીને હાજર કરો. દેવ ગુસ્સે થઈ બોલ્યા? અરે કામી રાજન્ તારી ભક્તિને વશ થઇ મારે આ અનિષ્ટ કાર્ય કરવું પડે છે. પણ તે આ એકજ વખત માટે આમ બોલી તે અંતરધ્યાન થયા. જે રૂપવતિને પલંગ સહીત વિદ્યાના બળે ઉપાડી લાવી ચંદ્રસેન રાજાને સોંપી કહ્યું. જો રાજન્ તે સ્ત્રીએ પોતાના સ્વામીનું ચિત્ર પોતાના હૃદયપટ ઉપર ચીતરી રાખેલું છે તે પોતાના સ્વામી સીવાય અન્ય સાથે વાત પણ કરતી નથી. તો તેની સાથે વિચાર કરી બોલજે. તેને સંતાપી તું કંઈ સાર કાઢનાર નથી.

દોહરા.

નારી સતિ સંતાપતાં, તુજ પ્રાણ હાનિ તો થશે;
તુજ વાંચ્છના પુરી થતાં. તું યમ શરણે તો જશે.
સાયક સતિને રક્ષવાને, હાજર શ્રી જગનો નાથ છે;
શીયળ રક્ષવા સતીઓ તણું, સર્વત્ર વ્યાપી તાત છે.

માટે સંભાળજે ને જે કાર્ય કરે તે પહેલાં વિચારજે જો તેના સતિત્વના શ્રાપથી જો ધારશે તો તને બાળી ખાખ કરશે કહી દેવ અદ્રશ્ય થયા. બાદ રાજા રૂપવતીના પલંગ પાસે આવી ઉભો તેનું રૂપ જોઈ તે વધારે મોહાન્ધ બન્યો એટલામાં રૂપવંતી જાગ્રત થઈ કે મહારાજા તેને ભેટવા માટે હાથ પહોળા કરી બોલ્યો હે સુંદરી તારો અને મારો મેળાપ

પુર્વેના પુણ્યે કરી થયો છે માટે મારી સાથે સંસાર સુખ ભોગવ આમ કોઇ અજાણ્યા મનુષ્યને અજાણ્યા મકાનમાં જોઈ રૂપવતી ગુસ્સો કરી બોલી ! દુષ્ટ ચંડાળ તું કોણ છે મારો પતિ સીંહ છે તેની હું નારી તેને લેવા શિયાળ તું કયાંથી આવ્યો તને ખબર છે કે સતીને એકજ પતિ હોય છે તું મારા રૂપ ઉપર અંધ બન્યો હોઈશ પણ તે રૂપનું અધરામૃત પીનાર વ્હાલા શિવદત્ત છે જો જાણશે તો તને શું કરશે તે કહી પણ શકતી નથી.

દોહરો.

છું કેસરીની નાર હું, સંતાપતાં દુઃખી થઇશ.
એક ડગ આગળ જો ભર્યું તો મોત વીણ માર્યો જઇશ,
ના દિલમાં તું લાવતો, કે વિષયાંધ આ નારી હશે,
તુજ વાંચ્છના પુરી થતાં પહેલાં મરણ તારૂં થશે.

આમ બોલી આગળ વધતા રાજાને અટકાવી રાખ્યો રાજા તેને સમજાવવા લાગ્યો હે ભોળી સ્ત્રી તું મેવા મીઠાઈ ખા ? તારા કેશમાં સુગંધી તેલ નાખ અને મનગમતાં વસ્ત્રો પહેરી મજા માણ તું એક પરદેશીથી પ્રીત બાંધી શું સાર કાઢનાર છે. આથી રૂપવતી તેને સમજાવવા લાગી હે મુર્ખ રાજા ! જે રાણી જાયો હોય જે નફટ નિર્લજ ન હોય તે પણ આવાં વીષ રૂપી વચનો બોલે નહિ ? અરેરે અધર્મ ! પાપીષ્ટ ! વિચાર ! વિચાર તારા ક્ષત્રી કુળને કલંક લાગે છે

તેં દેવતાની સહાયથી મને અહિં તેડાવી છે પણ તે દેવતા મારા ગુલામ છે. જો ! જો ! તે પાપી દેવતાઓની શી દશા થાય છે કહી તે હાથમાં પાણી લઈ બોલી હે ! સતીઓના સહાયક વિશ્વંભર ભક્ત વત્સલ ભગવાન જો હું મન વચન અને કર્મથી પતિને ભજતી હોઉં તો તે દુષ્ટ દેવતાઓ એકદમ બળી ખાખ થાઓ ત્યાં દેવતાઓ હાજર થયા ને રાજા ના સમક્ષ રાખ થઈ પડયા, આથી રાજા પણ ગભરાયો ને વિચાર્યું કે હવે તે આમ માને તેમ નથી, માટે કોઇ જોગી જતી પાસે દોરો ધાગો કરાવી તેને વશ કરીશું તોજ તે કબજે આવશે. આમ વિચાર કરી રાજા ત્યાંથી ચાલ્યો ગયો ને રોજ રૂપવતીને સારૂં સારૂં ખાવાનું તેમજ સર્વ જોઇતી ચીજો પુરી પાડતો હતો. તો વાંચક ચાલો આપણે પણ તપાસીએ કે ગત પ્રકરણમાં દેવી ગયા પછી શિવદત્ત શું કરે છે તે તપાસીએ.

પ્રકરણ ૭ મું.

અબધુત યોગી.

ધુણી ધીખાવી પ્રેમની, યોગી બન્યો કુમાર છે;
નારી સતી નીજ શોધવા, કુમારનો વિચાર છે.

શિવદત્તે પોતાની સતી નારીને ઉપાડી ગયાના સમાચાર સાંભળી ઘણોજ નારાજ થયો. ને પોતે પોતાનાં મિત્રો

સાથે સુથારને ત્યાં ગયો. પોતાની સર્વ બીના સુથારને જણાવી. સુથારે પોતાના મિત્રને મદદ કરવાની વખત જાણી તેને પોતાની કારીગરી વાપરી એક સુંદર લાકડાનો ચમત્કારીક ઘોડો બનાવી આપ્યો એ ઘોડાની અંદર ચાર ચાંપો હતી. તેમાં ફક્ત બેજ ચાંપોનો ઉપયોગ થતો. બાકીની બે ચાંપોનો ભેદ સુથાર સિવાય કોઈ જાણતું ન હતું. પણ કુંવર ઘણોજ ચપળ અને ચાલાક હોવાથી બીજી બે ચાંપોનો ભેદ જાણવા માટે પુછયું સુથારે જણાવ્યું કે હાલ તે જાણવાની જરૂર નથી. માત્ર હાલ આ એક નંબરની ચાંપ દાબવાથી ઘોડો હવામાં પુરજોશથી ઉડશે ને બીજા નંબરની ચાંપથી ઘોડો એવડો તો મોટો બની જશે કે ખુશીથી તેમાં ૩૦–૪૦ માણસો બેસી મુસાફરી કરી શકે ને તેનું સુક્ષ્મ રૂપ બનાવવું હોય ત્યારે પહેલાં બીજા નંબરની ચાંપ ખેંચવી ને પછી પહેલા નંબરની ચાંપ ખેંચવી કે જેથી ઘોડો સુક્ષ્મ રૂપમાં બની જશે.

સુથાર પાસેથી ઘોડો લઈ કુંવર આકાશ માર્ગે શહેર પર્વત નદી નાળાં જોતો જોતો ચાલવા લાગ્યો. તેઓ સર્વે દેશ જોતા જોતા ચંદ્રાવતી નગરીમાં આવી પહોંચ્યા. ચંદ્રાવતીના મહેલની આજુબાજુ અશ્વને લગભગ એકાદ કલાક ચક્કર ખવરાવ્યા હશે. ત્યાં રાજમહેલના તમામ માણસો વૈમાન ધારી તેને નિહાળવા બહાર આવ્યાં આ સર્વમાં રૂપવતી

કુમારની નજરે ન પડી. પણ રાજમહેલના સાતમા માળ ઉપર એક સ્ત્રી હાથમાં દુરબીન લઈ નીહાળતી હતી. તે પર કુમારની નજર પડી. તરતજ દુરબીન કાઢી જોવા માંડયું. બન્ને દુરબીનનું આકર્ષણ થવાથી તેઓ બન્ને છેક નજીક દેખાવા લાગ્યાં સામસામી ઓળખ્યાં રૂપવતીના આનંદનો પાર રહ્યો નહિ. કુંવરે વિચાર્યું કે હવે આ રાજાને કોઇ રસ્તે છેતરી રૂપવંતીને લઈ જવી ધારી તે તે ગામના પાધરે અશ્વને ઉતાર્યો પછી તેને ચાંપ નીયમાનુસાર કરવાથી તે સુક્ષ્મ બની ગયો ને તે એવડો તો બની ગયો કે યોગી લોકો પાસે પવન પાવડી હોય છે તેટલો લગભગ દેખાવા લાગ્યો બાદ કુંવરે યોગીનો વેષ ધારણ કરવા વિચાર કર્યો. તરતજ પોતાની બેન ત્રીલોચનાનું સ્મરણ કર્યું સ્મરણ કરતાંજ દેવી હાજર થયાં. એટલે કુંવરે કહ્યું બેન ? હમો ત્રણેને યોગીનાં સ્વરૂપ બનાવો. એટલે દેવીએ તેમની ઈચ્છા પુર્ણ કરી વિદાય થયાં. કુમાર યોગી બની સમાધી ચઢાવી ધુણી ધીખાવી બેઠો ને જતા આવતા લોકો તેમને જોઈ કોઈ મહાન તપસ્વી હોવાનો ખ્યાલ કરતા હતા. આમ પાંચ સાત દિવસ વિત્યા ત્યાં તો શહેરમાં કેટલાક લોક દર્શનાર્થે આવવા લાગ્યા અસંખ્ય નરનારીઓ આખો દિવસ અડ્ડો જમાવી ત્યાંજ બેસી રહેતી. પણ કોઈ યોગીના મુખનો શબ્દ સાંભળવા ભાગ્યશાળી થતું નહિ આથી લોકોની શ્રદ્ધા વધવા લાગી.

વખત વખતનું કામ કર્યે જતો હતો. કેટલાંક પોતાની ઇચ્છાઓ ફળીભુત કરવા માટે આવતાં હતા. કેટલાંક તો એવાં ભાવિક બની ગયાં હતાં કે તેમના પગ પખારી ધોઈ પી જતાં તો કેટલાક રાખની ચપટી લઈ માથા પર નાખતાં આમ સર્વેને ફાવે તેમ આશામાં ફરતાં હતાં ત્યાં તે રસ્તેથી એક ગાનારી હીરા સુંદરી નામની ૬૦ વર્ષની ડોસી જેવી જણાતી જતી હતી. તેણે આ સઘળું જોઈ તે પણ ત્યાં ગઈ ને નમન કરી બેઠી, ચેલાઓની નજર તેના પર પડી ને ગાનારીની નજર તેમના પર પડી મુળ જાત ગાનારીની એટલે ચેલાઓને નયન ઇશારો કર્યો આ કાતીલ ખંજરની ધાર રૂપ નયન શર ચેલાઓના હૃદયમાં આરપાર ભોંકાયું. પણ ઉપરથી મનને કબજે કરી શાન્ત બેઠા બાદ ગાનારી હીરા સુંદરી બોલી હે ગુરૂરાજ આપ મારા ઉપર કૃપા કરી મારૂં સંકટ દુર કરો. એટલે ગુરૂરાજ બોલ્યા. તું કોણ છે? (આ વખતે હજારો માણસની મેદની જામેલી હતી.) એટલે ગુણકાએ કહ્યું મહારાજ હું ગાનારી છું ને રાજા રજવાડાઓમાં મારૂં ગાન સાંભળી લોકો ખુશ થાય છે પણ હવે મારાં ઉતરતાં પાણી થયાં છે તે જો આપની પાસે કંઇ પ્રસાદી હોય ને તે આપી મને નવયોવન બાળા સમાન બનાવો તો મારૂં કામ ઠીકમાં ચાલે ને રાજા પણ મને ચાહે તેમજ ગામના તેમજ અન્ય શહેરના લોકો મારો નાચ જોવા મને બોલાવે ને મારા ધંધામાં બરકત રહે,

આ સર્વ સાંભળી યોગી બોલ્યા. દેખ મેં તેરી ઇચ્છા પુર્ણ કરૂં પણ એક બાતસેં વો તું કબુલ કરેંગી તો તેરા કામ ફતેહ હોગા. ગુણકાએ કહ્યું ગુરૂરાજ આપ જે આજ્ઞા ફરમાવશો તે હું મરણ પર્યંત પ્રાણાન્તે પણ પાળીશ. એટલે યોગીએ કહ્યું તારૂં યોવન સ્વરૂપ બની જાય કે તરતજ તું સીધી આ નગરના રાજા પાસે રૂપવંતી નામની નવી રાણી રાજાએ ઉપાડી મંગાવી છે. તે મહાસતી છે તેને નમન કરીશ. તો તારૂં યોવન તેના આશિર્વાદથી કાયમ રહેશે કારણ કે આવું સ્વરૂપ આપવું તે સતી સ્ત્રીઓનેજ હાથ છે. અમારા લોકોનું આ ગજુ નથી. કહી યોગીરાજે તેને ત્રિલોચના દેવીનું નામ દઈ તેના ઉપર રાખની ચપટી નાંખી તરતજ સોળ વર્ષની અપ્સરા તુલ્ય રંભાં રૂપમાં હીરાસુંદરી બની ગઇ આ દૃશ્ય જોઇ લોકો તો ઘેલા ગાંડા બની ને યોગીરાજ પાસેથી રાત દિવસ ખસતા નહિ. કોઇ પુત્રની માગણી કરતું તો કોઈ ધનની માંગણી કરતું તો કોઇ પતીને વશ કરવા માટે વિનવતું. સર્વેને શાન્ત રાખી તેમની ઇચ્છા પુર્ણ કરતા આ સમાચાર રાજાના કાન સુધી પહોંચ્યા રાજા પણ જાતે તેમના દર્શનાર્થે આવ્યા. તેમને નમન કરી બોલ્યા. ગુરૂરાજ આપ મારી ઇચ્છા જાણુતા હશો ? તો તે સિદ્ધ થાય તેવો માર્ગ બતાવશો. યોગીએ કહ્યું તું જે ઇચ્છા ધરાવે છે તે પુર્ણ કરવા અમે પણ અસમર્થ છીએ

છતાં તારો આગ્રહ હોય તો તારા મહેલમાં પાંચ દિવસ રહી આરાધના કર્યા બાદ તારૂ કાર્ય પુર્ણ થાય તેમ છે. એટલામાં વચમાં ચેલાઓએ જવાબ આપ્યો રાજન હમારા ગુરૂરાજ સ્ત્રીકા કયા લેકીન સારી સૃષ્ટીકો કબજે કર શકતા હે. આ સાંભળી રાજા બોલ્યા ગુરૂરાજ ? તો ખુશીથી પધારો ? હાલ હું જઈ માણસો મોકલું છું તેમની સાથે પધારો ?

બીજે દીવસે સવારે રાજાએ છડી ચોપદાર સાથે વાજતે ગાજતે મહારાજ તેમજ તેમના ચેલાઓને રાજમહાલયમાં લાવ્યા. તેમની પુજા કરી પોતાની બન્ને પુત્રીઓને દર્શન માટે બોલાવી બન્ને પુત્રીઓને જોઈ યોગીએ વિચાર્યું કે આ રાજાને તેનાં કર્મનાં ફળ ચખાડવાં જોઈએ. આ તેની પુત્રીઓ સાથે રૂપવતીને લઇ જવી જોઈએ. એમ વિચારી ચોથા દિવસે રાજાને કહ્યું, હે રાજન ! લે આ વાળા લે ને તેને સોનાના માદળીઆમાં ઘાલી જેને તું વશ કરવા ધારતો હોઉં તેને બાંધજે, ભલે પછી તે ન બાંધે પણ તેના શરીરની સ્પર્શ થતાંજ તે તારે કબજે થશે. ને કદાચ તે સ્ત્રી તને જે કહે તે પ્રમાણે વર્તજે કારણ કે તે તારૂં મન જોશે ને પછી પોતાનું સતીત્વ નષ્ટ કરશે. માટે ભુલ ન કરતો. રાજાને વિદાય કર્યા બાદ યોગીએ બન્ને ચેલાઓને સમજાવી રૂપવંતી પાસે મોકલ્યા ને કહેવરાવ્યું કે રાજા તમારી પાસે આવે ત્યારે મીઠા વચનથી ભોળવી તમો સુરગીરીની જાત્રા

કરવાનું કાઢજો એટલે સર્વ કામ પતી જશે ને સાથે તેની બે પુત્રીઓ પણ લેજો. એમ સમજાવી ચેલા ગુરૂ પાસે આવ્યા. બીજે દિવસે રાજા રૂપવંતિના શયન મંદિર તરફ ગયો પણ ત્યાં ન જણાયાથી તેના એકાંત ભુવન તરફ ગયો તો ત્યાં તે હાજર હતી. રાજાને જોઇ રૂપવંતી સ્મિત હાસ્ય લાવી બોલી આવો રાજન ઘણે દિવસે આપનાં દર્શન થયાં. રાજા આ શબ્દો સાંભળી વિચારવા લાગ્યો કે ખરેખર યોગીની બુટ્ટીના પ્રતાપ જણાય છે. પછી રાજાએ કહ્યું હે સુંદરી ! આપની ઈચ્છા વિરૂદ્ધ આચરણ કરવું એ આપનો ધર્મ નથી. જો હવે આપની ઈચ્છા હોય તો જ હું આપનું પાણી ગ્રહણ કરૂં. એટલે રૂપવંતી અંતઃકરણમાં ક્રોધ લાવતી પણ મુખ પર હાસ્ય બતાવી બોલી રાજન આપની ઇચ્છા પુર્ણ થશે પણ તે પહેલાં મારી વાત ધ્યાન પર લેશો. મારે વ્રત હોવાથી સુરગીરીની જાત્રા કરવા જવુંજ જોઇએ. ને ત્યાં જઈ આવ્યા બાદ મારાથી મારા સતીત્વને નષ્ટ કરી શકાય. રાજાએ તે કબુલ કર્યું. ને કહ્યું કાલ સવારે તૈયાર થજો. એટલે રૂપવંતીએ કહ્યું રાજન હું એકલી ત્યાં નહિ જાઉં આપની બે પુત્રીઓ મારી સાથે મોકલો તો હું જાઉં. રાજાએ તે કબુલ કર્યું. ને આ વાત યોગીને જણાવી. યોગીએ કહ્યું રાજન દો મીનીટમેં હમ જાત્રા કરાકે પીછે લાતા હેં. હમારી પાસે મંત્ર વિદ્યા હે એ હમારી પવન પાવડી પર બેઠ જાનેસે

સબ ઘુમ કર પીછે લોટેંગે કહી ચાવી દાબી તો ચમત્કારીક ઘોડો તૈયાર થયો તેમાં ૩૦–૪૦ માણુસ બેસે તેટલી જગ્યા જોઈ રાજા વિચારમાં પડયો કે ખરેખર આ કોઈ અબધુત યોગી છે. એટલામાં રૂપવંતી ને તેની બન્ને પુત્રીઓ આવી પહોંચી. સર્વે અશ્વ ઉપર બિરાજમાન થયાં. બન્ને ચેલા પણ બેઠા બાદ ચાંપ દાબતાંજ અશ્વ આકાશ માર્ગે ચાલ્યો, થોડેક ઉંચે ગયા બાદ યોગીએ જણાવ્યું, હે રાજન હવે તું તારી પુત્રીઓની આશા ત્યજી દે. તેં જે કેશરીની નારી લાવી તેની સાથે લગ્ન કરવા પ્રયત્ન કરતો હતો તેજ કેશરી આજે તારી બન્ને પુત્રીઓ લઈ ચાલ્યો જાય છે. જો! જો! ન ઓળખતો હોય તો ઓળખ. આ બીજો કોઇ નહિ પણ **"ચમત્કારીક ઘોડાવાળો શિવદત્ત."**

આ સાંભળી રાજા મુર્છાગત થયો, પ્રજા પણ બોલવા લાગી કે જોયું સતિ સ્ત્રીને ઉપાડી મંગાવી તો પોતાની પુત્રીઓ પણ ખોઈ.

દોહરો.

મોહમાં અંધો બની, લાવ્યો ઉઠાવી સુંદરી;
તો હાથથી બેઠો ગુમાવી, પ્યારી હતી જે છોકરી.
શીયળ સાચવવા સતીનું, કીરતાર હાજર થાય છે;
સંતાપતાં નારી સમી, પોતાનું હોય તે જાય છે.

આમ આખા શહેરના લોકો બોલવા લાગ્યા. રાજાની બન્ને પુત્રીઓને પોતાના મિત્ર સાથે પરણાવી દીધી ને તેમને રહેવા માટે મહેલ ને કેટલુંક જવાહીર ને રૂપવંતી રાજાને ત્યાંથી લાવી હતી તે આપ્યું. બાદ શિવદત્ત અને રૂપવંતી આગળ ચાલ્યાં તો જંગલમાં વન વિહાર કરતી એક નવ યોવન બાળા નજરે પડી. તરતજ અશ્વને તે જંગલમાં ઉતાર્યો ને જોયું તો એક સ્ત્રી રૂદન કરતી હતી. તેને કુંવરે પુછયું હે સ્ત્રી તું શા માટે રૂદન કરે છે. તો તે સ્ત્રીએ કહ્યું કે પ્રવાસી તમને તે દુઃખ જાણવાથી શો લાભ છે. હું મારા દુઃખને રડું છું. મારા પતિને રાજાએ ફાંસીએ ચઢાવ્યો છે. મારો નિયમ છે કે જ્યાં સુધી હું તેમનું મુખ ન જોઉં ને તેમને ન જમાડું ત્યાં સુધી જમું નહિ. આ સાંભળી કુંવરને દયા આવી તેથી તે ફાંસીના લાકડા નજદીક ગયો ને કહ્યું કે હે સ્ત્રી હવે તું મારા ખભા ઉપર ઉભા રહી તારા સ્વામીને જમાડ એટલે તે સ્ત્રી તેની ખાંધ ઉપર ઉભા રહીને પોતાનું સ્વરૂપ મોટું કરીને ફાંસીને લાકડે લટકેલા મનુષ્યનું માંસ ભક્ષણ કરવા લાગી. માંસનો એક ટુકડો નીચે પડયો. તે કુમારના શરીર ઉપર પડવાથી કુમારે હાથમાં લઈ જોયું તે માંસ જણાયાથી તેને ક્રોધ ચઢયો ને તે નીચેથી ખસી ગયો પેલી ડાકણ નીચે પડી. તરતજ કુંવરે પોતાની તલવાર ઉગામી તેને મારવા હાથ નીચો નમાવ્યો. ત્યાં પેલી ડાકણ

નાસી છુટી. બાદ કુમાર આગળ ચાલ્યો. તો એક કન્યાને સસલાં, મૃગલાં, વાંદરાં વિગેરે જાનવરોમાં વચ્ચે રમતી જોઇ તેથી તે તે તરફ ગયા તો તરતજ તે કુંવરી તેને જોઇ નાસવા લાગી. એટલે તેની પાસેના શુકે (પોપટે) કહ્યું તું શા માટે ભય પામે છે.કોઈ પંથી મુસાફરને આગતા-સ્વાગતા કરી બોલાવવું જોઇએ કે આમ નાસવું જોઇએ.

આવાં શુકનાં વચનો સાંભળી તે સ્ત્રીએ વનફળ લાવીને કુમારની નજીક મુકયાં. બાદ તે સ્ત્રીએ પુછયું હે મુસાફર આપ કયાંથી આવો છો અને કયાં જવા ધારો છો. કુંવરે યોગ્ય જવાબ આપ્યો. હે કુમારી! અમે દક્ષિણથી આવીએ છીએ ને ઉત્તર તરફ જવા વિચાર ધરાવીએ છીએ,પણ આપને આમ બાળ વયમાં વઈરાગ્ય લેવાનું કારણ શું ! આ સાંભળી તે સ્ત્રી શરમાઈ ગઈ એટલે પોપટે કહ્યું. કુમાર સાંભળો.

ઉજેની નગરીના રાજાને સુર્યસીંહ નામનો પુત્ર અને શરલા નામની પુત્રી હતી તેને કુંમારચંદ્ર સાથે પરણાવી હતી. કુંમારચંદ્ર ઘણોજ વ્યસની હતો તેથી તેના બાપે તેને દેશનિકાલ કર્યો ને પોતાની સ્ત્રી સાથે બીજે જઇ રહયો.

એક દિવસ એવું બન્યું કે સરલાનો ભાઈ સંસારની મોહજાળથી વિખુટો થઇ વઇરાગ્ય ધારણ કરી ફરતો ફરતો તેજ શહેરમાં આવી ચઢયો, તે સરલાના જોવામાં આવ્યો.

પોતાના ભાઇને વૈરાગ્યમાંથી છોડાવા માટે નિશ્ચય કર્યો. પોતાના ભાઇને વળગી પડી. કુમારચંદ્રે આ ઘટના દુરથી જોઇ પોતાની સ્ત્રીને પરપુરૂષ સાથે આલીંગન કરી નિર્ભય-પણે વર્તતી જોઈલાલ નેત્રો કરી તે સાધુનો ખડગવતી ઘાત કર્યો.

પોતાના ભાઈના મરણ પામવાથી સરલા ક્રોધે ભરાઈને તે રીસમાં તેના કપાળમાં મુશળ મારી તેને મરણતોલ કરી નાંખ્યો ને તેના ધણીએ તેને મરતાં મરતાં ખડગ મારી મારી નાખી. તે મરી પુર્વેના પુણ્યથી પદ્મપુરના રાજાને ત્યાં પુત્રીરૂપે અવતરી ને કુમારચંદ્ર પદ્મપુરના રાજાન ત્યાં અવતર્યો બન્ને મોટાં થયાં ત્યાં ત્રિદંડી યોગી પાસે પોતાના પુર્વ જન્મની વાત સાંભળી તે પોતાની બેનને જંગલમાં મોકલાવી દીધી. અહિં તે આ વનચર પ્રાણીઓની સોબતમાં રહે છે તેજ કુમારી તેનો ઉદ્ધાર રાણકપુરના રાજકુમાર શિવદત્તના હાથે હશે એમ ત્રિદંડી મહારાજે કહ્યું હતું.

કુંવરે આ શબ્દ સાંભળી કહ્યું કે રાજકુમારી તમો તો અમારા વંશના છો. માટે ચાલો આપના દર્શનનો લાભ થયો. રાજકન્યાએ પુછ્યું મુસાફર આપનો હેવાલ જણાવશો ? તમો તો અમારી વાર્તા જાણી પણ આપની જણાવ્યા વિના કેવા ચાલવા લાગ્યા. કુંવરે કહ્યું, હે કુમારીકા ! મારી વાત જાણુશો તો તમને આનંદ થસે. હું રાણકપુરનો રાજકુમાર શિવદત્ત પોતેજ છું આ વચનો સાંભળતાંજ રાજકીર તથા

રાજકન્યાનો આનંદ ઉભરાઈ ગયો. ને સર્વે મળી તેના બાપના રાજ્ય તરફ જવા નીકળ્યા. તો વાંચક ચાલ હવે આગળ તપાસીએ કે શું થાય છે.

પ્રકરણ ૮ મું.

આનંદોત્સવ.

આનંદ ઉરમાં આજ છે, પુત્રી પધારી મંદિરે;
શહેરમાં આનંદ છે, પુત્રી પધારી મંદિરે.

આજે પદ્મપુર નગરમાં સઘળે ઠેકાણે આનંદ પ્રસરી રહ્યો હતો. પોતાની પુત્રી ઘણા દિવસથી ગુમ થયાથી રાજા શોકમાં ડુબતો હતો. તે આજ પોતાના મકાને પાછી આવવાથી રાજા તથા રાજમાતા તેને તેડવા માટે સામા ગયાં. રાજાને જાણે આજેજ પુત્રીનો નવો જન્મ થયો જાણી આખા શહેરને ધજા પતાકાઓથી શણગારી આજેજ આનંદોત્સવ માન્યો. ઘેર ઘેર માંગલીક તોરણો બંધાવ્યાં. રાજકીર નામના પોપટે રાજાને જણાવ્યું કે આપની પુત્રીનાં લગ્ન આ સાથે આવેલા રાજકુમાર સાથે કરો. આથી રાજાએ ખુશી થઈ પોતાની પુત્રીનાં લગ્ન ધામધુમથી કર્યાં. આખા નગરમાં

રોશનાઇ થઇ. રાજાએ પોતાની પુત્રીને હાથી ઘોડા અને ઘણું જવાહીર દાનમાં આપ્યું બાદ શિવદત્ત કેટલોક વખત ત્યાં રહયા. આ નગરમાં એક મહાત્મા આવ્યા હતા. ત્યાં રોજ કથા સાંભળવા માટે જતા હતાં. તે મહાત્માએ દેશપરદેશના મુનીઓને જીત્યા હતા. તેથી તેમનું નામ વિજયસેન મહાત્મા નામ પાડયું હતું વિજયશેન એક દિવસ ઉપદેશ કરવા લાગ્યા.

વિજયસેનનો ધર્મોપદેક્ષ ?

जन्म दुःखं जरा दुःखं, मृत्यु दुःख पूनः पुन।
संसार सागरे दूःख तस्मा ज्जागृत ज्जागृतः ॥

અર્થ:—આસંસારરૂપી સમુદ્રમાં જન્મનું દુઃખ જરાનું દુઃખ ને મૃત્યુનું દુઃખ વારંવાર રહેલું છે એમ દરેક મનુષ્ય જાણવા છતાં મોહમાં અંધ બની ઉત્તમ ધર્મને આચરતા નથી. તેથીજ આ ભવસીંધુંમાં ભ્રમણ કરવું પડે છે, સંસારના સર્વ પદાર્થો માયામય ઇંદ્રજાળ અને વીજળીના ઝબકારા જેવા નાશ પામનારા છે.

હે રાજન આ દુનિયામાં માણસ માત્રનો જીવ ત્રણ વસ્તુઓથી બંધાયેલો છે. છતાં તે તેમાં લુબ્ધ બની આખરે અગાધ સંપતિ અને મહેલાતો મુકી એકલા ચાલ્યા જવું પડે છે, જેમ જંગલમાં સળગેલો દાવાનળ સુકા તેમજ લીલા વૃક્ષને છોડતો નથી તેમ મૃત્યુ ગર્ભમાં જન્મ પામેલા નાના બાળક તરૂણ વૃદ્ધ દરેક પાતાળમાં આકાશમાં પર્વતની ગુફામાં

તેમજ કોઈ ઠેકાણે કાળ છોડતો નથી. ઇંદ્ર વાસુદેવો ઈત્યાદી સર્વે કાળના ઝપાટામાંથી બચવા પામતા નથી. માટે હે રાજન ધર્મ ઉપર શ્રદ્ધા રાખી ધર્મનું આરાધન કરવું એજ મનુષ્ય જન્મનું સાર્થક છે શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

શ્લોક.

अस्थिरंजीवीत लोके अस्थिरेधन योवने ।
अस्थिरापुत्र दाराश्च किर्तोधर्म द्वयंस्थिरां ॥

અર્થ—જીવીત અસ્થિર છે. ધન અને યોવન અસ્થિર છે, સ્ત્રી પુત્રાદી પણ અસ્થિર છે માત્ર ધર્મ અને કીર્તી એ બે કદી નાશવંત નથી. એ તો સદઈવ સ્થિર છે માટે આત્મ ધર્મની પ્રાપ્તી કરવી એમાંજ મનુષ્યભવ પામ્યાનું સાર્થક છે.

હે સંસારના દુઃખી જીવો ? આ સંસારમાં મોંઘો મનુષ્યાવતાર પામ્યા છતાં જે મુઢ પુરૂષો ઉદ્યમે કરી ધર્મ નથી કરતા તે મનુષ્ય મહા મહેનતે મળેલ ચીંતામણી સમાન મનુષ્ય જન્મને દુઃખરૂપી સમુદ્રમાં નાંખે છે. ધર્મ વિના આ સંસારરૂપી સમુદ્રમાં મનુષ્યરૂપી માછલું તરફડીયા ખાઇ મરણ પાંમે છે. અને આખરે નરકગામી થાય છે.

આ સંસારમાં અનીત્ય અસાશ્વતો છે તેમાં અપસિદ્ધાંત રૂપી ખારાકુવા ઘણા છે અને સંત સંયોગરૂપી સુધારસનો એકજ કુવો છે તે સમ્યક સ્વરૂપ પાર્વતીની ગુફામાં છે. આ

કુવો પ્રમાદ આળસ ઈત્યાદી વેલાથી ઢંકાયેલો છે માત્ર પુણ્યવાન પુરૂષોજ તે કુવાને જોઇ શકે છે, અને તેમાંનું અમૃત પી શકે છે. આપણો દરેકનો જીવ આઠ કર્મરૂપી બંધનથી બંધાએલો હોવાથી સંસારરૂપી જેલમાં વારા ફરતી જન્મ લીધા કરે છે તો તે આઠ કર્મરૂપી બંધનથી મુક્ત થાય તોજ આત્મા મોક્ષગતીને પામે છે.

આ સંસારમાં લક્ષ્મી; સજન કુટુંબીઓ સ્ત્રી એ સર્વ મનુષ્યને બંધનકારક છે. સ્ત્રી વિલાસે કરી મનોહર લાગે છે સુખો જેમકે ખાવું, પીવું, શણુગાર ખેલ, ખ્યાલ, વિનોદ સર્વે અશાશ્વતા છે. તે શાથે દુઃખદાયક પણ છે. જેમ કમળપત્ર પર રહેલું જળબિંદુ ચપળ છે તેમ આ સર્વે સુખો ચપળ છે. આ જગતમાં કામીની રૂપ કમલિની નામનું સરોવર છે. તેમાં કામાદિક જડ પક્ષીઓ કલ્લોલ કરી રહ્યાં છે. તેમાંથી મિથ્યાત્વરૂપ પાણી પીધા પછી વિષય રૂપ વનમાં પ્રેમરૂપી મહાભુતો વળગે છે તેથી લજ્જા રૂપ વસ્ત્રોનો મુઢ અજ્ઞાન મનુષ્યો ત્યાગ કરી આ સંસાર રૂપી વનમાં ભટકયા કરે છે. ત્યાં કપટ રૂપી તસ્કર તેમનો ધર્મ હરી લે છે. રાગ દ્વેષ રૂપી હાથી સીંહ તેમને પછી પીડા આપે છે.

આવી રીતે સંસારમાં અનેક દુઃખો ભરેલાં છે. તેમાંથી તરી માર ઉતરવાને ફક્ત ધર્મરૂપી નાવની જરૂર છે. જો તે નાવ પકડવું ચુકી ગયો તો પછી આશા રાખવી નકામી છે.

માટે ધર્મ ઉપર આસ્થા રાખી ધર્મમાં જીવ પરોવવો. તોજ મોક્ષ છે. પણ હે જીવો આ સર્વેમાં મુખ્ય પાઠ ભજવનાર સત્ય છે. તેને પ્રાણાન્તે પણ ન છોડવું સત્ય સાચવી રાખનાર કેવા ફળને પ્રાપ્ત થાય છે, તે પુર્વેના ઇતિહાસો સુચવે છે. છતાં હું તમને એક દ્રષ્ટાંત આપું છું તે ધ્યાનથી સાંભળશો તો ખાત્રી થશે કે સત્યનો મહિમા શું છે.

પ્રકરણ ૭ મું.

સત્યનાં ફળ.

દોહરો

સત્યનો જય પાપનો ક્ષય, ન્યાય એ નિર્માણ છે;
પાપી વહેલાં ફાવતાં, અંતે ધર્મનો જયકાર છે.

મણીપુર નામના નગરમાં અમીચંદ નામે વાણીયો રહેતો હતો. તેની ધર્મપત્ની લક્ષ્મીબા ઘણુંજ માયાળુ અને મળતાવડાં હતાં તેમની પાસે પુષ્કળ ધન હોવા છતાં પુત્ર રત્નની ખોટથી રાત્રી દિવસ લક્ષ્મીબા શોકાતુર રહેતાં. તેઓ વ્રત, તપ, પુન્ય દાન છુટે હાથે કરતાં કેટલાક વખત પછી ઈશ્વરની કૃપા તેમના ઉપર ઉતરીને તેમને પુત્ર પ્રસવ્યો આખા ગામમાં આનંદનાં તોરણો બંધાવ્યાં. ગરીબોને દાન આપ્યાં. પંડિત

વિદ્વાનોને બોલાવી પુત્રના સંસ્કાર વિધિ કરાવી તેનું નામ ક ઉપર આવતું હોવાથી કંચનલાલ પાડયું. કંચનલાલ દિન-પ્રતીદિન મોટો થવા લાગ્યો. શેઠની સંપત્તિ ઓછી થવા લાગી. પુત્રને માટે સર્વેને શંકા થવા લાગી. શેઠ જે વેપાર કરે તેમાં ખોટજ આવવા લાગી. આવી સ્થિતિમાં શેઠનો પુત્ર સાત વર્ષનો થયો એટલે તે છોકરાઓ સાથે રમવા લાગ્યો. આમ કરતાં કંચનલાલ ૧૫ વર્ષની ઉમ્મરનો થયો એટલામાં તેનામાં અનેક પ્રકારની કુટેવોએ વાસ કર્યો. નીચ લોકોના છોકરાઓની સોબતથી તે જુગાર રમતાં શીખ્યો. વ્યભિચાર આદિ અનેક દુર્ગુણોએ ઘર કર્યું. તેના બાપે તેને સારા કુટુંબની કન્યા સાથે પરણાવ્યો હતો. તેની સ્ત્રી ઘણી સુશીલ ને ખાનદાની હતી. કંચનલાલ જ્યારે વીસ વર્ષનો થયો એટલે તેનો પિતા એકાએક મરણ પથારીએ પડયો. એટલે પોતાના પુત્ર કંચનલાલને બોલાવી કહ્યું કે હે પુત્ર ? આપણા ઘરમાંથી ધન ખુટી ગયું અને હું પણ મરવા સુતો છું. હવે જો તું તારી ચાલને સુધારે તો ઠીક. મારા મુવા પછી તારી સંભાળ કોણ રાખશે અને જો તું મારો પુત્ર હોય ને મારૂં વચન પાળવા પ્રતિજ્ઞા કરતો હોય તો વચન આપ, તો મારો આત્મા શાન્ત થાય. આ વખતે કંચનલાલની આંખમાં આંસુ આવ્યાં.

આહ ! કેવો પિતૃપ્રેમ ! પુત્ર ગમે તેટલો દુર્ગુણી

હોય પણ પિતાના આખરના શબ્દો તેના કાળજાને પીગળાવા બસ છે ને જો તેને તે શબ્દોની અસર જેને ન થાય તે પુત્ર નહિ પણ પત્થર છે.

આજ્ઞા ઉથાપે તાતની તે પુત્ર નહિ પત્થર સમા !
માને નહિ જે તાતનું તે દીકરા નહિ ઠીકરા.
નીજ તાતના સંકટ સમે, જે પુત્ર સાયજ નાં કરે;
રવ રવ નરકમાં તે પડે, આખર સડીને તે મરે.

કંચનલાલે પિતાના આગળ ગદગદ કંઠે કહ્યું, આપ મુઝાશો નહિ. આપની આજ્ઞા મરણ પર્યંત પાળીશ. જે હોય તે ખુશીથી કહો. આ સાંભળી તેના પિતાને આનંદ થયો. ને બોલ્યા. હે પુત્ર? તું રોજ કંઇ નહિ તો દિવસમાં એક વખત જે મારા ખરા મિત્ર દેવચંદ છે. તેમને ત્યાં જઈ સવારે કે સાંજે સલામ કરી આવવાની પ્રતિજ્ઞા કર. કંચનલાલે તે પ્રતિજ્ઞા કરી ત્યારબાદ થોડાજ સમયમાં તેના પિતાનો આત્મા પરલોકમાં ચાલ્યો ગયો. હવે કંચનલાલ રોજ નિયમાનુસાર દેવચંદને ત્યાં સાંજે સલામ કરવા માટે જતો. સલામ કરી તરતજ પાછો વળતો. આવો નિયમ એક વર્ષ સુધી પાળ્યો. પણ એક દિવસ દેવચંદના ઘરના માણસોએ કહ્યું કે કંચનલાલ આપણે ત્યાં રોજ આવે છે તે સારૂં નહિ કારણ કે તેની અસર.

જેને જેવો સંગ, રંગ બહુ તેને બેસે;
જેને જેવો સંગ, રંગ પણ તેવો બેસે;
જેને જેવો સંગ, રંગ તેવાં તે કરશે,
જેને જેવો સંગ, રંગ તેવે જઇ ઠરશે.

માટે તેની ટેવો આપણા છોકરામાં આવે ને આપણું નામ વગોવાય, પોતાના ઘરનાં માણસોનું આવું સાંભળી દેવચંદ વિચારમાં પડયા, પણ પોતાના મિત્રના ઉપકારોને ભુલી ન જતાં કંચનલાલને સુધારવો એવો નિશ્ચય કર્યો. જો તે નહિ સુધરે તો મિત્રનું નામ જશે.

મિત્ર કેરા નામને, રાખવા આત્મ ભોગ કરૂં,
મિત્રનું કરવા ભલું, આજે ભલે કાં ન મરૂં.
સમ મિત્ર માટે દેહ છે, વળી મિત્ર માટે પ્રાણ છે,
જો મિત્ર ધર્મે ના પળું, તો ધર્મની મને હાણ છે.

બીજે દિવસે સાંજે જ્યારે કંચનલાલ સલામ કરવા આવ્યો. તે જેવો સલામ કરી પાછો વળ્યો કે તરતજ દેવચંદે બોલાવ્યો ? ભાઇ કંચનલાલ હવે તારે અમારે ત્યાં આવવું નહિ આ સાંભળી કહ્યું પિતાજી ! એવા મારા કયા અપરાધથી આપ આમ મને તરછોડો છો શેઠે જણાવ્યું ભાઇ તું દુર્ગુણોથી ભરેલો છે. માટે જો તે ટેવો છોડી દે તો મારે ત્યાં આવજે, કંચનલાલે ગળગળીત થઇ કહ્યું ! પિતાજી !

આ સર્વ તો મારો નિર્વાહ છે. તો તે સિવાય તમો બીજું જે કહો તે કરવા કબુલ છું, આ સાંભળી શેઠને દયા આવી ને તેને ઠેકાણે લાવવા કહ્યું કે જો તું મારી સામે પ્રતિજ્ઞા લે કે આજથી હું ગમે તેમ હશે તો પણ જુઠું નહિ બોલું આથી કંચનલાલે કહ્યું પિતાજી! ગમે તેવા ભોગે હું જુઠું બોલીશ નહિ,

દોહરો.

આજે પ્રતિજ્ઞા ભિષ્મ છે, જુઠું કદાપી ના વદું,
શીરે ભલે સંકટ પડે, તોય ન જુઠું હું વદું.
થાયે અલગ આ શીર ધડથી, તોયે વચન ન તોડું આપનું
આપો ક્ષમા મુજને હવે, નહિ નામ બોળું બાપનું.

આમ પ્રતિજ્ઞા લઇ કંચનલાલ ઘેર ગયો. સર્વે વાત પોતાની સ્ત્રીને કહી સંભળાવી. આથી સ્ત્રી ખુશી થઈને કહેવાં લાગી. સ્વામી શેઠની શિખામણ માનશો તો સુખી થશો! આમ કેટલાક દિવસ ચાલ્યા પછી કંચનલાલે વિચાર્યું કે રોજ નાની ચોરીઓ કરવાથી જુઠું બોલવાનો પ્રસંગ આવે માટે જો રાજાના દરબારમાં એકજ વખત ચોરી કરૂં તો જુઠું બોલવું મટી જાય. આમ વિચાર કરી તે રાજાના દરબારમાં ભંડાર તોડી ચોરી કરવાનો વિચાર કરી હથીઆર લઇ રાતના બહાર નીકળ્યો. આ વખતે રાજા નગરચર્ચા

જોવા માટે નિકળેલો તે આ રસ્તે આવતો હતો. અંધારી રાત્રી હોવાથી રાજા કંચનલાલને ઓળખી શકયો નહિ પણ પગના અવાજથી રાજાએ પુછયું કોણ છે ને કયાં જાય છે? એટલે કંચનલાલે જણાવ્યું હું ચોર છું ને રાજાના ભંડારમાં ચોરી કરવા જાઉં છું. આ સાંભળી રાજાએ વિચાર્યું કે આ કોઇ ગાંડો માણસ છે માટે તેને જવા દીધો, કંચનલાલ ત્યાંથી નીકળી રાજમહાલયમાં આવ્યો ને રાજાનો ભંડાર તોડી અંદરથી ચાર જવાહીરના દાગીના લીધા ને લઇ બહાર નીકળી તેજ રસ્તે ચાલતો થયો બીજી વખત રાજા મળ્યો ને પ્રથમ માફક પુછયુ તો જણાવ્યું કે ચોરી કરી ચાર દાબડા લઇને ઘેર જાઉં છું. રાજા વિચારમાં પડયો કે એટલી વારમાં ચોરી કરી આવે કેમ કરી, કોઈ ગાંડો છે માટે જવા દીધો કંચનલાલ દાબડા લઈ ઘેર આવ્યો.

બીજે દિવસે કંચનલાલે તેમાંથી કેટલુંક જવાહીર ગીરો મુકી રૂપીયા દશહજાર લીધા ને તેમાંથી પોતાને જોઈતાં સાહીત્યો લાવી આનંદથી ફરવા લાગ્યો. રોજ નિયમાનુસાર તે દેવચંદને ત્યાં જતો. રાજમહેલમાં સવારે ભંડારી ઉઠી ભંડારમાં ગયા તો ભંડાર તોડેલો જણાયો. તપાસ કરતાં માલ પડયું કે જવાહીરના દાબડા ચાર ચોરાયા છે એટલે ભંડારીએ બીજા આઠ દાબડા ઉચાપત કર્યા ને ચાર પોતાને ત્યાં અને ચાર પ્રધાનને ત્યાં મોકલાવ્યા બાદ રાજાને ખબર

આપી કે ભંડારમાં ચોરી થઈ છે. રાતની વાત યાદ આવી ને ચોરી કરનાર ચોરને ધન્યવાદ આપવા લાગ્યા કે ધન્ય છે જે મને મળ્યો છતાં સત્ય બોલતો હતો. રાજા ભંડારમાં આવ્યા ને પુછ્યું કે તપાસ કરતાં જણાય છે કે ભંડારમાંથી ચારજ દાબડા ચોરાયા છે બાકીના આઠ દાબડા કયાં છે. આથી પ્રધાન તેમજ ભંડારીએ જણાવ્યું કે પ્રથમ ચાર તો મેળવો પછી આઠની તપાસ કરીશું.

હવે રાજા વિચારમાં પડયો કે તે ચાર દાબડાના ચોરને કેવી રીતે શોધી કાઢવો. તેને શોધવા માટે રાજાએ એક યુક્તિ રચી પુર્વ તરફના દરવાજા બહાર એક દેવળ બંધાવ્યું. ને આખા શહેરમાં દાંડી પીટાવી કે શહેરના તમામ માણસોએ દેવ દર્શન કરવા દરવાજા બહાર જવું. આથી માણસોનાં ટોળેટોળાં દર્શન કરવા જવા લાગ્યાં. કેટલાક દુષ્ટ વાંચ્છના ધારી આવજા કરતા હતા. રાજા ત્યાં દેવળ પાસે બેઠા રહેતા હતા. ત્રણ દિવસ આમ ફરખી ધમાલ ચાલી પણ દાબડાનો ચોર જડયો નહિ. ત્રીજા દિવસે બપોરે કંચનલાલ સ્ત્રી સાથે સજજ થઇ દર્શન કરવા માટે ગયો. પાછા ફરતાં વાત કરતાં કરતાં તે અવાજ રાજાના કાન સુધી પહોંચ્યો. રાજાએ અવાજ ઓળખી કાઢયો ને તેને બોલાવ્યો. રાજાએ કહ્યું, ભાઇ ! તું સાચુંજ બોલીશ એમ મારી ખાત્રી છે. તું ચાર દાબડા ચોરી લાવ્યો છું તે છે કે નહિ, એટલે કંચનલાલનો

નિયમ હતો કે જુઠું ન બોલવું. તે નિયમ તોડે કેમ કરી એટલે કહ્યું પિતાજી ! હા દાબડા હું ચોરી લાવ્યો છું ખરો પણ તેમાંથી મેં દસ હજાર જેટલું ગીરે મુકયું છે. રાજા આથી આનંદ પામ્યો ને કંચનલાલને સાથે લઈ દરબારમાં ગયો. પોતાની પાસે કંચનલાલને બેસાડયો. બાદ સીપાઈને મોકલી દાબડા મંગાવ્યા, બાદ ભંડારી તથા પ્રધાનને બોલાવી પૂછયું કે હવે આઠ દાબડા લાવો એટલે ભંડારીએ કહ્યું કે જેવા ચાર ચોરાયા તેવા આઠ ચોરાયા હશે, રાજાએ બન્નેના ઘરની જડતી લીધી તો આઠ દાબડા નીકળ્યા. રાજા કંચનલાલ ઉપર ખુશ થયો ને પ્રધાનને તેની જગ્યાએથી ખસેડી તે જગ્યાએ કંચનલાલને નીમ્યા. કંચનલાલે કહ્યું, પિતાજી ! આ બન્નેને મારી ન નાખતાં જીવતા રાખો રાજાએ તેમને રાજ્યની હદ છોડી જવા કહ્યું હવે કંચનલાલ પ્રધાન થયા એટલે આગળ પાછળ ચોપદાર ને ગાડીમાં બેસી પોતાને ઘેર ગયા. તેમની સ્ત્રી આ જોઈ આનંદ પામી ને પતિનાં ઓવારણાં લઇ વધાવ્યા. બાદ કંચનલાલે સર્વ બિના કહી સંભળાવી ને કહ્યુ કે શેઠની શિખામણે ચાલવાથી દિવાનપદ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બન્યો. માટે ચાલો આપણે શેઠને ત્યાં જઇ તેમને મળીએ. આમ કહી બન્ને તૈયાર થઇ છડી ચોપદાર સાથે શેઠને ત્યાં આવ્યા. આ વખતે શેઠને ઘરનાં તમામ માણસોએ કંચનલાલભાઈ કંચનલાલભા-

ઈના પોકારો કરી વધાવ્યા. સર્વે સ્નેહથી મળ્યા, બાદ કંચનલાલ રોજ નિયમાનુસાર શેઠને સલામ કરવાનું ચાલુ રાખી હરહંમેશ જયાજ કરતો. પ્રિય વાંચક જોયું, સત્ય બોલવાનું કેવું પરિણામ. જે દુનિયામાં હડધુત થતો તે ગાદીતકીએ જગ્યા મેળવી આખા રાજ્યનો સત્તાધિશ બન્યો, વાંચક તારામાં દુર્ગુણો હોય તે ત્યજી સત્ય પાળવા કોશીષ કરજે. સત્યનો મહિમા કેટલો છેઃ—

દોહરો

સત્યને કાજે હરિશ્ચંદ્રે, રાજપાટ દીધું છોડી;
સત્યને કાજે હરિશ્ચંદ્રે, જીવન નીચ ઘેર દીધું જોડી
સત્યને કાજે હરિશ્ચંદ્રે, તારામતિ કુંવર વેચ્યાં;
સત્યને કાજે તારામતિએ, નીચ ઘેર પાણી ખેંચ્યાં
સમય સદા બળવાન છે, બનાવે રાયને રંક;
ઘડીનો હોય ભિખારી, ચડે તે સુખને સંગે,
થતો હડધુત જે જગમાં, ફરે થઇને તે રાજા;
ભલે હોય દુબળો અંગે; છતાં તે થાય છે તાજા.

પ્રકરણ ૧૦ મું.

પુતળીનું રહસ્ય.

દોહરો.

ભેદ ભરમોથી ભરી, આ પુતળી દીસતી હતી;
જોનારની આંખો ઠરી, ઉલટી થતી તેની મતિ.

શિવદત્ત એક દિવસ મિત્રો સાથે ફરવા માટે નિકળ્યો હતો તેઓ ફરતાં ફરતાં મહાદેવના દેવાલય નજીક આવ્યા મહાદેવના દર્શન કરી કુમાર ઘેર આવ્યા બાદ પોતાનો જાદુઇ ઘોડો આકાશ માર્ગે ચલાવ્યો, ચાલતાં ચાલતાં તેઓ એક નગરમાં પહોંચ્યા ત્યાં એક ભવ્ય મંડપ તેમના જોવામાં આવ્યો ત્યાં મધ્ય ભાગમાં એક પુતળી ઉભી કરવામાં આવી હતી તે પુતળી જોવા માટે અસંખ્ય માણસો ટોળે વળતાં હતાં કુમારને અંતરીક્ષથી પુતળી જોઇ તેનો ભેદ જાણવા માટે તેમણે તે શહેરના જંગલમાં કોઈ યોગીને તપ કરતા જોયા ને તેથી તે મિત્રો સહિત નિચે ઉતરી ગુરૂને પુછ્યું હે ગુરૂરાજ આ નગરમાં એક પુતળીને જોવા માટે કેમ ટોળે મળતા હશે? એટલે ગુરૂએ જણાવ્યું.

પૂર્વ ભવમાં વૃન્દા નામના વનમાં એક હંસ હંસલીનું જોડું પોતાનાં નાના બાળકો સહીત માળો બાંધી રહેતું

હતું એક દિવસને સમાયોગે તે વનમાં દાવાનળ સળગ્યો. તેનો તાપ સહન ન થઈ શકવાથી હંસે હંસલીને કહ્યું કે જા તું પાણી લઈ આવ હું છોકરાંઓને સંભાળું છું પણ હંસલીએ કહ્યું કે છોકરાં સાચવવાં તે તમારૂં કામ નહિ માટે તમો જાવ. હંસ પાણી લેવા ગયો, અહીં આગળ દાવાનળનું જોર વધતું જવાથી હંસલી ગભરાવા લાગી ને હંસને આવતો ન જોવાથી કહેવા લાગી, અરેરે ? પુરૂષ જાતિજ નિર્દય અને સ્વાર્થમય છે. પોતે મરવાના ભયથી સ્ત્રી તથા પુત્રને એકલા મુકી નાશી ગયો તે પાછો આવ્યોજ નહિ. ધિક્કાર છે એ જાતિને કે જેને પોતાનાં બચ્ચાંની પણ દયા ન આવી હવે આ ભવમાં તો પુરૂષ જાતિનો વિશ્વાસ ન કરવો પણ પરભવમાં ન કરવો. આમ બોલે છે ત્યાં દાવાનળ વધી પડયો ને તે બંને બાળક સાથે હંસલી દાવાનળમાં બળી મરી. એટલે હંસ પાણી લઇ આવ્યો પોતાના બાળક તથા સ્રીને ન જોવાથી તે પણ વિલાપ કરતો દાવાનળમાં પડી બળી મુઓ. હવે હંસલી બળી મરી ગઇ તે પદ્મપુરના રાજા રત્નસારને ત્યાં પુત્રી તરીકે અવતરી જેમ સુર્ય પોતાની કળામાં પ્રકાશ વધારતો જાય તેમ તેમ આ કુંવરી પણ ઉંમરમાં વધવા લાગી, તેના રૂપ ઉપરથી તેનું નામ સૌન્દર્યવંતી પાડયું હતું તે ભણી ગણી સ્રીની ચોસઠ કળામાં પ્રવિણ થઈ યોવન પામી, ત્યારે તેના પિતાએ તેને કોઇ

સારા વિદ્યવાન, સ્વરૂપવાન અને શુરવીર કુમાર સાથે પરણાવવનો વિચાર કર્યો તેથી દેશદેશના રાજપુત્રોના ફોટાઓ મંગાવી પોતાની પુત્રીને દેખાડવા માંડયા. પણ એકે કુમાર સાથે કુમારી સૌન્દર્યવતીનું દીલ ગોઠયું નહિ, ઉલટું પુરૂષ પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થયો, કોઈ માણસ તેના આગળ પુરૂષની વાત કરે તો તેને તે અલગ કરતી આવી સર્વ પ્રકારે તે સંપુર્ણ હોવાં છતાં તે પુરૂષ પ્રત્યે દ્વેષીણી બની તે જાણી તેનાં માત પિતા દુઃખ ધારવા લાગ્યાં આ વાત રાજાએ પોતાના દિવાનને જણાવી, દિવાને દેશ પરદેશ સમાચાર મોકલાવ્યા કે જે કોઈ પુરૂષ મારી પુત્રીનું પુરૂષ દ્વેષીપણું મુકાવશે તેને અરધું રાજ તથા કન્યા અર્પણ કરીશ.

કુંવરે જણાવ્યું તો ગુરૂરાંજ અમારે કયો રસ્તો કરવો કે જેથી તે રાજાનું સંકટ નિવારણ થાય. એટલે ગુરૂરાજે કહ્યું કે તમો કોઈ ચિત્રપટ દોરનાર પાસે તેના પુનર્ભવનું ચિત્ર દોરાવો ને તે લઈ તેના મહેલ પાસે ફેરવો એટલે તે ચિત્ર તેના જોવામાં આવશે. એટલે તે પુરૂષ પ્રત્યે રાગીણી બનશે. એટલે કુંવરે એક ચિત્રપટ દોરાવ્યું. તેમાં વન ચીતર્યું જે દાવાનળ સળગ્યો તેમાં હંશ પાણીલેવા ગયો ને હંસલી બળી મુઇ, આ ચિત્ર લઇ શિવદત્તના મિત્રો આખા ગામમાં ફરવા લાગ્યા. તે ફરતાં ફરતાં રાજમહેલ નજીક આવ્યા. દાસીએ તે ચિત્ર લઈ કુંવરી પાસે લાવી હાજર કર્યું.

કુંવરી ચિત્ર જોઈ એકદમ મુર્છા પામી. દાસીઓએ તેને શીતળ જળ છાંટી શાન્તવત આપી કહ્યું કે બા સાહેબ! આમ ચિત્ર જોઈ શા માટે મુર્છા પામ્યા તેમાં એવું શું છે. એટલે સૌન્દર્યવતીએ કહ્યુ, હે સખી! આ પટમાં ચિતરેલું એક વન હંસ હંસલી છે. તે મને મારા પુર્વ જન્મની વાતનું સ્મરણ કરાવે છે હું અત્યાર સુધી નાહક પુરૂષ દવેષીણી બની દુનિયામાં મારૂં નામ બદનામ કર્યું. જે માણસે આ ચિત્રપટ દોર્યું હશે તેજ પુર્વ ભવનો મારો ભરથાર છે માટે તેને બોલાવી લાવો. આથી દાસી બોલી, બા સાહેબ આમ પંથી મુસાફર પર વિશ્વાસ કરવો વ્યાજબી નથી.

પરદેશથી પ્રીતડી, હે સખી ના તું કરીશ;
આવ્યો તેવો વહી જશે, ઉભી હાથ ઘસીશ.
ઘણા ધુતા જગમાં ફરે, કરીને નવલા વેશ;
તુજ સમ ભોળા લોકને, જુઠ દીયે ઉપદેશ.

હે કુમારી? આ જગમાં જુઠા બોલા લોક વ્હાલા લાગે છે ને સાચા હોય તે કડવા લાગે છે. મતલબ કે સાચા મનુષ્યને વાત કોઈની રૂચતી નથી વળી આ જગમાં લોક પોતાનું પેટ ભરવા અનેક પ્રપંચો રચે છે, આ જગમાં જુઠા બોલા વેશ્યા, ચોર, વણીક, પરદારક, ધુત રમનાર સ્વાર્થી ને આળસુ મનુષ્ય એટલા કોઈ દિવસ સાચું બોલેજ

નહિ; તે બોલતાં પણ નથી, તેમ ઉપર કહેલા મનુષ્યો પારકાની પીડા જાણુતા નથી, તેમાં ધુતારા લોક ઘણાજ હોંશિયાર ને ચાલાક હોય છે. તેમને ગમે તેવું દુઃખ દેવામાં આવે તો પણ તેઓ પોતાના સ્વાર્થ સારૂં જરા પણ બોલે નહિ. તે હું વાર્તા કહું છું તે સાંભળો તેથી તમારી ભ્રમણા દુર થશે.

ધુર્તપુરી નામે એક નગરી હતી. તેમાં ધુર્તસેન નામનો માણસ વસતો હતો. તે શહેરમાં ધનાનય ધનપાળ ને તેનો પુત્ર ઉડાઉલાલ રહેતા હતા. એક દિવસ બાપ દીકરા બંનેએ બેસી વિચાર કર્યો કે આપણી પાસે દ્રવ્ય પુષ્કળ છે તે જો રાજા જાણશે તો તે લઈ જશે માટે જો તેને કોઈ ગુપ્ત જગ્યાએ સંભારી દાટી મુકવામાં આવે તો તો કોઇ લઈ ન જાય. માટે ચાલો આપણે સ્મશાન જેવી એકાંત જગ્યામાં દાટી આવીએ. તેથી બાપ દીકરો ધનપાળ ધન લઈ જંગલમાં ચાલ્યા. ત્યાં એક ધુર્તસેન નામનો માણસ સ્મશાનમાંથી જતો હતો તેણે આ બાપ પુત્રને જોયા તેથી ઢોંગ કરી ત્યાં સુઈ રહ્યો. બાપે તથા છોકરાએ મળી ઉંડો ખાડો ખોદયો, પછી બાપે કહ્યું બેટા ! આજુબાજુ તપાસ કરી દાટજે, આથી છોકરાએ ચોતરફ નજર કરી ત્યાં એક માણસ જણાયો. એટલે છોકરો નજીક જઈ તેના શરીરના ભાગો તપાસવા લાગ્યો. તેનો પગ ઝાલી ખેંચ્યો તે તેને શ્વાનની પેઠે ઘસડયો છતાં તે જરાપણ બોલ્યો નહિ, જેથી પુત્રે જાણ્યું

કે આ તો મરણ પામેલો માણુસ છે; પિતાએ કહ્યું, બેટા ! તેના નાક, કાન કાપી લે જો મુડદુ હશે તો નહિ બોલે, નહિ તો તે વેદનાના દુઃખે કરી બોલશે, પુત્રે જઈ તેના નાક કાન કાપી લીધા. તો પણ પેલો ધુતારો બોલ્યો નહિ પછી પુત્ર ઘેર જઈ નિંદ્રાં દેવીને શરણ થયા. તેમના ગયા બાદ સુતેલો માણસ ઉઠી વિચારવા લાગ્યો કે નાક કાન ગયા તો શું દુનિયામાં કાણો કુબડો, કાળો અપંગ કોઢીયો ગમે તેવો નીચ માણસ હોય તોપણ તેને આદર સત્કાર આપી બોલાવે છે એટલુંજ નહિ પણ છેટેથી નજરે દેખે ત્યાંજ મોટા સ્વરથી ભાઈ ભાઈ કહી બોલાવી તેની સલામ લે છે માટે આપણી પાસે દ્રવ્ય હશે તો બધા લોક આપણા નાક કાન નથી તો પણ આપણી સલામ લેતા આવશે. માટે આ દાટેલું દ્રવ્ય લઈ જઇ મોજમજા ઉડાવીએ. એમ વિચારી જ્યાં ધન દાટેલું હતું, ત્યાં આવી ધન કાઢી લઈ પોતાને ઘેર ગયો પઈસો આવ્યો એટલે તે નાટક, સીનેમા, રંડીઓના નાચ ગાન મુજરામાં ગુમાવા લાગ્યો.

હવે એક દિવસ શેઠ પોતાનું દાટેલું ધન જોવા માટે ગયા જ્યાં પોતાનું ધન દાટેલું હતું ત્યાં કંઇ હતું નહિ. એટલે ઘણુ કલ્પાંત કરવા લાગ્યા, ને દ્રવ્ય ગયાના શોકથી મુર્છાગત થઈ ધરણી પર મરણતોલ થઈ ગયા. જેમ તેમ ઘેર જઇ રાજાને ફરીયાદ કરવા ગયાં. હે જયધન ! અમારૂં

ધન કોઈ હરામખોર લઈ ગયો છે. આથી રાજાએ કહ્યું, હે શેઠ ! તમારૂં ધન સ્મશાનમાં દાટી આવ્યા તેનું કારણ શું ? તમોને કયો ભય લાગ્યો કે ત્યાં દાટી આવ્યાં. શેઠે કહ્યું, હે પૃથ્વીપતિ ! મેં જાણ્યું કે મારૂં ધન ઘણું છે. એમ જો રાજા કે ચોર જાણશે તો તે લઈ જશે એમ ધારી ત્યાં જઈ દાટયું તો ત્યાંથી પણ લઇ ગયા. એટલે રાજાએ કહ્યું, તમોને કોઇ ઉપર શંકા હોય તો નામ આપો. શેઠે કહ્યું, રાજા જે કોઈ નાક કાન વગરનો માણસ આપણા રાજ્યમાં વસતો હશે તેણે અમારૂં ધન ચોર્યું છે. કારણ તે વખતે સ્મશાનમાં એક માણસ સુતો હતો તે મડદા જેવો હતો છતાં અમોએ તેના નાક કાન કાપી લીધા છે. રાજાએ હુકમ કર્યો કે જાવ જમાલખાં શહેરમાં જે કોઈ નાક કાન વગરનો હોય તેને પકડી હાજર કરો, જમાલખાં સલામ કરી તપાસ કરવા નીકળ્યો, ત્યાં ફરતાં ફરતાં જમાલખાં વેશ્યાધામો નજીક આવ્યો ત્યાં કોઈ જુની જાણીતી કટાએલી ઘસાએલી સડેલી બળેલી ૭૦ વર્ષની ભરજુવાન નાયીકા ગદ્ધમલાર બેસુરી સત્તાર અને ત્રણ તાલી તબલા સાથે ગાઈ રહી હતી. જમાદાર જરીક રસીયા હોવાથી ત્યાં ગયા તો આ વખતે ત્યાં નાક કાન વગરનો માણસ મોઢું પહોળું કરી સાંભળતો હતો, કાન ન મળે ને સાંભળે એવા આગળ ગાવું તે ગાવુંજ. જમાદારે તરતજ પેલા માણસને કહ્યું ચાલો તમને દરબારમાં બોલાવે છે એટલે જરા પૈસાની ખુમારીમાં તે બોલ્યો, જાવ નથી

આવતાં કાંઇ ગુન્હો કર્યો છે. એટલે જમાદારનો મીજાજ ગયો અને બાંય ઘસડતા આગળ કર્યા રાજ કચેરીમાં લાવી હાજર કર્યો તેને જોઇ રાજાએ કહ્યું કેમ હરામખોર? આ શેઠનું ધન કેમ ચોરી લાવ્યો એટલે હસીને ધુતારો બોલ્યો રાજન! હું તે શેઠનું ધન ચોરી ગયો છું પણ તેના બદલામાં તેટલું મેં તેને આપ્યું છે, રાજાએ પુછ્યું તેં શું હીરા માણેક મોતી શું આપ્યું છે. કે તું કહે છે મેં અગણીત આપ્યું છે એટલે ધુતારો બોલ્યો મહારાજ મેં તેને તેના બદલામાં મારા નાક કાન આપ્યાં છે તે જો મારાં પાછાં હતાં તેવી સ્થિતિમાં કરી આપે તો હું તેમનું દ્રવ્ય પાછું આપું રાજા ધુતારાની વાત સાંભળી અજાયબ પામ્યો અને રાજાના મનમાં થયું કે આ ધુતારો કહે છે તે નકામું નથી. **જે માથું ફોડે તે માલ ખાય** તે માફક પોતાના નાક કાન ખોઇ દ્રવ્ય મેળવ્યું છે. માટે તે ગુન્હેગાર ઠરે તેમ નથી. ને કહેવત છે કે લોભીયા હોય ત્યાં ધુતારા ભુખે ન મરે! એ પ્રમાણે શેઠને તેમના લોભીપણાનું ફળ મળ્યું છે. માટે હે શેઠ, તમે તમારૂં ધન પાછું મેળવવાની જે લાલસા રાખો છો તે નકામી છે માટે તેરી બી ચુપ અને મેરી બી ચુપમાંજ ફાયદો છે માટે જેમ આવ્યા તેમ પાછા જાવ આ સાંભળી શેઠ ઘેર ગયા ને ચોરની મા કોઠીમાં મોં ઘાલી રૂએ તેની માફક છાનામાના બેસી રહેવું પડ્યું, માટે હે રાજપુત્રી તેવા ધુતારાનો વિશ્વાસ ન કરવો.

પ્રકરણ ૧૧ મું.

પ્રેમની પીડા.

દોહરો.

વિચાર્યા વિણ પગલું ભરીને, પ્રેમમાં અંધ બન્યા,
આખર તજીને સર્વ એ, રખડતા રાનમાં ગયા.

વિલાસ નગરમાં એક ધનાઢય શેઠ રહેતા હતા. તેમના પુત્રની ઉમ્મર વીસ વર્ષની હતી પુત્રને એક કન્યા સાથે પરણાવ્યો હતો. કન્યા ઘણી રૂપવાન ગુણવાન તથા પતિવૃત ધર્મને માનનારી હતી, એક વખત શેઠને ત્યાં કોઈ દેશાવરથી નાણાવટી વેપાર અર્થે આવ્યો. આ વેપારી વેપારમાં ઘણું કમાયો અઢળક પઇસો પ્રાપ્ત કર્યો, પોતાનો માલ વેચી પોતાના દેશમાં ન મળતો માલ ખરીદી વહાણ ભરી તઇયાર રાખ્યાં જે શેઠના ઘરમાં આ રહેતો હતો તે શેઠની સ્ત્રી ઉપર આ વેપારી મોહાન્ધ બન્યો હવે તેને કેવી રીતે મેળવવી તે વિચાર કરવા લાગ્યો. તેને ત્યાં આવતી માળણને ગાંઠી પોતાનું કાર્ય પાર પાડવા વિચાર કર્યો. એક દીવસ માળણ આવી ત્યારે વેપારી કે જેનું નામ સદાફળ હતું તેણે માળણને કહ્યું ! કે જો તું આ શેઠની સ્ત્રી સાથે મારો પ્રેમ બાંધી આપે તો તને ખુશ કરીશ, માળણને આ કામ સહેલું હતું

કારણ કે તેમનો તો ધ ધોજ રહ્યો. પણ પઇસા પડાવવાની લાલચે બાનાં કાઢવા માંડયાં. કે શેઠ આવું કામ તરતમાં બને નહિ, માટે ધીરે ધીરે કરી આપીશ, કહેવત છે કેઃ—

ધીરે ધીરે શેવના, ધીરે સબ કુછ હોય;
માલી સીંચે સો ગણાં, પણ રત બીન ફળ ન હોય.

માટે જો ધીરજ રાખશો તો સારૂં થશે. હું જેમ બનશે તેમ જલદી કામ પતાવી નાખીશ કહી માળણ થોડા પઇસા લઇ ઘેર ગઇ. બીજે દીવસે માળણ શેઠને ત્યાં આવી. જે શેઠની સ્ત્રી કે જેનું નામ રંભા હતું. તેને કહ્યું રંભા બા આપને ત્યાં જે પરોણા આવ્યા છે તે તો ધનાઢય ને બહુ સારા જણાય છે તેમ રમુજી આનંદી અને શોખીન છે. આપણા શેઠ તો કંજુશ, લોભી અને બહુજ અહંકારી છે, તેમની સાથે આપ જેવા રંગ રાગના શોખીન શેઠાણીને કેમ બનતું હશે. ખરેજ આપને આનંદ તો નહિજ આવતો હોય ? મારૂ કહ્યું માનો તો હું એક ઉપાય બતાવું તે એ કે આપને ત્યાં આવેલા શેઠની સાથે જો તમારો પ્રેમ જોડો તો સર્વ સુખો તમને મળે, વળી તે આપને ઘણાંજ ચાહે છે માટે મારૂં વચન માન્ય કરશો. આ સાંભળી રંભાએ વિચાર કર્યો કે આ રંડાને કંઈ લાલચ આપવાથી તે મને પાપ કર્મમાં દોરવા તઈયાર થઈ છે, ઠીક તે સોનાને સામ લાગે નહિ ને સાચને આંચ આવે નહિ. એ વાકયને અનુસરીને મારે તે અંધ બનેલ કામાંધને તેનું સર્વસ્વ ધન હરી

તેને ભીખ માગતો કરવો જોઇએ. કે જેથી તે મારી માફક બીજી સ્ત્રીઓને ફસાવતો અટકે. એમ વિચારી માળણને કહ્યું કે વાહ બેન વાહ ! મારે તારી વાત માન્યા વિના ચાલે ખરૂ મને શેઠના ઘરમાં ગોઠતું નથી. પણ શું કરૂ આજ સુધી તારા જેવી સખી મને કોઇ સખી મળી નહી હોય કે કોઈ ધનવાન શાહુકારનો સંજોગ કરાવી આપ્યોજ નહી. આજેજ તું મળી હું તારા વચનોથી બહુજ આનંદ પામી છું. હું તે શેઠ સાથે જઈશ માટે તું જઈ શેઠને કે સર્વ સામાન ભરી તઇયાર થાય, હું સમીસાંજે આવીશ. આ સાંભળી હરખાતી હરખાતી માળણ શેઠ પાસે આવી ને વધામણી ખાધી. આજે સાંજે આવશે માટે તઈયાર થઈ રહેજો. લ્યો હવે શેઠ..................આમ બોલી અટકી ગઈ.

શેઠે ખુશી થઇ જણાવ્યું કે માલણ તારા કામની કીંમત ગણાય નહી છતાં હું તને આ ૨૫ સોનામોહોરો આપું છું તે લે ! માલણે તે લીધી શેઠે જવાના ઉમંગમાં તૈયારીઓ કરવા માંડી. શેઠ પાસે લેવડ દેવડનો હિસાબ ચોકખો કરી પોતાનો વધારો લઈ જવાની રજા માગી. ને માલણને ત્યાં આવ્યો.

હવે સાંજ થઈ એટલે રંભા સંકેત મુજબ માળણને ત્યાં આવી ત્યાંથી બન્ને જણ સાંઢ પર સ્વાર થઇ ચાલ્યાં થોડે છેટે ગયા એટલે શેઠને રંભાએ કહ્યું કે અરેરે ! મારૂ ઝાંઝર માલણને ત્યાં રહી ગયું હવે શું કરૂ મારાથી ત્યાં

સુધી ચાલી શકાશે નહી માટે જો આપ જઇને લઈ આવો તો હું અહીં સાંઢ ઉભી રાખીને બેસું જેથી શેઠ ઝાંઝર લેવા ગયા. તેના ગયા પછી રંભા સાંઢને હાંકી આગળ ચાલવા લાગી. ચાલતાં ચાલતાં એક નગર નજીક આવી માર્ગમાં એક તસ્કર સાથે હતો, તેને કહ્યું કે મને ભુખ લાગી છે તો તમો જરી ખાવાનું લઈ આવો એટલે આપણે બંને ખાઇને આગળ ચાલીએ તેના મીઠાં વચનથી ભોળવાઈ તસ્કર મીઠાઈ લેવા ગયો એટલામાં નગરનો રાજા ત્યાં આવી ચઢયો તે રંભાને જોઇ તેના ઉપર મોહીત થયો ને તેને સાંઢ સહીત દરબારમાં લઈ ગયો પછી રાજાએ ગુણાવળીને બીભસ્ત શબ્દોથી તેની પાસે પ્રેમ માગવા લાગ્યો. હે સ્ત્રી હું રાજા છું માટે મારી સાથે પ્રીતી જોડી પ્રેમ સુખ ભોગવ !

રંભાએ આ વખતે પણ મનને કબજે રાખી હિંમતથી સ્ત્રી ચરિત્ર કરતાં કહ્યું કે હે રાજન! વાહ એમાં શું છે? હું તૈયાર છું પણ મારી એક વાત કબુલ કરો તો તમારૂં મનમાન્યું કામ તૈયાર થાય. કારણ કે મેં એવી પ્રતિજ્ઞા કરી છે કે ધુર્તપુરી નગરીમાં એક કામદેવ જક્ષનું મંદીર છે ત્યાં જઈ તેની પુજા કરી પછીજ પરપુરૂષ સાથે પ્રેમમાં પડવું. માટે આપ મને આપાણું સૈન્ય આપો તો હું દેવની પુજા કરી પાછી આવી આપની ઈચ્છા પુર્ણ કરીશ રાજાએ સૈન્ય આપી વિદાય કર્યાં. તેઓ ધુર્તપુરી આવી પહોંચ્યા,

સર્વ સૈન્યને પાદરે બેસાડી પોતે નગરમાં પોતાના સ્વામીને ત્યાં ગઈ. પાદર સૈન્ય રાહ જોતુંજ બેસી રહ્યું પણ તે તો પાછી આવી નહિ. તેમ ખબર પણ મળી નહિ, તપાસ કરતાં તેમને માલુમ પડ્યું કે તે તો પોતાના પતિના ઘરમાં ગઇ. આથી સૈન્ય નિરાશ થઈ પાછું ફર્યું પોતાના શહેરમાં આવી રાજાને ખબર આપી. આફ્રેજ સાસરવાસો કરી આપી તેને વરાવી આથી રાજા રાજસિદ્ધિ છોડી જોગી બની જંગલમાં ફરવા લાગ્યો. હવે જે માળણને ત્યાં ઝાંઝર લેવા ગયેલો શેઠ આવી જુએ છે તો રંભાને ન જોવાથી તે યોગી બની જંગલમાં ચાલ્યો ગયો. તસ્કર મીઠાઈ લઈ આવ્યો ને સાંઢ નહિ જોવાથી તે પણ જંગલમાં ચાલ્યો ગયો. હવે રંભા પોતાના ઘેર આવી પણ પોતાના સ્વામીને નહિ જોવાથી નિરાશ થઈ.

એક વખત આ ચારે જોગીઓ ફરતા ફરતા એકઠા થયા ત્યાં બીજા ભાંગ ગાંજો પીતા બેઠા હતા, નીશામાં ચકચુર થયા. એટલે એક બીજાની વાત પુછવા લાગ્યા કે તમે સંન્યાસ કેમ લીધો, એટલે પ્રથમ શેઠે કહ્યું, હે જોગી પુરૂષો મારા હિરા માણેક મોતીથી ભરેલા ઉંટ સહિત એક સ્ત્રી મને મોહ પમાડી ચાલી ગઈ. તેથી હું જોગી થયો. બાદ બીજો જે તસ્કર હતો તે બોલ્યો હે જોગી પુરૂષો એક સ્ત્રી મને જંગલમાં ઉંટ સહિત મળી તે મને મીઠા વચનોથી ભોળવી બજારમાં મીઠાઈ લેવા મોકલી ત્યાંથી ચાલી નીકળી

એટલે શેઠે કહ્યું, કે મારી સ્ત્રી પરપુરૂષ સાથે નાસી ગઇને મારા બાપદાદાની આબરૂ સાચવવા જોગો થયો પછી રાજાને કહ્યું. હે મહા પુરૂષો ! મારા નગરને દરવાજે એક સ્ત્રી ઉભી હતી તેના ઉપર મોહીત થઈ મેં તેને રાજમહેલમાં લઇ જઇ મારી સાથે લગ્ન કરવા જણાવ્યું. તો તેણે ખુશી બતાવી, પણ ધુર્તપુરીમાં તેણે દેવની બાધા રાખી હોવાથી સૈન્ય સાથે મેં મોકલી તે પછી આવીજ નહિ માટે મેં સંન્યાસ લીધો

આ પ્રમાણે સર્વની વાત સાંભળી જે શેઠની સ્ત્રી હતી તેણે વિચાર્યું મારી સ્ત્રી આ ત્રણેને ભભુતિ ચોળાવી સતીત્વ સાચવ્યું છે, માટે લાવ, મારે ઘેર જઈ તેને મળું. ધન્ય છે સ્ત્રી ચરિત્રને જેના ચરિત્રો આગળ શીવ, બ્રહ્મા જે વિષ્ણું વગેરે હારી ગયા તો આપણા મનુષ્યની શી તાકાત છે.

આ સાંભળી સૌન્દર્યવતી બોલી હે સખી ! આ ચિત્રપટ દોરાવનાર કોઇ ઢોંગી નથી પણ ખરેખર મારા પરભવના ભરથાર છે તેની પરીક્ષા કરીશું માટે આ વાત મારા પિતાને જણાવ, દાસીએ આ વાત રાજાને જણાવી કે હે રાજન નવી વધામણી લાવી છું તે એ કે આપણી કુંવરી પુરૂષ દ્વેષીણી મટી પુરૂષ પ્રત્યે સ્નેહ દર્શાવે છે ને તે પોતાને માટે સ્વયંવર રચાવે છે. ને તે એમ કહે છે કે જે મનુષ્ય ધનુષ્ય બાણ આકાશમાં ચઢાવે તેનીજ સાથે લગ્ન કરૂં આ સાંભળી

રાજા ખુશ થયા ને રાજાએ દેશપરદેશના રાજકુમારોને તેડાવ્યા લગ્ન મંડપની તઇયારીઓ કરી લગ્ન મંડપની વચમાં એક સોનાનું સીંહાસન ગોઠવ્યું ને તેને ફરતી બેઠકો ગોઠવી. મંડપ વચમાં થંભ હતો, તેને ફુલોથી શણુગાર્યો હતો. આવી ઉત્તમ પ્રકારની કારીગરી કરી મંડપ દેદીપ્યમાન કર્યો હતો. દેશદેશના કુમારો પોતે સારા દેખાય તેવા દેખાવકરી ઉત્તમ વસ્ત્રો પહેરી આવી સૌ સૌની જગ્યાએ બેસી ગયા હતા. આ વખતે શિવદત્ત તથા તેના મિત્રો થાડે દુર ઉભા ઉભા આ બનાવો જોતા હતા.

રંભા પોતે સોળે શણુગાર પહેરી લગ્નમંડપના મધ્ય ભાગમાં ગોઠવેલા સીંહાસન પર બેઠી. એટલે દાસી બોલી, હે રાજકુમારો સાંભળો આ લગ્નમંડપમાં જે ધનુષ્ય મુકવામાં આવ્યું છે. તેને જે કુમાર ઉપાડી આકાશમાં ચઢાવી દેશે તેને અમારાં કુંવરીબા માળા આરોપશે. માટે તમારૂં શુરાતન અજમાવી ધનુષ્યબાંણુ ચઢાવો.

આ સાંભળી અગંદ દેશનો રાજકુમાર તરતજ પોતાની જગ્યાએથી ઉઠી ધુનુષબાણુ તરફ નજર કરવા ગયો કે તરતજ આંધળો બની ગયો. ને આમતેમ ફાફાં મારવા લાગ્યો. આ કુમારને આમ થવાથી લાટ દેશનો રાજપુત્ર ચાંપ પાસે આવ્યો પણ નાગફણીએ કરી બેશુદ્ધ થઈ ભોંય પર પડયો. આ પ્રમાણે ઘણા કુમારો ચાંપ ચઢાવવા તઇયાર

થયા પણ ચઢાવી શકયા નહી. આ જોઈ રંભાનાં પિતાં વિચારમાં પડયા. એટલે જે શિવદત્ત પોતાના મિત્રો સાથે બહાર ઉભો હતો તે પોતાના મિત્રને પોતાની તલવાર આપી કહ્યું કે ઉગાડી તલવારે તું પહેરો ભરજે ને હું ધનુષ ઉપાડી આકાશમાં ચઢાવી દઉં છું. આમ કહી તે ધનુષ પાસે આવ્યો ને ધનુષને સાંષ્ટાંગ દંડવત કરી ધનુષને ઉંચકી મંત્રવિદ્યાથી આકાશ માર્ગે ચઢાવ્યું આથી ખુશી થઈ રંભાએ વરમાળ પહેરાવી. આથી બીજા રાજપુત્રો તેની સામે થયા. ને કહ્યું હે પંથી મુસાફર એ વરમાળા તારા કંઠમાંથી કાઢી નાખ. આથી શિવદત્ત બોલ્યા હે રાજવંશી કુમારો તમે બધા શીયાળ સમાન છે. સ્ત્રીની યાચના કરવી એ તમને ઘટીત નથી. ગરીબ માણુસ પણ સ્ત્રી માગી આપતો નથી તો હું ક્ષત્રિકુળ ભુષણ તમારા જેવાઓને કન્યા માગી આપું. વળી વિચાર કરો કે પરસ્ત્રીગામી આખરે નરકમાં પડી મહા-દુઃખ ભોગવે છે. છતાં કોઇએ માન્યું નહિં ને લડાઈ કરવા તઇયાર થયા. શિવદત્તે તેમને હરાવી હાંકી કાઢયા, લડાઈમાં લઢવાની ચાલાકી જોઈ રંભાના પિતાએ કહ્યું હે ઉત્તમ પુરૂષ આપની ચાલાકી જોઇ આપ કોઇ ક્ષત્રિયકુળના હો તેમ જણાય છે. મહેરબાની કરી આપનું નામઠામ.ગામ જણાવશો. હવે આપ તો અમારા જમાઈ થઈ ચુકયા છો; એટલે કુંવરે જણાવ્યું હે રાજન હું રાણપુરના રાજાનો કુંવર છું મારૂં નામ શિવદત્ત છે. આ સાંભળી રાજા આનંદ પામ્યો ને પોતાની

પુત્રીને હાથી ઘોડા રથ પાલખી વિગેરે કન્યાદાનમાં આપ્યું. તે ઉપરાંત એક સુંદર મહેલ પણ આપ્યો ત્યાં સુખે દિવસ નિર્ગમન કરવા લાગ્યાં.

એક દિવસે શિવદત્તે પોતાની પ્રાણપ્યારી રંભાને કહ્યું કે હવે આપણે આપણા દેશ તરફ જઇએ. એટલે પિતાની રજા લઈ તેમણે પ્રયાણ કરવા માંડયું. તેઓ ચાલતાં ચાલતાં રાત્રિનો વખત થવા આવ્યો તે વખતે મનોરમા નામના વનમાં ઉતારો કર્યો. બધા માણસો નિંદ્રાધીન થયાં. ફકત તેનો મિત્ર એકલો જાગ્રત હતો. મધરાતને વખતે વડ ઉપર દેવદેવીનું રહેઠાણ હતું. તે દેવીએ પુછયું. હે દેવ? આ રાજપુત્રને રાજ મળશે કે નહિ. એટલે દેવે કહ્યું, હે દેવી! આ કુમાર માથે ચાર મોટા ભય છે. તે જ્યારથી દેશમાંથી નિકળ્યો છે ત્યારથી થોડા વખત પછી તેની માતા મરણ પામી છે. રાજાએ ફરીથી બીજી રાણી સાથે લગ્ન કર્યાં છે, એ રાણીને એક પુત્ર છે. તેથી તેના પુત્રને રાજ્ય મળે તે ઇચ્છાથી રાણીએ કુંવરને મારી નાખવા માટે રાજાને મોહ લુબ્ધ બનાવી તેમને કબજે કર્યા છે. તેણે એક તોફાની ઘોડો રાખી મુકયો છે. કે તે ઘોડા ઉપર બેસે કે સ્વારને પાડી નાખે. માટે જો ઘોડો શિવદત્તને આપજો એટલે તે મરણ પામશે ને તેથી જો મરણ નહિ થાય તો એક કૃત્રિમ દરવાજો બનાવ્યો છે. તેની નીચેથી કુમાર જશે કે તે દરવાજો

તેના ઉપર તુટી પડશે ને કદાચ તેથી આવરદાવાળો હોય ને બચસે તો તેને જમતી વખતે ઝેરના લાડુ આપવાથી મરણ પામશે. આ પ્રમાણે તેની ઓરમાન માતાએ સ્વાર્થ સાધવા આવા રસ્તા ગોઠવી મુકયા છે. ને તે સર્વમાંથી બચી જશે તો રાત્રે સુતો હશે તે વખતે તેને પથારીમાં મોટો સાપ કરડશે તે તેથી મરણ પામશે.

હવે તો આ ચાર ભયમાંથી તેનો મિત્ર જાગે છે તે જો બચાવે તો જીવતો રહે પણ તેનો મિત્ર કરેલા ઉપકાર કહી સંભળાવશે તો તે પત્થરરૂપે બની જશે. આ સર્વે વાત તેના મિત્ર કૃપાશંકરે સાંભળી. પ્રભાતનો સમય થતાં સૈન્ય સાથે રાણકપુર આવ્યા પોતાના પિતાને સમાચાર મોકલાવ્યા. આ સમાચાર સાંભળી ગામના લોકોને દેખાડવા સારૂં થોડા થોડા માણસો સહિત સામૈયું કરી કુંવરને તેડવા ગયા. કુંવરે પિતાને પ્રણામ કર્યા, રાજાએ ખુશી દર્શાવી એક ઘોડો બેસવા માટે આપ્યો, તેના મિત્રે પ્રપંચ કરી તે ઘોડાને બીજે ઠેકાણે મોકલાવ્યો ને બીજો પોતાના ઘોડામાંથી આપ્યો. આગળ ચાલ્યા ત્યાં તેઓ કૃત્રિમ દરવાજા નજીક આવ્યા જેવો ઘોડો પોતાનો પગ ઉપાડી દરવાજા અંદર મુકવા જાય છે ત્યાં તેના મિત્રે ચાબુકનો પ્રહાર કરી ઘોડાને પાછો પાડયો કે તરતજ કૃત્રિમ દરવાજો તુટી પડયો. જેથી ઘણા માણસોના જાન ગયા.

આ બનાવ જોઈ સર્વે પ્રજા, મંત્રી વિગેરે રાજાને મોઢે કહેવા લાગ્યા કે મહારાજા આપે ઘણું ખરાબ કર્યું તોપણ તેના મિત્રની મદદથી કુંવર બચવા પામ્યો. આમ સર્વે બોલતા મહેલ સુધી આવી પહોંચ્યા, કુંવર પોતાની ઓરમાન માતાને પગે લાગ્યો ને પોતાના ભુવનમાં ગયો. પોતાની સ્ત્રીને મળ્યો. તેની ઓરમાન માએ કુંવરનું મરણ ન થયું તેથી ઝેરના લાડુ તૈયાર કરાવ્યા જમવા માટે ગયા. ત્યાં તેનો મિત્ર પણ સાથે ગયો ને તેના મિત્રે પોતાની સાથે બે લાડુ સારા બનાવી લીધા હતા. જમવા માટે બેઠા ત્યાં કુંવરની થાળીમાં જે બે લાડુ મુકવામાં આવ્યા હતા તે કુંવરની આડાઅવળી નજર કરાવી તે લઇ લીધા ને સારા લાડુ મુકી દીધા. સર્વે જમી પોત પોતાના કરેલા કૃત્યનો પસ્તાવો થવા લાગ્યો. તેના પ્રાયશ્ચિતમમાં કુમાર શિવદત્તને રાજ્ય આપ્યું.

એક સમયે કુમાર પોતાની સાથે નિદ્રાવશ થયો હતો તે વખતે તેનો મિત્ર કૃપાશંકર પેરો ભરતો ત્યાં એક મોટો ભયંકર પન્નંગ કુંફાડા મારતો શિવદત્તની પથારી પર ચઢતો જોયો કે તરતજ કૃપાશંકરે ખડગ વતી સાત ટુકડા કરી નાખ્યા. તેના રૂધીરનું ટીપું મહારાણીની ઝાંગ પર પડયું તે લઈ લેવા માટે મહારાણીની ઝાંગ પર લુગડું લઇ સાફ કરવા લાગ્યો. ત્યાં શિવદત્ત એકદમ ઝબકી જાગી ઉઠયો ને

ક્રોધથી આ દ્રશ્ય જોઈ બોલ્યો ! અરે નીચ આ શું કરે છે! આવું અઘટિત કાર્ય કરતાં તને જરા પણ શર્મ ન આવી આમ કરવાંનું કારણ શું !

કૃપાશંકરે કહ્યું ? આપ મને જે હકીકત પુછવા માંગો છો તે જો હું સાચું કહીશ તો મને દુઃખદાયક છે ને જો જુઠું બોલીશ તો દુઃખદાયક છે, મારા કરેલા ઉપકારો નિષ્ફળ જસે કહેવત છે કે પાવચાને પાણી ચઢે નહિ તેમ રાજા ગમે તેટલા મિત્ર હોય તો પણ મિત્રદ્રોહ કરતાં વાર લાગે નહી. માટે મારૂં ગમે તે થાઓ હું સાચુંજ બોલીશ, હે રાજન ! હું વાત ચાચી કહું છું પણ વાત પુરી થતાં હું પત્થર રૂપ થઇને પડીશ તે આપને અગાઉથી જણાવું છું માટે સાંભળો ! આપણે આવતા હતા ત્યારે રસ્તામાં વિશ્રાન્તી માટે જે વડ તળે રાત્રી ગાળી હતી તે વડ ઉપર દેવદેવીનું જોડું વાચ કરતું હતું કે આ કુમાર ઉપર ચાર ભારે સંકટ છે. તે મેં સાંભળ્યું ને મેં તમોને તે ત્રણ સંકટમાંથી બચાવ્યા પણ આ ચોથી વખતે જે સાપ મેં માર્યો તે સાપના લોહીનું ટીપું માતાની ઝાંગ ઉપર પડેલું, તે લેવા માટે મેં આ રસ્તો કર્યો હતો આ શબ્દ પુરો થતાંજ તે પત્થર રૂપે થઇને પડયો.

શિવદત્ત આ જોઇ શોકાતુર થયો ને વિલાપ કરવા લાગ્યો કે અરે ! મેં મારા સુખદુઃખમાં ભાગ લેનાર મારા

મિત્રને હવે હું ક્યારે મળીશ આમ બોલતો તે મુર્છાગત થયો, આ સાંભળી તેની સ્ત્રી આશ્વાસન આપવા લાગી કે હે સ્વામી ? તેમણે જણાવ્યા છતાં આપે ન માન્યું ને હવે વિલાપ કર્યે શું વળવાનું છે. **હાથનાં કર્યાં હૈયે વાગ્યાં** પ્રથમ માન્યું નહિ ને હવે મિત્ર વિયોગે મરવા તયાર થયા વાહ પ્રાણનાથ ! વાહ ! શુરવીર તો બહુ જણાઓ છો, જરા વિચારો ગમે તેટલું સંકટ પડે તો મરદ મરવા તૈયાર થાય ખરા ? માટે હિંમત રાખોને તેનો માર્ગ કરો તો સૌ સારાં વાનાં થશે. કુંવરને આ વખતે કશુંય ભાન ન હતું તે તો ગાંડા જેવો મિત્ર ! મિત્ર ! મિત્રની ઝંખના કરતો પોતાના ખંડમાં ફરતો હતો. તેણે નિશ્ચય કર્યો કે જંગલમાં જઈ કોઈ યોગી મહાત્માને સેવી મિત્રનો ઉદ્ધાર કરૂં. તેની પાસે દેવીએ જે ચિજ આપી હતી તે ખોવાઈ ગઈ હતી તેથી તે પોતાના મિત્રને અસલ સ્થિતિમાં બનાવી શકયો નહિ પણ એક દિવસ દેવીને યાદ આવ્યું કે મારો ભાઈ મને મુકી ગયો કે શું. આથી તે પોતેજ તેની તપાસમાં નીકળ્યાં તો પોતાના ભાઈની આ મનોદશા જોઈ આશ્ચર્ય પામ્યાં. તેની નજીક જઈ તેમણે કહ્યું, ભાઈ ! ભાઈ ! આમ ઉદાસ કેમ ? શું તને દુઃખ છે. જે હોય તે સત્વર કહે. એટલે કુંવરે જણાવ્યું કે હે ધર્મ ભગીની ! મારો મિત્ર આજે પત્થર રૂપે થઇ પડયો છે. તેને મનુષ્ય રૂપે બનાવવાના વિચારો

કરતો હતો. દેવીએ જોયું તો જણાયું કે ખરેખર આતો શ્રાપના ભોગે થયેલો નથી પણ મિત્ર પર કરેલા ઉપકાર કહેવાના બદલામાં આ શિક્ષા ભોગવવા પામ્યો છે. એમ કહી પોતાના તપોબળથી તે પત્થર પર પાણી છાંટયું કે તરતજ શલ્યામાંથી એક આકૃતિ થઇને તે તેનો મિત્રજ હતા. બંને ભેટયા ને દેવીને પ્રણામ કર્યા બાદ સર્વે ચાલતા થયા. દેવી પણ અંતર્ધ્યાન થયાં તો વાંચક આગળ ચાલો તપાસીએ કે સંસારમાં કુટીલ સ્ત્રીઓ પોતાની ધારણા પાર પાડવા પ્રેમમાં અંધ બની કેવાં કામ કરે છે.

પ્રકરણ ૧૨ મું.

સ્ત્રીના ફંદો

દોહરો.

ફંદો રચી નીત અવનવા, નિજ કંથને સમજાવતી;
છાની રહી સ્વામી થકી, નીજ યારને સુખ આપતી.

કુમાર શિવદત્ત પોતાની પાસે જાદુઈ ઘોડો લઈ એકલા આકાશ માર્ગે દેશ નિરીક્ષણ કરવા ચાલ્યા. તેઓ એક મોટા ગામને પાદરે પડાવ નાખી પોતાના અશ્વને સંકોચી

આરામ માટે બેઠા. ત્યાં નાસ્તો કરવા પોતાની પાસેનો ડબ્બો ખોલ્યો તે વખતે ત્યાં નજીકમાં થઈ એક વીસ વર્ષની ભરજુવાન નવોઢા સ્ત્રી રૂમઝુમ કરતી લટકા મટકાથી આંખો ફેરવતી કટીને વાળતી ચાલી જતી હતી. કુંવરે ડાબડો કાઢી બહાર મુકયો હતો. તે સ્ત્રીની નજર દાબડા પર પડી. ડાબડો જોતાંજ તેનું મન પીગળ્યું ને આ કોઈ અજાણ મુસાફર સમજી તેની નજીક જઈ પુછયું કેમ પંથી ! આ રસ્તેથી કોઈ ચાર મનુષ્ય ને ત્રણ બૈરાં જતાં માલમ પડયાં કુંવરે સીધો જવાબ આપ્યો કે મને ખબર નથી. પછી તેણે બીજો સવાલ કર્યો કે હે પંથી ! આપ કયાં જાઓ છો, આ વખતે કુંવર ઉંચુ જોતાંજ જેમ વીજળી ઝબકે તેમ આ નયનરૂપી બાણ છોડયું, તે કુંવરને ભોંકાચું ખરૂં ! પણ આવાં શરથી તે વિંધાય તેમ નહોતો. પણ તેનો ભાવ જાણવા માટે તેણે કહ્યું કે હું કે હું અહીંથી આવું છું અને જરી આગળ જવા ધારૂં છું, એટણે તે અજાણ સ્ત્રી બોલી હે પંથી ! આ દાબડાનું શું આપ્યું હતુ કહી દાબડો હાથમાં લીધો. કુંવરે પણ કંઈ ના કહ્યું. દાબડો તપાસતાં માલુમ પડયું કે દાબડો સોનાનો છે ને આજુબાજુ હીરા ને સાચાં મોતી છે. જો આ દાબડો પડાવી લઉં તો મોરૂ દાળદર ફીટી જાય આથી તે નીચે બેઠી, કુંવર સમજયો આ કોઇ છટકેલ છે. આમ વિચાર કરે છે ત્યાં તે બોલી હે પંથી ! આમ માર્ગમાં બેસી

આરામ કરવો તે શું વ્યાજબી છે. ચાલો આપણે ઘેર ત્યાં સર્વે ગોઠવણ થશે. કુંવરે તેના જેવા અત્યંત પ્રસંગો જોએલા હોવાથી તે ત્યાં ચાલ્યો. ચાલતાં ચાલતાં તેઓ તેના મકાન પાસે આવ્યા. આ વખતે આ સ્ત્રીના સ્વામી ઘરમાં હતો તે બહાર આવ્યો. તેણે આ અજાણ્યા માણસને જોઈ વિચાર્યું કે આ કોણ હશે ! રાત્રી પડી સર્વે જમ્યા બાદ તેઓ બંને પાસે બેઠા ને વાર્તાલાપ કરવા લાગ્યા.

એક દિવસ તે સ્ત્રી કે જેનું નામ લક્ષ્મી હતું તે બોલી હે પ્રાણનાથ હું અહી રહી ઘણી ઘણી દુઃખી થાઉ છું કારણ કે મારા શરીરમાં જામેલો રોગ કેટલો વખત થયાં મટતો નથી તેથી જો આપણે મારે ઘેર રહેવા જઇએ તો ઘણું સારૂં એમ કહી રડવા લાગી. તેને ગામ મોકલવા માટે વિચાર કર્યો. આવેલા મહેમાનને વાત કરી એટલે મહેમાને કહ્યું કે તમે તૈયાર થાવ એટલે કુમારે પોતાના અશ્વની ચાંપ દાબી. ચાંપ દાબતાંજ અંદર બેસવાની બેઠકો ઉપર બેઠાં આ જોઇ લક્ષ્મી ખુશ થઈને વિચારવા લાગી કે આ કોઇ મહાન પુરૂષ હોવા જોઇએ. તરતજ ઘોડો આકાશ માર્ગે ચાલ્યો. ક્ષણ માત્રમાં તેઓ તે નગરમાં આવી પહોંચ્યા. તેઓ બંને તે સ્ત્રીને મુકવા માટે ગયા. તેને મુકી કુમારે જવાની રજા માગી પણ તે સ્ત્રીને ઇચ્છા પુર્ણ ન થયેલી હોવાથી પોતાના પિતાને

ત્યાં મહેમાનગીરી કરવા રાખ્યા. કુંવર થોડા દિવસ માટે ત્યાં મહેમાનગીરી કરવા રહ્યા.

એક દિવસ એવું બન્યું કે લક્ષ્મી ઘરની બહાર નીકળી પોતાના યારને મળવા માટે જતી હતી,કુંવરે તે જોવા નિશ્ચય કર્યો તેના ગયા પછી પોતે અશ્વ ઉપર બેસી અંતરિક્ષથી ચાલવા માંડયું. તે સ્ત્રી ચાલતી ચાલતી જ્યાં ગોવાળ ભેંસો ચારતો હતો ત્યાં આવી ને તેની સાથે પ્રેમાલાપ કરવા લાગી અને તેની સાથે રતિ ક્રીડા રમી ઘર તરફ પાછી ફરી. કુંવર તેના પહેલાં ઘેર આવી પહોંચ્યો. હવે કુંવરને લાગ્યું કે અહીં રહેવામાં સાર નથી. બીજે દિવસે સવારે જવાનો વિચાર કર્યો. તેજ રાત્રે તે સ્ત્રીનો સ્વામી કુમાર સાથે વાત કરવા બેઠો ને પોતાની સ્ત્રીના વખાણ કરવા લાગ્યો આ સાંભળી કુંવરે કહ્યું, હે ભોળા હૃદયના ભરથાર, તારી સ્ત્રી પુરેપુરી વંઠેલ છે. તેના ચરિત્રોથી તું અજાણ છે, હું તો એમ ધારૂં છું કે તે સ્ત્રી વ્યભીચારીણી હોવી જોઇએ. તે સ્ત્રી આપને ભમાવે છે, ખરેખર સ્ત્રી ચરિત્રજ રમે છે. આપને હજુ સ્ત્રી ચરિત્રની ખબર નથી. તમે જાણો છો કે સ્ત્રી ચરિત્રો કેવા રમાય છે હું તમને કહું તે સાંભળો.

સુરીકાન્ત રાણીએ પોતાના પતિને ઝેર દઇ માર્યો ચુલણી રાણીએ વિષયમાં અંધ બની રત્નરૂપી પુત્ર બ્રહ્મદત્તને મારવા

લાખના ઘર બનાવી તેમાં પુત્રને સ્વહસ્તે બાળ્યો શત્રુજીત રાજાએ પોતાની સ્ત્રીને પોતાના હાથનું લોહી પાયું એટલુંજ નહિ પણ પોતાની છાતીનું માંસ ખવડાવ્યું છતાં તેમને દરીઆમાં ફેંકી દીધા. વળી જુઓ કૃષ્ણ જેવાને ગોપીઓએ ભમાવ્યા. પારવતીજીએ શંકર પાસે નૃત્ય કરાવ્યું ઇંદ્રનું માન ઇંદ્રાણીએ ઉતાર્યું. એકલશૃંગી ઋશીને પણ અથડાવ્યા. એવા અનેક મહાન પુરૂષો સ્ત્રી ચરિત્રને સમજી શકયા નથી તો આપ તેની શી વીસાતમાં તેના સ્વામીએ કહ્યું.

પ્રિય મિત્ર આપે કહ્યું તે ખરૂં છે પણ નારી સુકોમળ પત્ની તો સીતા, તારા, દ્રૌપદી, કુન્તા, અહલ્યા સમાન છે. તે તો મહાન સતીઓની પંક્તિમાં ગણાય તેવી પતિવ્રતા છે. કુંવરે કહ્યું, ભલા ભાઈ આપ તદ્દન ભોળા છો. આપને આટલું સમજાવ્યા છતાં કેમ સમજતા નથી. સ્ત્રી કોઈની થઈ નથી ને થશે પણ નહિ.

નારી સારી ના ગણો, નારી નર્કની ખાણ,
નારીના વિશ્વાસથી, ખોવા કઇએ પ્રાણ;
મસ્તક કંઇકિ અલગ થયા, કંઇક પડયા છે કેદ,
કંઇક ફરે છે વનમાં રખડી, કંઇક થયા મહેલ.

તમારે સ્ત્રી ચરિત્રની વાત સાંભળવી છે તો સાંભળો. કોઈ એક ગામમાં ભોટશંકર નામના બ્રાહ્મણ કમાવા

અર્થે દેશાંતર ગયા, તેથી તેમની સ્ત્રી નિશંકપણે ગમે તેમ વર્તવા લાગી. તે પોતાના મનમાં આવે તેની સાથે સુખ ભોગ ભોગવવા લાગી. તેની પાડોશણ સમજુ બા તેને ઘણી શીખામણ આપતાં પણ તે માનતી નહિ. બે વરસ પછી તેનો પતી પાછો આવ્યો, સાંજનો વખત થયો એટલે છોકરાંને બગલમાં ઘાલી માબાપને ઘેર જવાનું બાનું કાઢી યારને ત્યાં ગઈ પોતાનાં છોકરાને પત્થરની એક નાની પુતળી સાથે રમતો મુકેલો તે રમતો મુકી ઘેર આવી, પોતાની સ્રીને એકલી આવેલી જોઈ ભોટશંકરે પુછયું છોકરો કયાં તો જવાબ આપ્યો કે તમો પરદેશ ગયા ત્યારે મેં માનતા માની હતી કે તેઓ સુખરૂપ ઘેર આવશે તો છોકરાને રમતો મુકી આવું છું ને સવાપાંશ રૂપીઆનું છત્ર મુકવાનું હતું તે ભુલી જવાથી લેવા માટે આવી છું તો સવાપાંચ રૂપીઆ આપ્યા તે લઈ પોતાના યારને આપ્યા પુત્રને તેડી ઘેર આવી. જોઈ આ સ્ત્રીના ફંદ? માટે થયા તેને તો બરાબર તેના પ્રમાણે થઈ તેના ફંદ ભુલાવીએ ત્યારે ખરા ! તે વિષે હું કહું તે સાંભળો.

શાન્તપુર ગામમાં એક છટકેલી સ્ત્રી હતી તે પોતાના સ્વામીની ડખલ દુર કરવા માટે રોજ શીવજીને દેરે જઈ પુજા કરી માગતી કે હે શંભુ મારો સ્વામી આંધળો થાય

તેમ કરજો. હવે રોજ તે પુંજા કરવા જતી તેથી તેના સ્વામીએ જાણ્યું કે આ સ્રી રોજ કયાં જાય છે તે જોવા એક દીવસ તેની પાછળ ગયો, ને તેની આગળ દહેરા નજીક આવતાં દહેરા પાછળ છુપાયો. તે સ્રીએ શીવજીની પુંજા કરી કહ્યું. એટલે પાછળથી તેનો સ્વામી બોલ્યો હે સ્રી તારી ઘણા દીવસની પુંજાથી આજે ખુશ થયો છુ માટે જા તારી ઈચ્છા પુર્ણ થશે ને તારા ધણીને રોજ ઘીનો અહાર ખવરાવજે જેમ જેમ તે વધારે ઘી ખાશે તેમ તેમ વધારે આંધળો થશે?

હવે તે સ્રી ઘેર આવી પોતાના સ્વામીને ઘીનો અહાર કરાવવા લાગી ત્રણચાર દીવસ ખુબ ઘી ખવડાવ્યું એટલે એક દીવસ તેનો ધણી બોલ્યો હે પ્રીયે? મારી આંખે એકદમ કેમ દેખાતું નથી? પહેલાં કરતાં ઝાંખ પડવા લાગી છે. આ સાંભળી સ્રીએ વિચાર્યું કે શીવજીનું કહેવું સાચું પડયું ખરૂં? આથી તે વધુ ઘીનો ખોરાક ખવડાવવા લાગી આમ છ માસ સુધી ઘી ખવડાવ્યું એટલે એક દિવસે તેના સ્વામીએ કહ્યું હે પ્રીયે? હવે મને કંઈ દેખાતું નથી? હવે હું શું કરીશ? આ જોઈ સ્રીએ પોતાના યારને ઘર આગળ બોલવા લાગી. તેનો યાર રાત્રિએ આવે ને દિવસે ચાલ્યો જાય. એક દિવસ તેનો યાર ઘરમાં જવાનું ચુકી જવાથી બેઠો હતો. હવે આ આંધળો માણસ લાકડી લઈ બારણા

આગળ બેઠો હતો તેની સ્ત્રી બહાર દેવતા લેવા ગઈ એટલે તેણે ઉઠી તેના ચારને મારવા માંડયો તે ત્યાં સુધી માર્યો કે તે મરણ પામ્યો. ને સ્ત્રી આવી એટલે તેને કહ્યું કે જો તું હવે આવા ફંદ કરીશ તો તને પણ તેની માફક પુરી કરીશ હવે હુ દેખતો થયો છું એટલામાં એક તરૂણ તપસ્વી ત્યાં ભીક્ષા અર્થે આવ્યા તેમને જોઈ તે તેમના ઉપર મોહી પડી ને રાત્રીને વખતે ધણીને સુતા મુકી જોગીને આવાસે ગઈ જોગીએ તેને કહ્યું હે સ્ત્રી અમો જોગી લોક પારકી સ્ત્રીને અડીએ પણ નહિ. આ સાંભળી તે સ્ત્રી ઘેર આવીને ખડગવતી ધણીનું માથું કાપી જોગી પાસે ગઇ ને કહ્યું કે યોગીરાજ હવે હું પારકી સ્ત્રી રહી નથી આ મારા ધણીને હું મારી માથું કાપી લાવી એટલે હવે હું પારકી સ્ત્રી રહી નથી.

આ જોઈ જોગીએ કહ્યું જા ! જા ? પાપીણી તારૂં કાળું કર ! તારૂં મુખ મને બતાવીશ નહિ આ સાંભળી તે ઘેર ગઈ ને પ્રભાતે બુમ મારી કે ચોરે મારા ધણીને કાપી નાખ્યા, સર્વે એકઠા થયા ને તે શબને બાળી મુકયું, કહો આ સ્ત્રી ચરિત્રને ઓળખ્યા.

આથી લક્ષ્મીના પતિએ કહ્યું કે એતો કુલટાનાં કામ કહેવાય મારી સ્ત્રી તેવી નથી, મેં તેની પરિક્ષા કરી છે. આમ બન્નેની વાર્તાલાપ ચાલે છે, ત્યાં એક જોગીણી ભીક્ષા અર્થે આવી જોગીણીને ઘરમાં બોલાવી સારૂં દાન આપી

પુછયું હે જગદંબા મારો ધણી મારે કબજે થાય તેમ કરો ને આ યુવાન મારી સાથે સ્નેહ બાંધે તેમ કરી આપો. યોગીણીએ તેને કહ્યું કે એક કડું લાવ એ કડું હું મંત્રી આપું છું તે જેને પહેરાવશે તે કપી (વાંદરૂં) બની જશે. આટલું જાણી કુવર ચાલતા થયા.

હવે લક્ષ્મીને તેના પતીએ કહ્યું કે હવે આપણે ગામ જઈએ તો ઠીક. એટલે લક્ષ્મીએ કહ્યું કે સ્વામી આપણે ત્યાં આ ગોવિંદ ગોવાળને લઇએ તો ઘણો કામગરો છે ને કામ પણ લાગશે માટે કૃપા કરી લો તો ઘણુંજ સારૂં, બીચારા ભોળા હ્રદયના ભરથારે સાથે લીધો. ને પુત્રીને વળવા રથ તૈયાર કર્યો, સર્વે બેઠા ને ચાલવા માંડયું, કુંવર પોતાના અશ્વને લઇ ત્યાંથી નિકળ્યા પછી ફરતો હતો.તેણે રથ જતો જોઈ અંતરીક્ષ ચાલવા માંડયું.

લક્ષ્મીનાં માબાપો જાણતાં હતાં કે લક્ષ્મી ખરેખર લક્ષણવંતી છે છતાં પુત્રીને શીખામણ આપીને વિદાયગીરી આપી ચાલતાં ચાલતાં તેઓ જંગલના મધ્ય ભાગમાં આવ્યું ત્યાં રાત્રી પડવાથી આરામ માટે બેઠાં, સવાર થઈ એટલે સ્નાન કરવા ગયાં ત્યાં યુક્તિથી લક્ષ્મીએ પેલું કડું પહેરાવી દીધું કડું પહેરાવતાંજ તેનો સ્વામી કપી બની ગયો. આ દશ્ય રાજકુમાર શિવદત્ત જોઇ રહ્યા હતા હશે લક્ષ્મી ગોવિંદને લઈ ચાલી ને સ્વામી તો ઉપાઉપ કરતો જંગલમાં કુદવા લાગ્યો.

હવે લક્ષ્મી ગોવિંદ સાથે રથમાં બેસી બીજે રસ્તેથી આગળ ચાલવા લાગી, તેઓ થોડેક આગળ ગયા ત્યાં બપોરનો સુમાર થવા આવ્યો, આરામ લેવા રથ ઉભો રાખ્યો, ત્યાં કેટલાક ભીલોનું ટોળું આવી ચઢયું ગોવિંદ તો મુઠીઓ વાળી નાઠો. ભીલોએ રથને પોતાના સરદાર પાસે લઇ ગયા. કે જેનું નામ ખેમલો હતુ તે બોલ્યો, હે કોમલાંગી ! રૂદન શા માટે કરો છો, આપને ત્યાં ધનનો ટોટો નથી, માટે સુખેથી સુખ વિલાસ કરશું, ગોવિંદ ગયો જાણી તે તેની સાથે મોજ કરવા લાગી, એક દિવસ ગોવિંદ યોગીનુ રૂપ લઇ ભીક્ષા માંગવા તે ગામમા ગયો, ત્યાં લક્ષ્મીના જોવામાં આવ્યો એટલે ગોવિંદને કહ્યું હું રાત્રે ચામુડા દેવીના મન્દિરે આવીશ. ગોવિંદ વિદાય થયો પણ તેને થોડી ગીનીઓ અને દાગીના આપ્યા. હવે સમી સાંજનો વખત થવા આવ્યો એટલે લક્ષ્મીએ કહ્યું હે સ્વામીનાથ ! મારાં પેટમાં ચુંક આવતી હતી ને મેં તેથી ચામુડા દેવીને મટી જાય તો પગે પડવાની બાધા રાખી હતી તે આજે મટી જવાથી આપણે ચાલો દર્શન કરવા જઇએ એટલે તે અને સરદાર ભેમલો સાથે આવ્યાં દેવી નજીક આવ્યાં એટલે લક્ષ્મીએ કહ્યું હે સ્વામીનાથ ! તમારા હાથમાંની સમશેર હું પકડું ને તમે સાષ્ટાંગ દંડવત કરી માતાજીને પ્રણામ કરો. આથી ભેમલો ભોળવાઈ તેના હાથમાં સમશેર આપી

દેવીને સાષ્ટાંગ પ્રણામ કર્યા તરતજ લક્ષ્મીએ તલવાર તેના ગળા ઉપર મુકી, ભેમલો દેવીના મંદિરમાં ઓટલે લાંબો થઇ પડયો એટલામાં ગોવિંદ આવ્યો ને જંગલમાં વિશ્રાન્તિ સ્થાન શોધી કાઢી આરામ લેવા સુતાં રાતે ઉંઘી ગયો એક શાર્દુલ વાઘ આવી ગોવિંદને લઈ ગયો ને લક્ષ્મી ઝાડ ઉપર ચઢી ગઇ તે બચી. સવાર થતા સામે તળાવની પાળ પાસે એક યોગીની પર્ણકુટી જોઈ ત્યાં ગઈ; યોગીના રૂપ પર મોહાન્ધ થઈ તેને કહ્યું કે હે જોગીરાજ મારા પતી મરણ પામ્યા તેથી હું આપને મનથી વરી ચુકી છું. તો વાંચક હાલ આ દુઃખીણીને અહીં રહેવા દઇ ઘણા વખતથી જંગલમાં ઉપાઉપ કરતા વાનરને જોઈએ.

પ્રકરણ ૧૩ મું

વનનો વાનર.

વનમાં વાનર થઈ ફરે, નારી તણા દુષ્ટ કૃત્યથી,
આખર બની વાનર, રીઝવે ઘણાને નૃત્યથી.

લક્ષ્મી હવે પોતાના ધણીને વાનર બનાવી ચાલી નીકળી બીચારો ભોળા હૃદયનો ભરથાર આ ઝાડ પેલું ઝાડ કુદવા

લાગ્યો એટલામાં શિવદત્ત ત્યાં આવી ચઢયા, ને વાનરને જોઈ તેમણે પુછયું કેમ કપીરાજ મારા શબ્દો યાદ આવે છે. કોઈ સ્ત્રીના ફંદને જાણી શકયું નથી માટે આપ આ વાનર સ્વરૂપે જણાવો છો હે મિત્ર મારા દુઃખની વખતે તમે મને સહાય નહિ કરો. કુંવરે કહ્યું કપીરાજ મારાથી સહાય થાય તેમ નથી. પણ તસારો ઉદ્ધાર થશે ખરો એટલામાં એક મદારી ત્યાં આવી ચઢયો ને આ વાનરને પકડી લીધો. બાદ પોતાને ત્યાં લઇ ગયો ને તેને પોતાની વિદ્યા ભણવા માંડી તે સર્વે વિદ્યામાં હોશિયારને ચાલાક લાગવાથી મદારી તે વાનરની ચાલાકી કોઈ નુપતિને બતાવી સારૂ ઈનામ મેળવવા લઈને ચાલ્યો તે ગામેગામ વાનરનાં ખેલો બતાવતો ઘણા લોક ખુશ થતા ને તેને અનાજ લુગડુ તથા પૈસા પણ આપતા. તે ફરતો ફરતો વાનરના ગામમાં આવ્યો વાનરની કળા જોવા ઘણા માણસો એકઠા થતા. વાનર રમાડતો રમાડતો મદારી લક્ષ્મીના મકાન પાસે આવ્યો વાનર પોતાનુ મકાન જોઈ ઘણોજ દીલગીર થયો ને તેની આંખમાંથી આંસુ નીકળવા લાગ્યા તેને રડતો જોઇ મદારી પણ વિચારમાં પડયો તેને છાનો રાખવા મદારી ઘણો સમજાવે, હાથ ફેરવે પણ તે વાનર ઘર સામું જુએ ને રડે ? આ વખતે તે ઘર આગળ જે યોગીનીએ કંકુ આપ્યું હતું તે યોગીની તે ફળીયામાં આવ્યાં તે પણ આ

વાનરની રમત જોવા ઉભાં. ત્યાં વાનરને રડતો જોઈ દેવીએ ધ્યાન ધર્યું તો આતો લક્ષ્મીનો સ્વામી? વાનરની નજર તે યોગીની તરફ ગઈ તેથી તે રોતો રોતો દેવીના ચરણમાં પડયો ને આળોટયો સર્વે જોઈ દિંગ થયા કે આ વાનર કેટલો સમજુ છે. પછી દેવીએ તેને ઉઠાડયો હજુ પણ વાનરની આંખમાંથી આંસુ સુકાયા ન હતાં, દેવીએ કહ્યું હે ભાઈ! કર્મે લખેલું દુઃખ ભોગવ્યા સિવાય છુટકો નથી. તારા કર્મે આમ લખાયું હશે તે મિથ્યા કેમ થાય? ત્યાં દેવીની નજર કડા ઉપર પડી. તરતજ યાદ આવ્યું કે અરેરે? પાપીણીયે આ દશા કરી આથી દેવી સર્વેને કહેવા લાગ્યાં હે સજ્જનો આ વાનરને તમે મદારી પાસેથી રાખી લ્યો! કારણ કે તે ઘણો ઉપયોગી થઇ પડશે, આથી કેટલાકને દેવી ઉપર શ્રદ્ધા હતી તેમણે મદારીને કહ્યું કે વાનર અમને વેચાતો આપ પણ મદારી આપે ખરો! ઘણું સમજાવ્યું પણ મદારીએ તેને ન આપવા રકઝક કરી, આખરે કેટલાક નવજુવાનોએ તેની પાસેથી તોફાન કરી પડાવી લેવાનો વિચાર કર્યો આખરે તોફાન થયું રકઝકમાં વાનરના ગળામાં જે કડું હતું તે ખેંચવાથી નીકળી ગયું તરતજ તે પુરૂષ રૂપે બની ગયો સર્વે એ ઓળખ્યો ને વિસ્મય પામ્યા. તરતજ તે દેવીના પગે પડયો દેવીએ સર્વને જણાવ્યું હે મહાપુરૂષો! આ પુરૂષને તેની વ્યભીચારી સ્ત્રીએ પોતાને કબજે કરવા આ

કાર્ય કર્યું હતું. તે સ્ત્રી તેના બાપને ત્યાંથી ગોવિંદ નામના પોતાના યાર સાથે આવતાં માર્ગમાં આવી દશા કરીને ગોવિંદને લઈ નાસી ગઈ પણ તે તેની સાથે સુખ પામી નહી, ગોવિંદને વાઘ લઇ ગયો છે ને તેણે હવે એક અપંગ યોગી સાથે પોતાનો સંબંધ બાંધ્યો છે તે યોગીને લઈ ગામોગામ ફરી ભીખ માગી પેટ પુરૂ અન્ન મેળવે છે, તે આ તરફ થોડાજ સમયમાં આવશે કહી યોગીજી ચાલી નીકળ્યા.

આ તરફ યોગી પાસે ગયેલી લક્ષ્મીએ યોગીને વિનવ્યું કે હવે તમેજ મારા સ્વામી છો. યોગીએ પ્રત્યુત્તર વાળ્યો હે સ્ત્રી ? હું અપંગ છું, મને અપંગ જાણી ગામમાંથી કેટલાક લોક ખાવાનું તથા વસ્ત્ર આપે છે તે જો મને તારી પાસે દેખે તો મને આપશે નહિ માટે તું કોઇ બીજા પુરૂષને ગોતી લે તો સારૂં ! આ સાંભળી લક્ષ્મી બોલી હે યોગીરાજ મેં આપનેજ પતિ તરીકે માન્યા છે. આપ અપંગ છો તેથી શું ? મારી પાસે ઘરેણાં છે તે વેચી ગુજરાન ચલાવીશું જ્યારે તે થઇ રહેશે ત્યારે હું તમને મારા માથાપર મુકી આખા ગામમાં ફેરવી ભીખ માગી નીભાવીશું. મને સંગીત આવડે છે એટલે આપણને ઉદર નિર્વાહ માટે મહેનત નહિ પડે.

આમ લક્ષ્મીની અટળ ટેક જોઈ યોગીએ કબુલ કર્યું

લક્ષ્મી પાસેનાં ઘરેણાંમાંથી તેમણે પાંચ વર્ષ સુધી આનંદ ભોગવ્યો. પછી લક્ષ્મીને તથા યોગીને ખાવાનાં ફાંફાં પડવા લાગ્યાં એટલે લક્ષ્મીએ એક ઠેલવાની ગાડી રાખી તેમાં યોગીને બેસાડી ગામમાં ફરે ને એક ભજન ગાઇ લોકોને ખુશ કરે.

ગઝલ.

અમારા દેશને છોડી, થયાં હવે તો પરદેશી,
પ્રીતમની પ્રીતને તોડી, પસંદ કરીયો અમે જોગી
વિષયમાં અંધ તો બનીયાં, કર્યાં બહુ કર્મ છે કુડાં
હતા ઉજવળ જે નામો. કર્યાં છે તેહને ભુંડા,
રખડીયે રાનને શહેરે, કરી ભિક્ષા પુરૂં કરીએ.
વિષયમાં અંધતો બનીયા નહીં તેથી કંઈ ઠરીએ.
જગતના સર્વ બંધુઓ, બનો ના કામમાં અંધા,
થશો હેરાન તમ જગમાં, કરી એ નીચના ધંધા.
નહીં કંઈ કામતો સુઝે, વિષયથી જો થશો ઘેલા,
મરણ તમ થાશે તો જલ્દી, જશો તમ જેલમાં પેલા
ગુમાવી ગર્થ ગાંઠેથી, બનો શું હાથથી ગાંડા,
જતાં લક્ષ્મી સહુ ચાલી, પડે તમ શીર પર જોડાં,
હજુ સમજી જશો જ્ઞાની, થશે ના દેહની હાની;
કહે 'મનમોજી' એ સાચું સુણીને તો બનો જ્ઞાની.

આ મીઠુ મધુર જ્ઞાન સાંભળી લોકો પૈ પૈસા વસ્ત્ર વગેરે આપતા. આથી તેમનો નિર્વાહ ચાલતો.

હવે એક દિવસ લક્ષ્મી ફરતી ફરતી પોતાના સાસરે આવી. ઘણા વખતથી ગામ ત્યજી ગયેલી એટલે તેને કોઇ ઓળખી શકતું નહિ, ફરતી ફરતી પોતાના ફળીઆમાં આવી. આ વખતે યોગીની પણ ત્યાં હતાં. યોગીનીને જોઇ લક્ષ્મીએ સાષ્ટાંગ પ્રણામ કર્યા. યોગીની સમજી ગયાં કે આ ઘરની માલીક લક્ષ્મી છે. એટલે તેમણે ફળીઆનાં સઘળાને જણાવ્યું. સર્વ જોવા માટે ટોળે વળ્યાં કેટલાંક તો તેને ફટ ફટ કહી તિરસ્કાર દર્શાવવા લાગ્યાં. તો કેટલાંકને દયા આવવાથી જુનાં લુગડાં અન્ન આપવા લાગ્યાં. લક્ષ્મી શરમાઈ ગઇ. એટલામાં તેનો પતી આવ્યો. તેના પતીએ બીજી સ્ત્રી સાથે લગ્ન કર્યું હતું તે સ્ત્રીએ આ ગરીબ બાઇ જાણીને નવી સાડી તથા ચણીયો તથા પોલકું આપ્યું. પોતાના સ્વામીને કહ્યું હે પ્રાણેશ આ ગરીબ બાઇને આ બધા શા માટે આટલું બધું અહીંથી આપે છે. એટલે તેના સ્વામીએ કહ્યું હે પ્રીયા ! તું જાણુતી નથી. તે એક વખતની તારી જગ્યાની માલીક હતી ને તેના નચાવ્યા પ્રમાણે હું નાચતો હતો તેથી તેણે મને વાનર બનાવ્યો તો તારા ભાગ્યે પાછો નર દેહ પ્રાપ્ત કર્યો. પણ જો આ તેની દશા ! આ સાંભળી સ્ત્રીના હૃદયમાં તિરસ્કાર છુટયો. પણ તેનું દુઃખ ન જોઇ

શકવાથી આંખમાં આંસુ આવ્યાં. તે બોલી, હે સ્વામી! વિષયાંધ માણસો એવાંજ હોય છે. તેઓ પોતાની ઈચ્છા પુર્ણ કરવા ગમે તેવાં ભયંકર કામ કરે છે. દરેક પુરૂષ રૂપગર સ્ત્રીને યુવાની છોડતી નથી, કોઈ એક કહ્યું છે કે:—

બનાવે કંઈકને કેદી નખાવે શીષ કંઇ છેદી;
યુંવાની શત્રુ છે ભેદી ને માનો કે મઝાની છે.
વિષયમાં અંધજે બનશે સદા કમોતથી મરશે.
નહીં દીન કો કદી ઠરશે, વિના મોતે જરૂર મરશે.

આમ વાત ચાલી રહી છે ત્યાં એક અશ્વ આસમાંનથી ઉતર્યો, આ જોઇ તે માણસે પોતાના મિત્રને જોઈ દોડતો આવી ભેટી પડયો. આ જોઈ લક્ષ્મીને પોતાની પુર્વ સ્થિતિનું ભાન થયું ને કુંવરને જોઈ શરમાઈ ગઈ. આથી કુંવરને તેની દશા જોઈ દયા આવી તેથી કુંવરે તેને મોતીનો હાર આપ્યો. તે લેવા લક્ષ્મીએ ના પાડી. ને બોલી, હે કુમારશ્રી હવે હું હાર લેવાને લાયક રહી નથી. તમારા હારથી ઉલટી હું દુઃખમાં આવી પડું ને કોઇ જાણે તો ઉલટો મારા પર દુઃખનો ડુંગર તુટી પડે. માટે મને આમ ભિક્ષા માગી ગુજરાન કરવા દો. કુંવરે કહ્યું કે લે હું આ ચીઠી આપું છું તે ચીઠી કોઇ તને પુછે તો બતાવજે એટલે તને તેની કીંમત આપશે, ઓછામાં ઓછા આટલાના વીસ હજાર રૂપીઆ આવશે. તે રૂપીઆ તમો બેંકમાં મુકી રાખજો.

તેમાંથી ચાર હજાર રૂપીઆ લઈ તમો એક ઘર ભાડે લેજો ને કપડાં લત્તાં શીવડાવી બાકીના પૈસામાંથી વ્યાજ આવે તે ઉપર નિર્વાહ નીભાવજો પણ જોજે અત્યારે તારામાં જે પતિ સેવા છે તે કદિ ચુકીશ નહિ. અપંગ યોગી આ જોઈ ઘણો ખુશી થયો ને આશીર્વાદ આપતાં સર્વે ચાલ્યાં, તો વાંચક આપણે ચાલોને આગળ જોઇએ કે શિવદત્ત કયાં જાય છે.

પ્રકરણ ૧૪ મું.

મોતના મુખમાં.

અપ્સરા તુલ્ય સુંદરી, આવી પડી મોત મુખમાં,
બચાવી સર્વે દુઃખથી, દિવસ વિતાવે સુખમાં.

શિવદત્ત ફરતો ફરતો જંગલમાં આવી ચઢયો પોતાના જીવનના પ્રસંગોના વિચારો કર્યા કરતો હતો તેવામાં કેટલાક માણસોનું જુથ તેના જોવામાં આવ્યું તેમાં કેટલીક સ્ત્રીઓ જણાઇ આવી. તેઓ લુટારા સમજી ત્યાં ગયો તો આઠ યોગી વેશમાં તરૂણ તપસ્વી જોવામાં આવ્યા તેમની સામે આઠ કન્યાઓ ઉભેલી હતી તેમનાં મુખ ઉપર શોક પ્રસરી રહ્યો હતો પણ પેલા તપસ્વી કુંમારોનાં મન હરખાતાં હતાં શિવદત્ત વિચારમાં પડયો કે આ બાળાઓ શા માટે અહીં લાવવામાં આવી હશે. આ નવીન આવનાર માણસને જોઇ કુમારીકાઓની આંખમાં આંસુ આવ્યાં. તે

જોઈ કુમાર બોલ્યો બાળાઓ ? શાન્ત થાવ તમો રડી રહ્યાં છો તે કારણ હું સમજી શક્યો છું હું હાલજ તેનો ખુલાસો કરૂં છું એમ બોલી યોગી પ્રત્યે બોલ્યો. અરે જોગીઓ ? તમે સંસારથી વિરક્ત છો તમારામાં કોઈ જાતનો રાગદ્વેષ નથી. વળી આ સંસાર સાગરમાં ધકેલનારા વિષયીરૂપી વિષ વૃક્ષનાં ફળ ત્યજી તમો શિવસુખને આપવાવાળો સંન્યસ્થ ધારણ કર્યો છે. તમારે કંઈ રાજપાટ તેમજ જમીન જાગીર વહેંચવાની નથી. તો તમો આ કુમારીકાઓને શામાટે અહીં ઉપાડી લાવ્યા છો તે જણાવશો; આથી જોગીઓએ કહ્યું.

હે દેવ તુલ્ય પુરૂષ ! આપના આગમનથી અમો ખુશી થયા છીએ અમારી પાસે ચોપડીમાં આઠ જાતની વિદ્યા છે. તેના અમે મંત્ર જાપ કર્યા. પણ અમોને તે વિદ્યા સિદ્ધ થઇ નહિ તેથી અમો એક યોગી પાસે ગયા. અને તેમને પુછયું ત્યારે યોગીએ જણાવ્યું કે આઠ કન્યાઓનું બળીદાન તમો દેવીને આપશો તો તમારી વિદ્યા સિદ્ધ થશે. ને તેથીજ અમો આ આઠ કન્યાઓનું બળીદાન આપવા માટે અહિં લાવ્યા છીએ હવે આઠ વિદ્યાઓમાંથી દરેકે કંઈ વિદ્યા લેવી તે બાબતનો વાંધો પડયો છે. તેનો નિર્ણય કરી આપી આપ ઉત્તરસાધકપણે રહી અમારી વિદ્યા સિદ્ધ કરી આપશો. આથી કુંવરે પુછયું તમારી પાસે આઠ કયા પ્રકારની વિદ્યાઓ છે તે જણાવશો.

જોગીઓઃ—હે મહાન પુરૂષ, જુઓ. અમારી પાસે ચાવડી. કંથા. પાત્ર, ડંડ, કંબા, દુદુ, બુટી, ગુટકો, આ આઠ વિદ્યાની વસ્તુઓ છે. તે આપની પાસે હાજર કરી છે.

શિવદત્ત—હે જોગીઓ ! તમે હવે જરા દુર રહો તો હું આ આઠ કન્યાઓને સમજાવી તમારૂં કામ કરી આપું, કકળતા મનના ભોગથી માતા સંતુષ્ટ થતાં નથી. માટે જરા દુર રહો. પછી કુંવરે, કુમારીકાઓને પાસે બોલાવી કહ્યું હે બાળાઓ તમો કોણ છો તે જણાવશો.

કુમારીકાઓ—હે ઉત્તમ પુરૂષ ? અમે વિમળ શહેરના રાજાની પુત્રીઓ છીએ. અમો જ્ઞાતે બ્રાહ્મણ છીએ આ સાંભળી શિવદત્ત ગુસ્સે ભરાયો અને પેલા જોગીઓને વાંદરા બનાવી દીધા. એટલે તેઓ હુપાહુપ કરતા આ ઝાડથી પેલે ઝાડ કુદવા લાગ્યા. પછી કુમાર પોતાની પાસેના જાદુઈ અશ્વનું મોટું સ્વરૂપ બનાવી આઠે કન્યાઓને લઈ આકાશ માર્ગે ઉડયો. જંગલમાં આગળ ચાલતાં એક યોગીની આકરંદ કરતા જોઈ અશ્વને તેમની નજીક ઉતાર્યો, પછી કુમાર યોગીની નજીક જઈ યોગીને પુછવા લાગ્યો કે હે ! મુનિરાજ આપ કેમ કલ્પાંત કરો છો આપને શું દુઃખ છે.

આ સાંભળી જોગી બોલ્યા. અરર ! હું શું કહું મારા આઠ શિષ્યો દુષ્ટ નિવડયા ને તેઓ મને માર મારી મારી ઉત્તમ આંઠ વસ્તુઓ ચોરી ગયા તેથીજ હું રૂદન કરૂં છું.

આથી યોગીને શાન્ત રાખી કુમાર બોલ્યો હે જોગીરાજ ! આપ શાન્ત થાઓ, આપના આઠ શિષ્યો પોતાની ઈચ્છા પુર્ણ કરવા આઠ કન્યાઓના ભવ બાળતા હતા. સમય પરત્વે હું જઈ ચઢયો ને તેમને તેમના દુષ્ટ કર્મની શીક્ષા કરી તેમને વાંદરા બનાવી આપની આઠે વસ્તુઓ અહીં લાવ્યો છું તે આપ લ્યો અને આપના આત્માનું કલ્યાણ કરો ! આથી યોગીએ ખુશ થઈ કુમારને દંડ તથા કંથા એ બે વસ્તુઓ ઈનામમાં આપી કહ્યું કે હે શુરવીર પુરૂષ આ બે વસ્તુઓમાં એવો ગુણ છે કે ગમે તેવો શુરવીર શતરૂ હશે તોપણ તારીણસાથે જીત મેળવી શકશે નહિ ને આ કંથ છે તે જ્યારે તારે જરૂર પડશે ત્યારે તને જોઈતું દ્રવ્ય આપશે. આમ આશીષ લઈ કુમાર પેલી કન્યાઓને તેના પિતાને સોંપવા ચાલ્યો. તે કન્યાઓને તેમના પિતાને સોંપી પોતે પોતાના નગર તરફ જતો હતો. ત્યાં માર્ગમાં તેને સમાચાર મળ્યા કે કોઈ વિદ્યાધર આપની પત્નીનું હરણ કરી ચાલ્યો ગયો છે, આ સાંભળતાંજ કુંવરનો ગુસ્શો વધ્યો ને તેને શોધી કાઢવા પોતાના જાદુઇ અશ્વને તૈયાર કરી આકાશ માર્ગે ઉડયો. માર્ગમાં ચાલતાં ચાલતાં એક નગર પાસે આવી પહોંચ્યો તો વાંચક આપણે ચાલોને તેજ નગરના રાજાના મહેલમાં તેની પત્નીનું શું થાય છે તે તપાસીયે.

પ્રકરણ ૧૫ મું.

પતિવ્રત પ્રભાવ.

દોહરો.

સાચી સતી નારી કહી, નીજ ધર્મને ત્યજતી નથી;
પરણી પતી જે સાથ તે અન્યને ભજતી નથી.

યોગી પાસેથી કુમાર પોતાના જાદુઇ અશ્વ પર બેસી આકાશ માર્ગે ચાલ્યો ત્યાં માર્ગમાં એક નગર આવ્યું તેને નીહાળતો નીહાળતો આગળ જતો હતો. ત્યાં એક મહાલયમાં કંઈ નવીન બનાવ જોવામાં આવ્યો તો વાંચક ત્યાં શું થતું તે તપાસીયે. રાજા રૂપવતીને ઉપાડી લાવી તેના પ્રત્યે પ્રેમ માગણી કરવા લાગ્યો.

રાજા—હે સ્ત્રી તારા ઉપર હું મોહાન્ધ છું તું તારાં વસ્ત્ર અલગ કરી મારી સન્મુખ ઉભી રહે મારે મારી સાધના સાધવી છે.

દોહરો

નારી ઉભી રહે નગ્ન થઈ, છે કામ મારૂં તુજથી;
મોહાન્ધછું તુજ રૂપ પર, અવળી ફરીશ ના મુજથી
માળી બની તુજ બાગનો, સ્થાપું હ્રદય મંદિરમાં,
હાજર રહીશ ઉઠાવવા, આજ્ઞા તમારી આધીનમાં.

રૂપસુંદરી—હે રાજન, ધીરજ રાખ વિચારી જો, તારૂં મોત નજીક દેખાય છે તેથીજ આવું બોલાય છે હે દુષ્ટ

અનાચારી જા, જા તારી મા અગર સહોદરીને ઉભી રાખી તારી વિદ્યા સાધી તેની સાથે પાણી ગ્રહણ કરી સંસારનાં સુખ ભોગવ. અને મુર્ખ, મણિધરની મણી લેવા શું તું હિંમત ધરાવે છે !

નથી તાકાત તારામાં શિયળ લુંટવા અરે મ્હારૂં,
દઇશ હું શ્રાપ તુજને તો જશે જીવન બધું ત્હારૂં.
સંતાપતાં સતિ નારને શિર કંઇકના જો પડયાં,
રણમાં ગયાં રઝળી ઘણાં ના નામ છે કંઈ તે તણાં.

માટે વિચાર! મારો શિવછત્ર જો જાણશે તો તારા શા હાલ થશે. હે લંપટ, તારા જેવા હરણાં વનમાં ઘણાં રખડે છે તેથી શું સિંહ ડરી જશે? જરી વિચાર તો કર. કે સતિઓ ઉપર નજર કરવાથી કોણ સુખ પામ્યું ?

રાજા--હે મૃગનયાન ! રસિક મણી, મનહરણી, તારૂં ડાહાપણ જાણ્યું. હવે કયાં જવાની છે.

રૂપસુંદરી—અરે દુષ્ટ વ્યભિચારી રાજા થઈ ભાન ભુલે છે. સમજ, વ્યભિચારી પુરૂષનું કોઇ વિશ્વાસ કરતું નથી વળી સઘળે ઠેકાણેથી શ્રાપના ભોક્તા બને છે અને આખરે ઘોર નર્કના અધિકારી થાય છે. મહાદેવ જેવા દેવ છતાં પણ સ્વર્ગથી નર યોનીમાં આવ્યા ઇંદ્ર, અહલ્યા સંગે સહસ્ર ભગના શ્રાપનો ભોગી થયો. કુરવાળુંઓ સાધુ ગુરૂ-દ્રોહિ હતો તે વેશ્યા સંગથી છટકી નર્કે ગયો પુંડરિક

સાધુએ હજાર વર્ષ તપ કર્યા પછી એક રાત્રી સ્ત્રીના સંગથી નરકે ગયો. વ્યભિચારીની કરણી નબળી હોય છે તેને મોત તો વરી ચુકેલાં હોય છેજ માટે હે રાજન! પરસ્ત્રીનો સંગ કરવા ઇચ્છા ન કરો. વ્યભિચારી પદ ધારણ કરતાં લોકોમાં હાંસીને પાત્ર થશો, યશ મેળવતાં જીંદગી વહી જાય છે પણ યશને ગુમાવતાં વાર લાગતી નથી માટે અનિષ્ટ કાર્ય ત્યજી ઈશ્વર પરાયણ બન.

રાજા—હે મનમોહીની, તે પરસ્ત્રીને ગમન કર્તાને કુશીલ્યા કર્મહીણ અને દુર્ગતીમાં જનારા કેમ જાણ્યા? પરસ્ત્રી ભોગવ-નારા સેંકડો સ્વર્ગ ભુવનના ભોગભાજન થયા છે. જેઓના નામ યદાપી યસવત રહેલાં છે જો સદાશીવ જેને આકારે વર્ણવું જે છે તે પુત્રી ઓખાને જોઈ વિહ્વળ થયા તે દિવસથી ત્રીનેત્રવાળા કહેવાયા લીંગ પુજનની સ્થાપના થઇ એ લીંગ પુરાણ પ્રતિતિ આપે છે કૃષ્ણચંદ્ર ગોવાળિયા થઈ બત્રીસ હજાર ગોપીઓ વરી મહીઆરીનાં મહી લુંટયા એમ વિષ્ણુ પુરાણ સિદ્ધ કરી આપે છે પાન્ડુ રાજાની સ્ત્રી કુન્તા કુંવારી છતાં સુર્ય સંગથી કરણ જેવો બાણાવળી પુત્ર છતાં સતિ ગણાય. બ્રહ્માએ રસ્તામાં એક રિંછડી જોઈ મોહ પામી વિષય સેવન કર્યું તેથી રીંછ ઋષિ પેદા થયા અને એજ બ્રહ્માપુત્રી પર કુદ્રષ્ટિ કરી પ્રભુ મનાયા તેને આખું જગત માને છે આ વાતની સાક્ષી બ્રહ્મ પુરાણ આપે છે

મહારાજા ભરતે ગંગાદેવી સાથે હજાર વરસ વિષય સુખ આનંદ અનુભવ્યો છતાં મોક્ષે ગયા શશક મશકની બેન ગજ સુકુમારિકા સાધવી એક સાથ વાહની સાથે લાંબા વખત સુધી ઘર માંડી રહી છતાં દેવલોકમાં ઉતરી આવા આવા ઉત્તમ પુરૂષો દીવો લઇ કુવામાં પડેલા અને વીર શિરોમણી છતાં ગળીયા બળદીયા જેવા થઈ ગયા તો હું શું હિસાબમાં. કામદેવે કોઇને છોડયા નથી અને છોડશે નહિ. વ્યભિચારના કરનારા તો સદગતિમાંજ જાય છે માટે મારૂં માની જા.

રૂપસુંદરી—હે રાજન ! કદિ સુર્ય પશ્ચિમમાં ઉગશે સમુદ્ર મર્યાદ મુકી જશે તો પણ હું મારૂં શિયળ ચુકું તેમ નથી.

આ સાંભળી રાજા વધારે ગુસ્સે થયો ને બે હાથ પહોળા કરી તેને પકડવા દોડયો.

શાણી સલુણી સુંદરી શા માટે તું તલસાવતી,
આવી મળી જા હેતથી ના મુજને સંતાપતી.
આવી પડી છે મરણ મુખમાં તોયે ટેકને તજતી નથી,
જેમ જેમ તને હું વીનવું, તેમ તેમ વધુ લવતી જતી.

રૂપસુંદરી—ઓ અંધકામી કાગડા સતિ કદી અન્યને ભજતી નથી આમ બોલી રૂપસુંદરી આઘી ખસી ગઇ છતાં કામમાં અંધ બનેલ પરાણે બળાત્કાર કરવા તેના તરફ ધસ્યો.

બહુબહુ તને હું વિનવું છતાં જરી ના માનતી
છે છેડી મુજને જો હવે શું સ્વાદ છે તું ચાખતી,
છે સહાયના તારી ખરી કે તુજને ઉગારશે,
જ્યારે પડીશ મર્ણ મુખમાં ત્યારે સહુ સંભાળશે,

આમ બોલતો તે નેપકડી ચુંબન કરવા જતો હતો ત્યાં રૂપવંતીએ લાત મારી કામાંધ નીચે પડયો તરતજ ઉભો થઈ તેને ફરીથી પકડવા દોડયો.

અપમાન મારૂં તું કરી શું સુખથી નાસી જશે ?
મુજ મહેલમાં સપડાઇ છે તે એમ શું એમ ચાલી જશે ?
હજી કહું છું વિનવી માનીશ તો સુખી થશે,
નહિ તો સમજ અહીં આજ તુજ પ્રાણ પરલોકે જશે.

રૂપવંતી—(સામો જવાબ આપ્યો)

કામી બની અંધ કાગડા શું કામમાં ફુલાય છે ?
બે દીનનો મ્હેમાન છું તેમાં શું તું મલકાય છે ?
છે સારના કોઇ કામમાં, તેથીજ શિર કંઇનાં ગયાં,
તુજ સમા કંઈ રાજવીના રાજ પણ ચાલ્યાં ગયાં.

માટેજ જરા સમજ ! જેવી તારી મા બ્હેન છે તેવીજ મને માની પગે પડ.

રાજા—શું હું પગે પડું. જા, જા, તારી જેવી હજારોને પગે પાડવા સમર્થ છું બોલ, આ છેલ્લુંજ પુછું છું પ્રેમ કે મોત ?

રૂપવંતી—મોત મોત ને મોત.

વ્હાલા શિવદત્તના નામપર આ જાન પણ કુરબાન છે,
તેના વિના જીવન બધું આ જાણુ કે બરબાદ છે.
શ્રદ્ધા હૃદયમાં છે મને, આવી જરૂર ઉગારશે,
તુજ સમા કંઇ કામીને પળ એકમાં સંહારશે.

રાજા—(ક્રોધે ભરાઈ) દોહરો.

મદથી ફુલાતી માંકડી શું માનતી મારૂં નથી.
જોઉં છું કે કોણ છે અહિં લઈ જાય તુજને મહેલથી
તાકાત ના છે કોઇની કે તુજને છોડાવશે.
છોડાવતાં તુજ પ્રાણને નિજ પ્રાણ ! અહીં રખડાવશે.

આમ બોલતો રૂપવંતીને પકડી નીચે પાડી. આ બનાવ જાદુઈ અશ્વ ઉપર બેસી ફરવા નીકળેલો શિવદત્ત નિહાળતો હતો. તરતજ મહેલમાં દાખલ થયો અને બોલી ઉઠ્યો

પાપ તારાં પુર્ણ થઈ આજ જરૂર ફુટી ગયાં.
ઓ અંધ કામી કાગડા જો ચક્ષુ તુજ ફુટી ગયાં.
છોડી સતી એ નારને ભેટો કરી જા મુજથી
ડરતો નથી સિંહ બાળ એ તુજ સમાં શિઆળથી

હે દુષ્ટ પાતકી, પરસ્ત્રી હરનાર દુરાચારી કનિષ્ટ કામાંધ સાંભળ તારો કાળ નજદીક આવ્યો છે. તારા ઈષ્ટ દેવનું સ્મરણ કર. હવે તને કોણ બચાવનાર છે, એમ બોલી

મ્યાનમાંથી તલવાર ખેંચી દુષ્ટ રાજાની ગરદન પર મારવા જતાં રૂપવંતી બોલી ઉઠી સ્વામી તેને તેના પાપકર્મોનું ફળ મળી ચુકયું છે. રાજા ઉભો થઈ બે હાથ જોડી ઉભો રહ્યો હે શિવદત્ત ? મારા પર કરેલા ઉપકારનો બદલો હું શી રીતે વાળું. મારા ચક્ષુ ઉપર કામરૂપી અંધકારનો પડદો છવાયો ને સતિ નારીને સંતાપી કષ્ટ આપ્યું તે માટે હું આપની ક્ષમા ચાહું છું, સાથમાં મારા કરેલા પાપકર્મનું પ્રાયશ્ચિત એજ કે મારી પુત્રીનું લગ્ન આપની સાથેજ કરી આપું છું આપ સુખેથી અહીંઆ રહી રાજ ભોગવો. રાજા આમ બોલી જંગલમાં ચાલ્યો ગયો.

તો વાંચક આપણે આગળ ચાલોને જોઇએ કે શિવદત્ત કોણ હતો તે તપાસીએ.

પ્રકરણ ૧૬ મું.

શિવદત્તનું વૃતાંત.

એક દિવસ શિવદત્ત પોતાની પત્ની રૂપવંતી સાથે અશ્વ ઉપર સ્વાર થઇ ઘોર અરણ્યમાં આવી ચઢયાં ત્યાં એક મહાન યોગી તેની નજરે પડયા. ત્યાં જઈ બંનેએ વિશ્રામ કર્યો. કેટલીક વાર ધર્મોપદેશ થયા બાદ યોગી બોલ્યા, હે

કુમાર આ ભવથી તેરમે ભવ તું સુરપુર નામનો શેઠીઓ હતો, તારે ચાર સ્ત્રીઓ હતી તેમાં એક અણુમાનીતી હતી જેને તું નજરે પણ ન જોતો. તેથી તે હમેશાં રાત્રી દિવસ રોતી, પોતાનું આયુષ્ય પુર્ણ ભોગવી મરણ પામી. વ્યંતર દેવી થઈ. તે તેને ભવેભવ નડતી આવી છે, તેવીજ રીતે પુરૂષના વેરભાવથી અનેક રૂપ ધારણ કરી તારો વિયોગ કરાવવા મથન કરે છે. પણ તારા પુન્યના બળથી તું જીવતો રહ્યો છે. માટે જો તું સુખી રહેવા ઈચ્છતો હોય તો કોઈ દિવસ રૂપવંતી સાથે કંકાસ કરીશ નહિ લલના એ લક્ષ્મીનું રૂપ છે જે પુરૂષ ઘરમાંથી સ્ત્રીને કાઢી મુકે છે તે લક્ષ્મીને અપમાની કાઢી મુકે છે એમ સમજવું પાછો તે લક્ષ્મી મેળવી શકતો નથી આ જગતમાં સુખના આપનારા ત્રણ જણા છે.

શિવદત—મહારાજ આ ત્રણ કોણ ને કેવા કેવા પ્રકારના સુખ આપનારાં શાસ્ત્રે કહ્યાં છે તે કૃપા કરી જણાવશો.

ગુરૂ—સાંભળો એક તો સુપુત્ર પુત્ર કે જે પોતાના સદ્‌ગુણોરૂપી સુર્યના કિરણોથી આ દુનિયામાં પોતાના કુળને ઉજ્જવળ કરે તે અને બીજો હિતચિંતક, નેકીવંત, પરમ સુખેચ્છક મિત્ર કે જે મિત્રના દુઃખમાં ભાગ લઈ મિત્રને મદદગાર થઈ પડે અને વિનાસ્વાર્થે અને કોઇપણ જાતની આશા વિના પોતાનું કર્તવ્ય સમજી વર્તી જાળમાં પોતાની

ચાલના અમર કરનાર મીત્ર ત્રીનુ સુખ હવે માત્ર સ્રીનુંજ છે જે તેનું સુખ શાહીકારે અપુર્વ કહેલું છે. સ્રી જાતિમાં કરોડો દુષણો સમાયેલાં છે તેમજ સ્રીની ચોસઠ કળા પાસે પુરૂષની બહોતેર કળાઓ પણ નિરર્થક છે વળી સ્રી એ મહારાજાની રાજધાની છે એમ ખટદર્શની શાસ્રકારો ચોકખુ જણાવે છે એવી છતાં જો તેના અંદરના ભાગનું સ્વરૂપ જાણવામાં આવે તો તે ધર્મરાજાની થઇ પડે છે. અર્થાત સ્રીવ સુખની આપનારી થઇ પડે છે માટે સમજુ માણસોએ તેનો ત્યાગ ન કરવો જોઇએ; જુઓ રામ કૃષ્ણ, બળદેવ, ભરત, બાહુબળ, એવા અનેક શ્રેષ્ટ પદ્ધી પ્રાપ્ત કરેલાઓની ઉત્પતી પણ સ્રીમાંથીજ ઉત્પન્ન થયેલી છે. પતીવૃતા ધર્મ જાણનારી સ્રી સુખ દુઃખમાં સાથે રહી પતીને સહાય કરનાર થઈ પડે છે. સ્રીના કંકાસથી કોઇ દિવસ કોઈપણ કાર્યમાં ફતેહ મેળવી શકાય નહિ. માટે દરેક સમજુ માણસે ગમે તેવી સ્રી હોય તોપણ કંકાસ કરવો નહિ, એમ શાસ્રકારો પણ જણાવે છે.

શિવદત્ત—ગુરૂરાજ આપનું કહેવું સત્ય છે. હાલ હું જાઉં છુ! કૃપા કરી રજા આપશો.

યોગી—અચ્ચા! આ સંસારમાં રહી ધર્મનુ યથાર્થ પાલન કરજે એક તારા મરણનું બચાવવા વાળું સાધન છે. પ્રિય વત્સ! આજે હું ત્હને પરમાત્મા તત્વ વિષે જે

કહું છુ ત્હેનુ યથાર્થ પાલન કરજે અને ત્હારા જીવનમાં ઉતારજે જેથી તું આદર્શ વ્યકિત બનીશ દુનીયાના વિષય ભોગી પ્રેમી ન બનતાં મહાત્માઓ જેને અચ્યુતમ આનંદના કેન્દ્રસ્થાન આત્મદેવને પ્રથમ અનુભવવા જે ડંકા બજાવા રહયા છે તે ધ્વનિથી ત્હારૂં અંતઃકરણ શુદ્ધ કરાવવા ત્હારા પ્રતિ મ્હને પ્રેમ થયો છે તો તું ત્હેનુ શ્રવણ કરવા સારૂ દિલથી તત્પર રહે અને સાંભળ. શાસ્ત્રો અને યોગીઓ બુલંદ અવાજથી એક બાબત ઘણી ઘણી મહત્વની સમજાવે છે અને તે મન સંયમ છે જેણે મન જીત્યું છે તેણે વીશ્વને જીત્યું ગણી શકાય. કારણુ જે મનજ બંધન અને મોક્ષને અપાવનાર સાધન છે જેથી ત્હારે મનની વાતને ધ્યાનમાં ઉતારી લેવી; આ જગત ધ્વનિનો પ્રતિધ્વનિ છે. એટલે જેવો પડઘો તેવોજ પાછો ઉત્તર સાંભળી શકાય છે, મનુષ્યની સ્થિતીનો આધાર ત્હેના કર્મોપર અવલંબન રાખજે અને કર્મો વિચારાશ્રિત હોય છે. આ જગતમાં ઇશ્વરના મહાન નિયમો પ્રવર્તી રહયા છે અને ત્હેનેજ કુદરત કહી શકાય તેમાંનો એક નિયમ સમાન સમાનતે આકર્શે છે જેથી મનુષ્ય જેવા વિચાર કરે તેવો તે બની શકે છે. માણસનો કોઈ પણ વિચાર મુર્તિમંત વખત આવ્યે સ્થુલ રૂપ લે છે. જેથી સારા વિચારોનું પરિણામ પણ સારૂંજ આવી શકે તે નિર્વિવાદ છે. તેથી ત્હારા વિચારો આ અનિત્ય સંસાર તરફ

નહિ વ્હેવરાવવાનાં જે સનાતન સત્ય ઈશ્વરે છે. ત્હેનેજ વિચારોમાં દિન પ્રતિદિન ઉતારવામાંજ મહાભાગ્ય સમજી લેવું પરમાત્માજ આ વિશ્વના તારા તેમજ મ્હારા દરેકના ઉત્પાદક પિતા છે અને તે પીતાની આજ્ઞાઓને પાળવી તેજ આ જીવનનું મુખ્ય કર્તવ્ય છે ઘણાજ પુન્યના પ્રભાવોથી આ કર્તવ્ય બજાવતાં બજાવતાં મનુષ્ય આખરે કૃતકૃત્ય થઈ ઈશ્વર પદને પામે છે તે પદપર તેને આરૂઢ કરવાના ઉપાયો હું તને કહું છું તે ત્હારે પુર્ણ શ્રદ્ધાથી શ્રવણ કરવા.

પરમ પિતા ઈશ્વરની મોટામાં મોટી આજ્ઞા એ જીવાત્માની સેવા છે એ સેવા મન વચન અને કર્મથી થઈ શકે. મનમાં બીજાઓ પ્રત્યે સારા વિચારો કરવા અને તેમનામાં પ્રેમથી ઇશ્વરને જોવા. તેમજ તેમના કોઈ કર્મ તરફ નહિ જતાં આપણા પવિત્ર વિચારોનાં આંદોલનો મોકલવાં અને તેવાજ બીજા પવિત્ર વિચારથી જગતમાં રહેવું તેના જેવું મહાનમાં મહાન પુન્ય બીજું એકે નથી.

આ સાંભળી કુંવરે પ્રણામ કરી કહ્યું યોગીરાજ આપનો ઉપદેશ મનુષ્યના જીવનને ઉત્તમ બનાવવાનો છે આમ બોલી કુમાર પોતાના અશ્વ ઉપર રવાને થઈ સ્વદેશ ભણી પ્રયાણ કર્યું અને પોતાની પ્રજાનું પુત્રવત પાલન કરી શુભાસીષ મેળવી

સમાપ્ત

બોધદાયક વચનો.

આ જગતમાં ત્રણ જાતના પુરૂષો વસે છે તેમને ઓળખો ?

૧ લો પવિત્ર પુરૂષ—કે જે પોતાનો સ્વાર્થ ત્યજી પરદુઃખે દુઃખી થાય છે તે સંતપુરૂષ જાણવો.

૨ જો સામાન્ય પુરૂષ—કે જે પોતાના સ્વાર્થ સાથે સામેના હીતનો વિચાર કરી તેને યોગ્ય ન્યાય આપે તેના દુઃખની વાત સાંભળી પોતાથી બનતો દીલાસો આપે તે બીજા વર્ગનો પુરૂષ કહેવાય !

૩ જો રાક્ષસી પુરૂષ—કે જેઓ પોતાનાં સ્વાર્થ માટે અન્યને મારે અધર્મમાં રાજી રહે. વ્યભિચારી, જુગારી અને વ્યાસનાધી આ સર્વે રાક્ષસી પુરૂષો કહેવાય ?

૨ જો હિંમત હૃદયમાં હોય તો, ગેબી મદદ આવી મળે છે. પણ જ્યાં કાયરપણું હોય છે ત્યાં હથીઆરથી કંઇ વળતું નથી.

૩ વિશ્વમોહિની એજ છે કે મળતાવડા અને શાન્ત સ્વભાવથી વિશ્વને કબજે કરાય ?

૪ નિર્મળ મનુષ્યો બીકને માનતા નથી તેમજ ભુત વિગેરે મલીન ઓળાઓ નજીક આવતા નથી ?

૫ પાત્ર જોઈ દાન કરેલું દાનનું ફળ અવશ્યજ મળે છે પણ કુપાત્રે ગયેલા દાનનું ફળ દુઃખજ મળે છે ?

૬ સંતાનો પર કાબુ રાખવો એ તેમના જીવનને ઉચ્ચ બનાવવાનો મુખ્ય મંત્ર છે. માટે દરેક માબાપે તે ધ્યાનમાં રાખવું ?

૭ ગજા સીવાયની ફાળ ભરવી તે હાથે કરી પગ પર કુહાડી મારવા બરાબર છે, માટે પગ જોઇ ફાળ ભરવી.

૮ દયા એજ ખરૂં ડહાપણુ છે, માટે દરેક પ્રાણી પર દયા રાખવી એ મનુષ્ય ધર્મનું ખરૂં જીવન છે.

૯ કરણી તેવી પાર ઉતરણી એ સુત્ર યાદ રાખી હંમેશા સારી કરણી કરવી, સારી કરણીનું ફળ જતું નથી.

૧૦ વિદ્યાર્થી વિશ્વમાં સર્વ કંઇ મેળવી શકાય છે વિદ્યા વિનાનો માણસ પશુ સમાન છે, માટે વિદ્યા પ્રાપ્ત કરવી.

૧૧ ગરીબ પર દયા, સંત પુરૂષ સાથે પ્રિતિ સત્તા સાથે ડહાપણ, રાજા સાથે ન્યાય, શત્રુ સાથે શુરાતન, વૃદ્ધ માબાપ સાથે ક્ષમા આટલી કળામાં જે પ્રવીણ છે તેજ ખરો મનુષ્ય છે.

૧૨ અહિંસા, સત્ય, ચોરીનો ત્યાગ, પતીવ્રતા, ઇંદ્રીય નિગ્રહ પરોપકાર 'દયા, મનનું દમન, અને ક્ષમા આ નવ ધર્મના મુખ્ય સાધન છે અને મનુષ્ય જન્મની સાફલ્યતા મેળવવાના સુકાન છે.

૧૩ દાન, માન, અપમાન આયુષ્ય, ઘરનું છિદ્ર, પોતાની ગુપ્ત વાત વિદ્યા મંત્ર અને ઔષધ એટલાં વાના છુપા રાખવા એજ ઉત્તમ છે.

૧૪ દુર્જન મિત્ર માટીના ઘડાની પેઠે ન બનતાં તરતજ ગુપ્ત વાત બહાર પાડે છે, પણ સજ્જન મીત્ર સોનાના કળશની માફક હંમેશા ઉજાળ રહે છે, માટે મિત્ર સજ્જન કરવો.

૧૫ જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના સ્વામીની રાહ જુએ, માતા, પુત્રની અને ભુલો પડેલ મુસાફર પથીકની રાહ જુએ છે તેમ દરેક મનુષ્યે ઇશ્વિર ભક્તિની રાહ જોવી જોઇએ.

૧૬ આ સંસારમાં ધનવાન થવા ઇચ્છનારે નીંદ્રા સુસ્તી ભય, ક્રોધ તથા દીર્ઘ સુત્રતા એ દોષોનો ત્યાગ કરવો.

૧૭ ભર દરીએ ડુબતો માણુસ બચવા તણખલાની આશા રાખે પણ મનુષ્યનું દુષ્ટ મન દીન પ્રતિદીન ભવસાગરમાં ડુબકાં મારવા તઇયાર રહે છે, માટે તેને આત્મજ્ઞાનથી સમજાવી તારવું,

૧૮ કામ, અર્થ મોક્ષ અને ધર્મ એ ચારમાંથી એકપણ પુરૂષાર્થ જેણે નથી કર્યો તે આ જગતમાં નકામામાં નકામી ચીજ કે જે બકરીના ગળા તળે લબડતા બે સ્તનના જેવો છે, માટે પુરૂષાર્થ કરવું

૧૯ મોટા માણસો આશ્રીત માણસોના દોષ સામુ કદી જોતા નથી. ચંદ્ર દોષવાળો હોવા છતાં મહાદેવ પોતાના મસ્તકમાં ધારણ કરે છે.

કહયું છે કેઃ—

ગુણ કેડે અવગુણ કરે, એ પાપીની પ્રીતઃ
અવગુણ કેડે ગુણ કરે એજ રૂડાની રીત,
ઓછે નરકે પેટમાં, રહે ન અધિક બાત;
પાવ શેર કે પાત્રમેં કેશે શેર સમાય.

૨૦ દુર્જન અને સર્પ સરખા છે છતાં સર્પ દુર્જનથી સારો કારણ કે સર્પ એક વખત ડસે પણ દુરજન માણુસ ડગલે ડગલે દુઃખ આપે માટે દુરજનથી દુર રહેવું.

૨૧ દુરીજન પારકાની ભુલને ગુન્હો ગણી દોષીત ઠેરવે છે ને પોતાની ભુલ હોવા છતાં સજ્જન બને છે માટે પ્રથમ તેની કસોટી કરવી.

૨૨ ચઢતી પડતી એ મનુષ્યના ધર્મની કસોટી છે માટે ચઢતીમાં કુલાવું નહિ.ને પડતીમાં હિમત હારવી નહિ.

કોઇ દીન મંદીર માળા, કોઇ દીન ધીગતા લાળા,
કોઇ દીન ગાડી ઘોડા, કોઇ દીન લાખંની તોડા
કોઈ દીન અમૃત ભોજન, કોઈ દીન સુકી ભાજી,
કોઇ દીન પળવું પાપે, કોઈ દીન પડતા ધાયે.
કોઇ દીન સુંદર સજ્યા, કોઇ દીન ભુમી સુવું,
કોઇ દીન વિવાહ હોયે, કોઇ દીન રીસે રોવું.
કોઈ દીન રળવું રીઝથી, કોઈ દીન ખોવા દામને,
સંતો કહે હીંમત ન હારીએ, સંભારીએ શ્રી રામને.

૨૩ આવક કરતાં વધુ થતો ખર્ચ દુઃખનો દરવાજો છે માટે પ્રથમ થીજ આવક પ્રમાણે ચાલવું.

૨૪ ઉદ્યમ ધૈર્ય શોર્ય, શક્તિ અને પરાક્રમ એ જ્યાં વસે છે ત્યાં દવા પણ સહાયકારી થાય છે.

૨૫ શરીર નાશવંત છે. વૈભવ એ દુઃખનો દરીયો છે તે સદા ટકતો નથી તેમ મૃત્યુ ખોળામાં છે. એમ જાણી ડાહયો પુરૂષ ધર્મનો ખજાનો એકઠો કરે છે.

૨૬ મિત્ર સજ્જન કોને જાણવો.

દ્વેષ થકી અળગો રહે, ક્ષમા ધરે મન માંય.
અભિમાન અળગુ કરી, પાપ કરે ના કાંય.
બોલે સાચું નિત્ય જે, કરે સજ્જનનો સંગ,
વિદ્વાનો મળવા થકી, ઉરમાં રહે ઉમંગ.
સઉની સાથે સંપથી, વિનય ધરે બહુ પેર,
પર કામે યશ મેળવે, કરે ન કોથી વેર
દયા કરે દીન પરે, રોષ ધરે નહી મન,
નીજ ગુણ મુખથી નવ કહે, રહે સદાયે પ્રસન્ન.
વડીલોને માન દે, રટે હૃદયમાં રામ
સજ્જન તેને જાણવો, કે દુઃખે આવે કામ.

૨૭ જગતમાં ધુતી ખાનાર, ભુવા જોગી જતી અને જોષી એટલા સાથે પ્રસંગ પાડવો નહિ કારણ કે તે ત્રીજા વર્ગના પુરૂષ ગણાય છે.

૨૮ લોભને એ મોતને બોલાવવાની ચાવી છે. માટે લોભ ન કરતાં સંતોષ માનવો.

લોભ પાપનું મુળ છે, નર્ક મુળ અભિમાન;
જો તરવા જગમાં ચહે, તો છોડ લોભ અભિમાન.

૨૯ ઉદાર મનના મોટા માણસની ગોદમાં છુપાવું કારણ કે તે કદી છોડતા નથી. જેને પોતાનો માને છે તેને માથું આપે છે.

૩૦ જગતમા સહેલ વસ્તુ ત્રણ છે.

લીખના, પઢના, ચાતુરી, સબી બાત હે સેલ
(ત્રણ મુશ્કેલ) કામ દહન, મન બસ કરન, ગગન ચઢત મુશ્કેલ.

૩૧ જગતમાં વેર કરાવનાર માત્ર જીભ છે તેજ યષ અને અપયશ કીર્તી કરાવનારી છે. માટે જીભને વશ રાખવી.

તુળસી ઉનકી કોન ગત, બોલત બીન વિચાર ?
કટત પરાઇ આત્મા કહી જીવ્હા તરવાર.

૩૨ બાળપણુમાં વિદ્યા, યુવાવસ્થામાં ધન પ્રાપ્ત ન કર્યું ને વૃદ્ધાવસ્થામાં કિર્તી ન મેળવી તે મરણ આખરે શું કરી શકીશે.

૩૩ જેમ પુષ્પમાં સુગંધ, તલમાં તેલ, લાકડામાં અગ્ની, દુધમાં ઘી, શેરડીમાં ગોળ છે ને જેમ વિવેકથી મેળવી શકાય છે તેમ શરીરમાં રહેલા આત્માને વિવેકથી નીરખવાથી મોક્ષપદ મેળવાય છે.

૩૪ જગતમાં કેટલાંક કામ એવાં છે કે જે તરત કરવાથી ફાયદો થાય છે ને કેટલાક વિચારથી ફાયદો થાય છે. માટે સમજુ માણુસોએ વિચારી કામ કરવું.

૩૫ ગમે તેવી સદગુણી સ્ત્રી હોય તોપણ ડાહ્યા પુરૂષે પોતાના મનની સાચી વાત કહેવી નહિ.

સ્ત્રીના પેટમાં વાત છેક તો, ન રહે છાની;
કરે ઉજ્જડ બધું ગામ, હોય જો મનની માની.
સ્ત્રીને છાની વાત કરે તે, મુરખ માનો;
સ્ત્રીની આગળ છાની વાત કરે તે શાણો શાનો.
સ્ત્રી આગળ છાની વાત તે, જગમાં બધે જાહેર થશે,
માટે કરો ન વાત છાની, નહીતો મસ્તક જુદુ થસે.

૩૬ આપણાથી મોટા સાથે વેર ન કરવું, નાનાથી મશ્કરી ન કરવી તેમજ ઉખડેલ સ્ત્રીથી હસવું નહિ.

૩૭ જગતમાં નામર્દને લાતથી, મુરખને થપડથી ને બળદને નાથથી રાખવાં શ્રેયસ્કર છે.

૩૮ કરજ શતરૂ, અને અગ્નીનો અંશ પણ ન રહેવા દેવો કારણ કે તે વિનાશનાં મુળ છે.

૩૯ વેરરૂપ વૃક્ષનું મોટું મુળ સ્ત્રી ધન અને જમીન છે. માટે ત્રણેનો સંયમ રાખવો એજ મરદાઈ છે.

૪૦ આળસ, સ્ત્રી સેવા, વતન પર પ્રીતિ એ ત્રણે દુર્ગુણો મનુષ્યને નષ્ટ કરનાર છે.

૪૧ અગાઉથી વિચારનાર, વેળાસર ચેતનાર, બંને સુખી થાય છે. પણ પાછળથી વિચાર કરનાર દુઃખ ભોગવે છે.

૪૨ સુખ દુઃખ ચઢતી, પડતી, લાભ, અલાભ, તથા જીવવું મરવું એ સર્વ ક્રમવાર પ્રાપ્ત થાય છે. તેનો ધૈર્યવાન હર્ષ શોક કરતા નથી.

૪૩ જે મનુષ્ય પારકુ ધન હરવામાં પાંગળો, પારકી સ્ત્રી જોવામાં આંધળો તથા પારકી નિંદા કરવામાં મુંગો હોય છે તે આ જગતમાં સર્વને પ્રિય થાય છે.

૪૪ રાજા, વેશ્યા, કાળ, અગ્ની, તસ્કર, બાળક અને યાચક પારકુ દુઃખ જાણતા નથી.

૪૬ માંસ, મદીરા, હિંસા જુગાર, જુઠ, એ દુર્ગુણોથી દરેક દુર રહેવામાંજ સુખ પ્રાપ્તી મેળવી શકાય છે.

૪૬ માણસ કોને જાણવો કે કામ થયા પછી પણ તેનો ઉપકાર ભુલતો નથી.

૪૭ પુરૂષ ગમે તેટલો વિદ્વાન હોય પણ જો તેને વખાણે નહિ ત્યાં સુધી વિદ્વતા નકામી છે.

૪૮ અધિકાર મળવા છતાં જો કોઇના પર ઉપકાર ન કરી શકાયો તો પછી એ કાઢી લેવાથીજ પાછળ રહેલા ધીક્કારનેજ પાત્ર છે.

૪૯ પઇસો રૂપ ને તરસ સુખને, ભીખ મોટાઇને પોતાનાં વખાણુ ગુણને, ચિંતા બળને અને નિર્દયતા ધર્મને હણે છે માટે દુર્ગુણોનો વાશ ન થવા દેવો.

૫૦ જે મનુષ્યને રાગદ્વેષથી અલગ રહી કેવળ સાક્ષીરૂપે રહી જગતને જુએ છે, તેનુંજ જીવન ધન્ય છે ને તેજ અમર છે,

૫૧ વીરતા એ ઉંચામાં ઉંચુ પદ છે ને કંજુસાઇ કરનાર એ ધનવાન છતાં પરાભવ પામે છે.

૫૨ સજ્જન માણુસો ગુણને ઇચ્છે છે રૂપને ધિક્કારે છે.

૫૩ અભિમાન એ દુનીઆમાં ઉંચામાં ઉંચો પર્વત છે. રાવણ પણ અભીમાનરૂપી પર્વત ઉપર ચઢી જવાથીજ લંકા દહન થઇ.

૫૪ રોગીને દવા, થાકેલાને આસન, તરસ્યાને પાણી, ને ભુખ્યાને ભોજન આપવું એજ મોટામાં મોટું પુન્ય છે.

૫૫ જ્યાંસુધી પોતાનો માણુસ સામા માણુસને આપણી વાત કહેતો નથી ત્યાસુધી આપણને નુકશાન થતું નથી. કુહાડાને લાકડાનો હાથો માર્યા સિવાય લાકડાં ફડાતાં નથી.

૫૬ સંશય ટાળનાર, અનર્થને દેખાડનાર શસ્ત્ર માત્ર આંખજ છે. તેને જે નથી ઓળખી શકતો તેજ અંધ છે.

૫૭ ધન, ધાન્ય તથા વિદ્યા મેળવવામાં તેમજ આહાર તથા વ્યવહારમાં જે શરમાય છે તેજ દુઃખ વહોરે છે.

૫૮ જેણે મનુષ્ય જન્મ પામી માબાપની સેવા ન કરી તેને ચંડાળ જાણવો.

૫૯ ચિંતાતુરને સુખ તથા નિંદ્રા, આશાવાદીને સ્નેહી અગર ભાઇ કામાતુરને ભય અને લજ્જા, અને ભુખ્યાને બળ તથા તેજ હોતાં નથી.

૬૦ મુર્ખ ઘોડે મહાલે ને વિદ્વાન પગે ચાલે તેથી મુર્ખ મોટો મનાય નહિ પણ મુર્ખનો સરદાર ગણાય.

૬૧ ઇશ્વર પર ભરૂસો રાખી પોતાના જીવની દરકાર કર્યા વિના ધર્મને મદદ આપનાર વિરલાજ હોય છે.

૬૨ કુ ગામમાં વાસ, કુળહીનની સેવા, ક્રોધ, મુર્ખ સ્ત્રી, કુપુત્ર તથા વિધવા કન્યા એ સર્વે વગર અગ્નિએ શરીરને બાળનારાં છે, માટે દૂર રહેવું.

૬૩ સ્ત્રીનો ભરૂસો ભુલવનાર છે. દશરથને ભુલવનાર કૈકેયી, વચન લઇ દશરથ જેવાને ફસાવ્યા.

૬૪ સમય અનુસરી બોલવું, સામાની પ્રકૃતિ પ્રમાણે વરતી પ્રીય થવું એટલું સમજે તેજ પંડિત છે.

૬૫ જે પુરૂષો પ્રભુ નામમાં આળસુ રહે છે ને ખાવાપીવામાં હોંશિયાર હોય છે તેમને લાખો વાર ધિક્કાર છે.

૬૬ કામ, ક્રોધ, મદ, લોભનો જ્યાં સુધી જેનામાં વાસ હોય છે, ત્યાંસુધી તે વિદ્વાન અને મુર્ખ સરખાજ છે.

૬૭ જે મનુષ્ય પુર્વેના પાપ કર્મથી હરિકથા સાંભળી શકતો નથી. (જઈ શકતો નથી) તે ઘેર ઘેર ફરનાર કુતરાથી પણ દુષ્ટ છે.

૬૮ જેણે ક્રોધ જીત્યો છે તેણે આખું જગત વશ કર્યું છે. ક્રોધને શાન્ત પમાડવાની સૌથી સરસ દવા પાણી છે.

૬૯ સંકટમાં શાન્તતા ધારણ કરવી એ સંસારની કસોટી છે.